gujaratvandan.com

નિડર, નિષ્પક્ષ અને વિશ્વસનીય

# સાપ્તાહિક ગુજરાત વંદન

ગુરૂવાર 16 જૂન 2022

જેઠ વદ-2/3, વિક્રમ સંવત 2078 | કિંમત : રૂા. 5 | વાર્ષિક : રૂા. 250 | વર્ષ : 06 | અંક : 06 | RNI No. GUJGUJ/2016/68288 | કુલ પાનાં : 12



પૂજા હેગડેને ફ્લાઈટમાં માઠો અનુભવ, ઈન્ડિગોએ માફી માગી

પેજ 11

**સુવિચાર**

યોગ્ય નિર્ણય લેવો એ આવડત નથી, નિર્ણય લઈને તેને સાચો સાબિત કરવો આવડત છે...

## 'અગ્નિપથ' યોજના સામે ઉઠી રહ્યા છે સવાલો - ચાર વર્ષ પછી શું ?

# સૈન્ય ભરતી સામે બિહારમાં ટ્રેનો પર પથ્થરમારો, આગજની

### બેરોજગારીની સમસ્યા હલ કરવા કેન્દ્ર સરકારે જાહેર કરી નવી સૈન્ય ભરતી યોજના - અગ્નિપથ

ગુજરાત | વંદન





કેન્દ્ર સરકારે બેરોજગારીની સમસ્યા કંઈક અંશે હલ કરવા અને દેશના સૈન્યમાં જવાનોની તંગીને પહોંચી વળવા ચાર વર્ષ માટેની એક અગ્નીપથ નામની યોજના જાહેર કરી છે. જેમાં 17થી 21 વર્ષ વયના અને ધોરણ 12 પાસ યુવાનોને સૈન્યમાં નોકરી આપવાની જાહેરાત કરી છે. જો કે ચાર વર્ષ આર્મીમાં જવાન તરીકેની નોકરી કર્યા બાદ તેમના ભવિષ્યનું શું ? એવા સવાલોને લઈને વિરોધ શરૂ થયો છે. જેની શરૂઆત જ્યાં જેડીયુ-ભાજપની સંયુક્ત સરકાર છે તે બિહારમાંથી વિરોધી સુર ઉઠ્યા છે. બિહાર બાદ જે રાજ્યોમાંથી સૈન્યમાં સૌથી વધુ ભરતી થાય છે, તે રાજ્યોમાં પણ વિરોધી સુર સંભળાઈ રહ્યા છે. સરકારની આ મહત્વની યોજના બેરોજગાર યુવાનો માટે ખૂબ જ ઉપયોગી અને દેશની સેવા કરવાની એક અમૂલ્ય તક સમાન હોવાનો દાવો થયો છે. પરંતુ ભરતીની વય અને માત્ર ચાર વર્ષ સુધી સૈન્યમાં સેવા લઈને છુટા કરી દેવાની જોગવાઈએ વિરોધી સુર સર્જ્યા છે, કેમકે જે કોઈ યુવાન 18 વર્ષની વયે અગ્નિપથ યોજનામાં પસંદ થયો અને 4 વર્ષ પૂર્ણ કર્યા બાદ 23-24 વર્ષની વયે તેની સેવાઓ સમાપ્ત કરી છુટો કરી દેવામાં આવે તો ત્યારબાદ તેના ભવિષ્યનું શું ? એવા સવાલો પણ યુવાનો અને પરિવાર દ્વારા થઈ રહ્યા છે. સરકારની યોજના ખૂબ જ સારી છે. પરંતુ કેટલીક જોગવાઈઓ લઈને વિવાદ શરૂ થયો છે. બીજી તરફ સૈન્ય બજેટ ઘટાડવા, કે જે હાલમાં ત્રણ લાખ કરોડ છે તેમાં કઈ રીતે ઘટાડો કરી શકાય તેને લઈને પણ પૂર્ણકાલિન જવાનોની ભરતીને બદલે 4 વર્ષના અલ્પકાલિન સેવાનું નવી અગ્નિપથ યોજના સરકાર માટે અગ્નિપથ બની રહે તો નવાઈ નહીં.

સેનામાં ભરતી માટે મોદી સરકારની અગ્નિપથ યોજનાને લઈને બિહારમાં હંગામો થયો છે. આ યોજનાના વિરોધમાં યુવકોએ બક્સરમાં ટ્રેન પર પથ્થરમારો કર્યો છે. તે જ સમયે, મુઝફ્ફરપુરમાં રસ્તાઓ પર હંગામો થયો હોવાના સમાચાર છે. ઘણી જગ્યાએ અરાજકતા ફેલાઈ છે. મળતી માહિતી મુજબ, સવારે લગભગ 9

...અનુસંધાન પાના નં. 06

Open a Free Demat A/c* with mastertrust

**બજાર અપડેટ**

| સેન્સેક્સ | નિફ્ટી |
|---|---|
| 52,541.39 | 15,692.15 |

**ટોપ ગેનર્સ**

| | |
|---|---|
| બજાજ ફિન્સર્વ | +4.17 % |
| તાતા મોટર્સ | +2.21 % |
| હિરો મોટોકોર્પ | +1.87 % |

**ટોપ લુઝર્સ**

| | |
|---|---|
| તાતા સ્ટીલ | -3.67 % |
| ઓએનજીસી | -2.92 % |
| એનટીપીસી | -2.15 % |

mastertrust®
BROKING & INVESTMENTS

| સોનું | ચાંદી |
|---|---|
| 51,430 | 60,000 |

### જ્ઞાન જહાં સે મિલે બટોર લો લેકિન પહલે ટટોલ લો- ફેક ન્યૂઝ સામે કેબીસી અને અમિતાભ મેદાનમાં..

## 2000ની નોટ: મુઠ્ઠીભર મિડિયાનું ઘોર મહાપાપ ઉઘાડુ પડ્યું..!?



નોટબંધીથી ડરેલી 130 કરોડની લાચાર પ્રજાને "2 હજારની નોટમાં ચીપ છે" કહીને ડરાવવાની સાથે મૂર્ખ બનાવી તે પૂરવાર થયું..

ગુજરાત | વંદન

"કૌન બનેગા કરોડપતિ"ના તાજેતરમાં રિલીઝ થયેલા પ્રોમોમાં અમિતાભ બચ્ચન કેબીસીમાં તેમની સામે હોટ સીટ પર એક મહિલા સ્પર્ધકને સવાલ કરી રહ્યા છે- 'કોની પાસે જીપીએસ ટેક્નોલોજી છે?' તેઓ 4 વિકલ્પો પણ આપે છે. 'A ટાઈપરાઈટર, B ટેલિવિઝન, C સેટેલાઈટ, D 2 હજારની નોટ.

સામે બેઠેલી સ્પર્ધક આ પ્રશ્નના જવાબમાં D (ડી) વિકલ્પ એટલે કે 2 હજારની નોટ પસંદ કરે છે. પણ બિગ બી કહે છે કે તમારો આ જવાબ ખોટો છે જો કે સ્પર્ધક તેના પર વિશ્વાસ કરતી નથી. અનેતે કહે છે, 'અરે શું તમે મારી મજાક કરો છે ને?' અમિતાભ કહે છે ના આ મજાક નથી. 2 હજારની નોટમાં કોઈ ચીપ-વીપ નથી, તમારો જવાબ ખોટો છે....!

8 નવે. 2016માં નોટબંધીના પગલે આખા ભારતમાં હાહાકાર મચી ગયો હતો. રાતોરાત દોડાદોડી શરૂ થઈ. બીજા દિવસથી બેંકોની બહાર લાઈનો જ લાઈનો. 500 અને 1000ની જુની નોટો જમા લઈને સરકારે ડોલર જેવી દેખાતી 500ની નવી ચલણી નોટની સાથે પ્રથમવાર બેકી સંખ્યામાં બે હજારની નોટ જાહેર કરી. નોંધનીય છે કે ભારતમાં એક સમયે 5 હજાર અને

...અનુસંધાન પાના નં. 06

## હાજમે કી ગોલી, ત્યોહાર મેં હોલી ઔર બેટિંગ મેં કોહલી, પૂરે ભારત કો પસંદ હૈ...!



જ્યારે ક્રિકેટના મેદાનમાં ભારતના ઓલરાઉન્ડર ક્રિકેટર વિરાટ કોહલીએ 100મી ટેસ્ટ રમી ત્યારે તેમના નિશે અન્ય ક્રિકેટર વીવીએસ લક્ષ્મણે આ મુજબ તેમણે શુભેચ્છા પાઠવી હતી. પરંતુ આજે વિરાટની સ્થિતિ એવી છે કે આઈપીએલની સિઝન 15માં તે ખાસ કાંઈ ઉકાળી શક્યો નથી. કોમેન્ટેટર અને વિવેચકો દ્વારા કોહલીને કહેવામાં આવ્યું કે તું આરામ કર..પરંતુ તે ધરાર મેદાનમાં ઉતરતો રહ્યો અને ચાહકો નિરાશ થતાં ગયા. તસવીરમાં વિરાટ કોહલી પરિવાર સાથે વેકેશન માની રહ્યો છે. માલદિવના દરિયા કિનારે બરમુડા પહેરીને એવી અદામાં બેઠો છે કે જાણે કે ક્યા સે ક્યા હો ગયા.. વો દિન કહા ગયે..અને હવે આગળ ફરી બેટનો ચમત્કાર કઈ રીતે બતાવું..?

## 5G સ્પેક્ટ્રમ હરાજીને કેબિનેટમાં મંજૂરી

ગુજરાત | વંદન



કેન્દ્રીય કેબિનેટે દેશમાં 5G સ્પેક્ટ્રમની હરાજીને મંજૂરી આપી દીધી છે. ટેલિકોમ્યુનિકેશન ડિપાર્ટમેન્ટના પ્રસ્તાવ પ્રમાણે, 72 ગીગા હટ્ર્સના સ્પેક્ટ્રમની આગામી 20 વર્ષ માટે હરાજી કરવામાં આવશે. હરાજીમાં સફળ રહેનારી કંપની એના દ્વારા 5G સર્વિસ આપી શકશે. એની સ્પીડ હાલની 4G સર્વિસ કરતાં 10 ગણી વધારે હશે.

...અનુસંધાન પાના નં. 06

### મોનસૂન સત્રમાં દેશના મહાનુભાવોની થશે ચૂંટણીઓ

## 18 જુલાઈથી સંસદનું ચોમાસુ સત્ર મળશે, એ જ દિવસે રાષ્ટ્રપતિની ચૂંટણી

ગુજરાત | વંદન



ભારતીય સંસદનું મોનસૂન સત્ર શરૂ થવામાં હવે થોડા દિવસો બાકી છે. દેશમાં મોનસૂન સત્ર સાથે જ સંસદનું મોનસૂન સત્ર પણ જુલાઈના ત્રીજા અઠવાડિયાથી એટલે કે 18 જુલાઈથી શરૂ થવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ સત્ર ઓગસ્ટના બીજા અઠવાડિયા સુધી ચાલવાની સંભાવના છે. સરકારી સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર જોકે આ વિશે હજુ સુધી અંતિમ નિર્ણય લેવાનો બાકી છે. અત્રે ઉલ્લેખનીય છે કે સંસદીય બાબતોના મંત્રીમંડળીય સમિતિ વિભિન્ન સત્રો માટે તારીખોની ભલામન કરે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે દેશમાં નવા રાષ્ટ્રપતિ ચૂંટણી 18 જુલાઈએ મતદાન થવાનું છે. આ મહત્વપૂર્ણ ઈવેન્ટને ધ્યાનમાં રાખતાં કેન્દ્ર સરકારે મોનસૂન સત્ર માટે પણ તૈયારીઓ શરૂ

...અનુસંધાન પાના નં. 06

### સેનાએ 13 દિવસમાં લીધો બદલો, સર્ચ ઓપરેશન જારી

## કાશ્મીરમાં બૅન્ક મેનેજરની હત્યા કરનાર લશ્કરના બે આતંકી ઠાર



ગુજરાત | વંદન

કાશ્મીરમાં તાજેતરના ટાર્ગેટ કિલિંગ દરમિયાન એક બેંક મેનેજરની હત્યા કરનાર આતંકવાદી સહિત લશ્કર-એ-તૈયબાના બે આતંકવાદીઓને મંગળવારે મોડી રાત્રે એક એન્કાઉન્ટર દરમિયાન સુરક્ષા દળોએ શોપિયાંમાં ઠાર માર્યા હતા. જમ્મુ-કશ્મીર પોલીસે આ અંગે માહિતી આપી હતી.કાશ્મીર ઝોનની પોલીસે ટ્વિટ કરીને કહ્યું કે માર્યા ગયેલા બંને આતંકવાદીઓ લશ્કર સાથે સંકળાયેલા છે અને તેમની ઓળખ કરવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે આ ઓપરેશન જમ્મુ-કાશ્મીર પોલીસ અને સેનાના સંયુક્ત ઓપરેશન હેઠળ કરવામાં

...અનુસંધાન પાના નં. 06

### શ્રીલંકા: અદાણીના મામલે મોદીનુ નામ લેનાર ચેરમેનનુ રાજીનામું

ગુજરાત | વંદન

શ્રીલંકામાં અદાણી ગ્રૂપના પ્રોજેક્ટ્સ અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આરોપ લગાવનાર શ્રીલંકાના સિલોન ઈલેક્ટ્રીસિટી બોર્ડના ચેરમેને રાજીનામું આપી દીધું છે.

નોઘનીય છે કે MMC ફર્ડિનાન્ડોએ સંસદીય સમિતિ સમક્ષ એવો દાવો કર્યો હતો કે PM મોદીએ શ્રીલંકાના પ્રમુખ ગોટાબાયા રાજપક્ષે પર શ્રીલંકામાં અદાણી જૂથના પ્રોજેક્ટને મંજૂરી આપવા માટે "દબાણ" કર્યું હતું.

...અનુસંધાન પાના નં. 06

KAAVYARATNA™ GROUP
Crafting Landmarks



શાંતિ, સમૃદ્ધિ અને પ્રગતિના રંગે, 2,100થી વધુ ખુશહાલ પરિવારના સંગે

સૃષ્ટિ BY KAAVYARATNA
2 & 3 BHK BLISSFULL LIVING
NR. PDPU CROSS ROAD, GANDHINAGAR
RERA: RAA09353/221121

SPIRITUAL LIVING Sanskruti BY KAAVYARATNA
2, 3 & 4 BHK SPIRITUAL LIVING
GIFT CITY ROAD, GANDHINAGAR
RERA: MAA07224/210620

NAKSHATRA BY KAAVYARATNA
FOR THOSE WHO AIM FOR THE STARS
SHOWROOMS & OFFICES
SARGASAN CROSS ROAD, GANDHINAGAR
RERA: CAA06841/050320

PALATIAL VERTICAL LIVING THE BOUGAINVILLEA BY KAAVYARATNA
4 BHK DUPLEX VERTICAL VILLA
GIFT CITY ROAD, GANDHINAGAR
RERA: RN29AA09929/170522

90999 19068, 90999 19027 | www.gujrera.gujarat.gov.in | kaavyaratna.com

# અડાલજમાં દંપતીનો કેસ હજુ રહસ્ય, વિકૃત હાલતમાં બે કંકાલ મળ્યા હતા

■ હજુ સુધી પોલીસના હાથમાં કોઈ પુરાવા આવ્યા નથી, ઓનર કિલિંગની શંકા

ગુજરાત | વંદન

અડાલજમાં દંપતીના હત્યા કેસમાં પોલીસ ઊંડી તપાસ કરી રહી છે પરંતુ હજુ સુધી આરોપીઓ સુધી પહોંચવાનું પગેરું મળ્યું નથી. હવે આ કેસમાં ગાંધીનગરની પોલીસ ઓનર કિલિંગ (પરિવારના સભ્યોએ જ હત્યા કરી હોય તે)ના એંગલ પર પણ તપાસ કરી રહી છે. અડાલજમાં નર્મદા કેનાલ પાસેથી મહિલા અને પુરુષનું સળગેલી હાલતમાં હાડપિંજર મળી આવ્યું હતું. દંપતી ગુમ થયાની કોઈ ફરિયાદ નોંધાઈ છે કે કેમ તેવી તપાસની સાથે 8,000 કેસનો અભ્યાસ કરી રહી છે કે જેમાંથી આ કેસને આગળ વધારવામાં કોઈ મદદ મળી શકે.

પોલીસ માટે પણ આ કેસ એક કોયડો બની ગયો છે કે જેમાં સળગેલી હાલતમાં દંપતી મળ્યા પછી તેના સગા કોણ છે? અહીં તેમને કોણ લાવ્યું? આ હત્યા પાછળ કોનો હાથ છે? દંપતીને અહીં કઈ રીતે લાવવામાં આવ્યું? જેવા અનેક સવાલો થઈ રહ્યા છે. અડધી બળેલી લાશના હાથમાં રહેલી ચાંદીની તથા ખોટા સોનાની વીંટી તથા જીન્સ પેન્ટનું લેબલ અને પુરુષના અંડર ગાર્મેન્ટનો ઉપરનો ભાગ મળી આવ્યા છે.



હત્યા દરમિયાન મૃતક મહિલાએ સાડી પહેરવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કારણ કે અહીંથી બ્લાઉસના હુક પણ મળી આવ્યા છે. બસ આ બળેલા પુરાવાના આધારે પોલીસ આરોપીઓ સુધી પહોંચવા માટે પ્રયાસો કરી રહી છે. પરંતુ હજુ સુધી પોલીસના હાથમાં કોઈ નક્કર પુરાવા કે કેસને આગળ વધારી શકાય તેવા સુરાગ મળ્યા નથી. ઘટનાની તપાસ માટે હજારો ફોન નંબરોની પણ તપાસ કરવામાં આવી છે.

એક પોલીસ અધિકારીએ આ અંગે જણાવ્યું છે કે, "અમે ગુમ થયા અંગે અને અપહરણની ફરિયાદોની તપાસ કરી રહ્યા છીએ, જોકે, અમને મૃતકો અંગે હજુ સુધી કોઈ પગેરું મળ્યું નથી." અધિકારીનું માનવું છે કે આ ઓનર કિલિંગનો કેસ હોવાની પ્રબળ સંભાવના છે. તેમણે જણાવ્યું કે, "તપાસ દરમિયાન ગાંધીનગર, અમદાવાદ શહેર, અમદાવાદ જિલ્લો, ખેડા જિલ્લો, સાબરકાંઠા જિલ્લો અને મહેસાણાના 136 પોલીસ સ્ટેશનમાં પાછલા 6 મહિનામાં નોંદાયેલા ગુમ થયાની અને અપહરણની ઘટના સંબંધિત કેસોની તપાસ કરવામાં આવી છે. હવે એક વર્ષ જૂના કેસની તપાસ કરવામાં આવશે. પોલીસે કહ્યું કે આ કેસમાં ગુજરાત પર ફોકસ કરશે." અધિકારીએ કહ્યું કે, "એવું લાગે છે કે હત્યારો કે હત્યારા આ જગ્યાથી પરિચિત હતા, જે જગ્યા તેમણે બન્નેને મારવા માટે પસંદ કરી હતી. દંપતીને મારવા માટે બોથડ વસ્તુ દ્વારા તેમના માથામાં પ્રહાર કરવામાં આવ્યા અને પછી પુરાવાનો નાશ કરવા માટે બન્નેના મૃતદેહોને સળગાવી દેવામાં આવ્યા હતા." અડાલજની નર્મદા કેનાલવાળી જગ્યા સુમસામ હોવાથી પોલીસને કોઈ નજરે જોનાર સાક્ષી મળ્યા નથી. પાછો આ વિસ્તાર CCTVની હેઠળનો નથી. પોલીસે અગાઉ લગભગ 5,000 પત્રિકાઓ છાપી હતી જેમાં પીડિતના સામાનના ચિત્રો દર્શાવવામાં આવ્યા હતા, જેથી તેમને ઓળખવામાં મદદ મળી શકે અને તેમના પરિવાર સુધી પહોંચી શકાય. આ પત્રિકાઓને ST બસો, જાહેર સ્થલો જેમ કે બસ સ્ટેન્ડ, બગીચા, રેલવે સ્ટેશન અને દુકાનો પર લગાવવામાં આવ્યા છે. પરંતુ હજુ સુધી આ કેસમાં પોલીસને કોઈ કડી મળી નથી.

# ગાંધીનગરના અનેક પેટ્રોલપંપ ઉપર ઈંધણનો પુરવઠો ખલાસ

■ જોકે ઈન્ડિયન ઓઈલના ડીલરો દ્વારા પંપ ચાલુ રાખવામાં આવ્યા હતા

ગુજરાત | વંદન

ઇંધણનો પુરવઠો સમયસર નહીં પહોંચવાને કારણે ગાંધીનગરના કેટલાક પેટ્રોલ પંપમાં સોમવારે રજા રાખવાની ફરજ પડી હતી. જોકે ઈન્ડિયન ઓઈલના ડીલરો દ્વારા પોતાના પેટ્રોલ પંપ ચાલુ રાખવામાં આવ્યા હતા.

ગાંધીનગરમાં પેટ્રોલિયમ પેદાશોનો જથ્થો ઘટી જવાને કારણે કેટલાક પેટ્રોલ પંપે વેચાણ બંધ કરવાની આવશ્યકતા ઊભી થવા પામી હતી જો કે ઘ - ૨, સેક્ટર -૨૩ સહિત કેટલાક પેટ્રોલ પંપ ઉપર ઇંધણનો સ્ટોક હોવાના કારણે પેટ્રોલ-ડીઝલનું વેચાણ ચાલુ રહેવા પામ્યું હતું. સોમવારે મોડીસાંજે સેક્ટર - 23 ના પેટ્રોલ પંપ ખાતે તકનિકી ખામી સર્જાતા બજરંગ પેટ્રોલ પંપ ને પણ એક તબક્કે કેટલોક સમય માટે બંધ કરવો પડ્યો હતો.



ભારત પેટ્રોલિયમ, રિલાયન્સ, એચ પી સી એલ, એસ્સાર પાસેથી ઈંધણ ખરીદતા પેટ્રોલ પંપ સુધી પુરવઠો નહીં પહોંચવાને કારણે વેચાણ બંધ રાખવાની ફરજ પડી હતી. જેના પરિણામે પેટ્રોલ પંપ ઉપર ઈંધણ પુરાવવા આવેલા વાહનચાલકોને હાડમારીનો સામનો કરવો પડ્યો હતો. ઘ -૨ સહિત જ્યાં ઈંધણ ઉપલબ્ધ હતું તેવા પેટ્રોલ પંપો ઉપર વાહનોનો ખડકલો જોવા મળ્યો હતો.

## ગાંધીનગર યુવા ભાજપ દ્વારા વિકાસ તીર્થ તિરંગા યાત્રા



ગાંધીનગર ભારતીય જનતા પક્ષના યુવા મોરચા દ્વારા વિકાસ તીર્થ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. મહાત્મા મંદિરથી પ્રારંભ થયેલી આ તિરંગા યાત્રા શહેરના વિવિધ વિસ્તારોમાં ફરી હતી. હા વિકાસ તીર્થ તિરંગા યાત્રા માં ગાંધીનગરના મેયર હિતેશ મકવાણા, ભારતીય જનતા પક્ષ યુવા મોરચાના અધ્યક્ષ યુવરાજસિંહ, મહામંત્રી ધર્મેન્દ્રસિંહ, ગાંધીનગર ભાજપ મહાનગરના અધ્યક્ષ રૂચિર ભટ્ટ સહિત ભાજપનાં હોદ્દેદારો અને કાર્યકરોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

ખોટી માહિતી આપવા બદલ યુવક સામે સેક્ટર 7 પોલીસ મથકમાં ગુનો નોંધાયો

## પરણીત યુવકે અપરણિત બતાવી લગ્ન કરી લેતા ફરિયાદ

ગુજરાત | વંદન

સુરેન્દ્રનગરનો યુવક પરણિત હોવા છતા બીજા પ્રેમલગ્ન કર્યા હતા. પાટનગરના સેક્ટર 11 સ્થિત મેરેજ પોઈન્ટમા લગ્ન કરી મહાપાલિકાની કચેરીમાં પ્રમાણપત્ર લેવા માટે ફોર્મ ભર્યુ હતુ. જેમાં પરણિતની કોલમમાં અપરણિત બતાવી સરકારી કર્મચારીને ખોટી માહિતી આપવા બદલ સેક્ટર 7 પોલીસ મથકમાં યુવક સામે ગુનો નોંધવામા આવ્યો હતો. મળતી માહિતી મુજબ ગીરીશકુમાર લક્ષ્મીશંકર જોશી (રહે, પાટણ સીલીકોન સોસાયટી. મૂળ રહે, દસાડા, દરબારવાસ નજીક) લગ્ન કર્યા હોવા છતા મહેસાણાના અંબાસણમા રહેતી 22 વર્ષિય શિવાની સાથે ગાંધીનગર શહેરના સેક્ટર 11માં આવેલી ગણેશ મેરેજ પોઈન્ટમાં લગ્ન કર્યા હતા. લગ્નનુ પ્રમાણપત્ર ગાંધીનગર મહાપાલિકામાંથી મેળવ્યુ હતુ. પરંતુ લગ્નનુ પ્રમાણપત્ર મેળવવા માટે ફોર્મ ભરવાનુ હોય છે. જેમા પરણિત અને અપરણિતની કોલમ આપવામાં આવી હોય છે. ત્યારે આ પ્રમાણપત્રમાં પરણિતની કોલમમા અપરણિત બતાવ્યુ હતુ. બનાવટી દસ્તાવેજ બનાવી રાજ્ય સેવક સમક્ષ ખોટી માહિતી અને પુરાવો બનાવી ખરા તરીકે ઉપયોગ કરતા સેક્ટર 7 પોલીસ મથકમા ગુનો નોંધાયો હતો.

## સરકારે ભરતસિંહ સોલંકીને ગનમેન સાથે ફૂલ ટાઈમ સુરક્ષા આપી

ગુજરાત | વંદન

કોંગ્રેસ નેતા ભરતસિંહ સોલંકી છેલ્લા થોડા દિવસોથી સતત ચર્ચામાં રહ્યા છે. તાજેતરમાં પારિવારિક કલેશને કારણે તેઓ ચર્ચામાં આવ્યા છે. હવે સમાચાર પ્રાપ્ત થયા છે કે ગુજરાત સરકાર તરફથી ભરતસિંહ સોલંકીને 24 કલાક સુરક્ષા આપવામાં આવી છે. વીડિયો વિવાદ બાદ ભરતસિંહે પોતાના પર હુમલો થવાની આશંકા વ્યક્ત કરી હતી. જે બાદમાં સરકારે તેમને ફૂલ ટાઈમ એક ગનમેન સાથે સુરક્ષા આપી છે. ઉલ્લેખનીય છે કે વીડિયો વિવાદ બાદ ભરતસિંહ સોલંકીએ થોડા સમય માટે સક્રિય રાજકારણમાંથી બ્રેક લેવાની જાહેરાત કરી હતી. હવે આગામી સમયમાં ભરતસિંહ સોલંકી સામાજિક સંમેલનો યોજશે. ત્રીજી જૂનના રોજ કૉંગ્રેસના દિગ્ગજ નેતા અને પૂર્વ પ્રદેશ કૉંગ્રેસ અધ્યક્ષ ભરતસિંહ સોલંકીએ મીડિયા સમક્ષ આવીને પોતાની પત્ની સાથે ચાલી રહેલા વિવાદ મામલે અનેક ખુલાસા કર્યાં હતા. ભરતસિંહ પ્રેસ કોન્ફરન્સમાં પત્ની રેશ્મા પટેલ વિરુદ્ધ અનેક આક્ષેપ કર્યાં હતા. તેમના કહેવા પ્રમાણે તેમની લગ્નના 15 વર્ષ સુધી તેમણે બાંધી મુઠ્ઠી રાખી હતી. આ પ્રસંગે ભરતસિંહે એવો પણ આક્ષેપ કર્યો છે કે, પત્નીએ તેમને મારી નાકવા માટે દોરા-ધાગ પણ કર્યાં છે.



પૂર્વ મેયરના પતિની બિલ્ડિંગના બાંધકામ દરમિયાન 2018માં ઘટના બની હતી

## બાંધકામ સાઈટ પર મોત કેસ મામલે રૂપિયા 13.79 લાખ ચૂકવવા આદેશ

ગુજરાત | વંદન

સેક્ટર-11 ખાતે બાંધકામ સાઈટ પર ભેખડ ધસી પડતાં યુવકના મોતના કિસ્સામાં બિલ્ડરને પેનલ્ટી સહિત 14 લાખ જેટલું વળતર ચુકવવા આદેશ થયો છે. પૂર્વ મેયરના પતિ તથા જે. કે. ઈન્ફ્રાના વહીવટકર્તા કેતન પટેલને આ વળતર ચુકવવા લેબર કોર્ટે આદેશ કર્યો છે. સેક્ટર-11 સુમન ટાવરની બાજુમાં જે. કે. ઈન્ફ્રા દ્વારા સ્કાય લાઈન બિલ્ડિંગનું કામકામ 2018માં શરૂ કરાયું હતું. 23 જુન 2018ના રોજ રાત્રે 10 વાગ્યાના સુમારે બેઝમેન્ટની ખોદકામ વખતે અહીં ભેખડ ધસી પડી હતી. જેમાં જિગ્નેશ અને સચીન નામના બે શ્રમિકો દટાયા હતા. જેને તાત્કાલિક પહોંચેલી ફાયર બ્રિગેડે ભારે જહેમતથી બહાર કાઢીને સિવિલ ખસેડ્યા હતા. જોકે તે પહેલાં જિગ્નેશ ભરતભાઈ મછારનું મોત થઈ ગયું હતું.

જે અંગે પહેલાં અકસ્માતે મોતની નોંધ અન તે બાદ સાપરાધ મનુષ્ય વધ અને એટ્રોસિટી એક્ટ હેઠળ સેક્ટર-7 પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થયો હતો. 17 વર્ષના યુવકના મોત બાદ બિલ્ડર દ્વારા વળતર ન ચુકવાતા સમગ્ર મામલો લેબર કોર્ટમાં પહોંચ્યો હતો. જે અંગે કોર્ટે મૃત્ય અન્વયે 9,19,960 રૂપિયા વળતર અને 4,59,980 પેનલ્ટી ચુકવવા ઠરાવ્યું હતું. આ રીતે આ કેસમાં મૃતકના વારસદારને વળતર તરીકે 13.79 લાખની રકમ ચુકવવા માટે લેબર કોર્ટ દ્વારા આદેશ થયો છે.

## આખરે નરેશ પટેલની મુદતો ખત્મ, આજે જાહેરાત, પી.કે. પણ સંબોધશે

ગુજરાત | વંદન

ગુજરાતના રાજકારણમાં જે પાટીદાર નેતાના મામલે તારીખ પે તારીખ..ની જેમ મુદતો પડતી હતી તે ખોડલધામના પ્રણેતા નરેશ પટેલે આખરે કોઇ નિર્ણય કર્યો છે અને તે મુદ્દે આજે પત્રકાર પરિષદમાં પોતાનું ભાવિ નિર્ણયની જાહેરાત કરશે. તેમની જાહેરાત પર ભાજપ-કોંગ્રેસ અને આપ પાર્ટી સહિત સમસ્ત પાટીદાર સમુદાયની નજર રહેલી છે. તેમની સાથે ચૂંટણી મનિતિકાર પ્રશાંત કિશોર પત્રકાર પરિષદમાં ઓનલાઈન જોડાશે. નરેશ પટેલ 16 જૂનના રોજ મોટો ધડાકો કરે તેવી અટકળોની વચ્ચે તેઓ કયા પક્ષમાં જોડાશે અથવા પ્રશાંત કિશોરની જેમ કોઇ લોકમંચની રચના કરીને ચૂંટણીમાં ઝંપલાવવાની જાહેરાત કરે છે કે એવી અટકળોને વેગ મળી રહ્યું છે.

## એકસો ટન કચરાને એક ટન રાખમાં રૂપાંતરિત કરતી અદ્યતન પ્લાઝ્મા સિસ્ટમ ગાંધીનગરમાં શરૂ કરવા વિચારણા

■ ગાંધીનગર મનપા દ્વારા એકત્ર થતા કચરાનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવાનું આયોજન

ગુજરાત | વંદન

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા વેસ્ટ ડિસ્પોઝેબલ સ્કીમ માટે આગવું આયોજન હાથ ધરવામાં આવી રહ્યું છે. જે અનુસાર પાટનગર અને આસપાસના વિસ્તારમાંથી એકત્ર થતા કચરાનો પોલ્યુશન ફ્રી સિસ્ટમ દ્વારા નિકાલ કરવામાં આવશે. પ્લાઝમા ટેકનોલોજીથી સંચાલિત આ સિસ્ટમને કારણે ધુમાડા અને પ્રદૂષણની સમસ્યાનું નિવારણ થવા ઉપરાંત વીજળીની પણ મહત્તમ બચત થશે.


ગાંધીનગર મનપાના પી.આર.ઓ. યાજ્ઞિક ઠેશિયાએ જણાવ્યું હતું કે, ગાંધીનગરમાં કચરો એકત્ર કર્યા બાદ તેના નિકાલ માટેની સમસ્યા માથાના દુખાવારૂપ બની રહી છે. ડમ્પીંગ સાઈટ ઉપર ઊભા થતાં પ્રશ્નો અને દુર્ગંધ સહિત પ્રદુષણના પ્રશ્નનો યોગ્ય ઉકેલ લાવવા માટે લાંબા સમયથી વિચારણા ચાલી રહી છે. તેમ છતાં શહેરમાંથી એકત્ર થતાં ટનબંધ કચરાનો યોગ્ય નિકાલ કરવામાં અને પ્રદૂષણ ફેલાવા ન પામે તેની કાળજી રાખવામાં હજુ અમો પૂરી રીતે સફળ થઈ શક્યા નથી. જો કે, આગામી સમયમાં આ સમસ્યાનું યોગ્ય નિરાકરણ આવે એવી આશા ઉજ્જવળ બની હોવાનું જણાવતા યાજ્ઞિક ઠેશિયાએ ઉમેર્યું હતું કે, ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાંથી આવતા કચરા ઉપરાંત ગુડા વિસ્તારના ગામડાઓમાં ઉદભવી રહેલી કચરાની સમસ્યાનો પણ યોગ્ય ઉકેલ હવે શક્ય બનવાના એંધાણ વર્તાઇ રહ્યા છે. જેના માટે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા એક ખાસ પ્રકારનું મશીન લાવવા બાબતે વિચારણા ચાલી રહી છે. આ મશીનમાં એકસો ટન જેટલા કચરાનું માત્ર એક ટન જેટલી રાખમાં રૂપાંતર થઈ જશે. પ્લાઝમા ટેકનોલોજીથી સજ્જ આ મશીનમાં ઈલેક્ટ્રિસિટીનો ઉપયોગ ન્યૂનતમ થાય છે. એટલું જ નહીં મશીનમાં આવશ્યક ઈંધણ માટે આસપાસના વાતાવરણમાંથી ઊર્જા મેળવીને તેનું ઇંધણમાં, મશીન પોતે જ રૂપાંતર કરી લેશે. ઉર્જા કન્વર્ટર દ્વારા ચાલનારા અદ્યતન મશીનની ગેસીફાયર સિસ્ટમને કારણે વાતાવરણમાં ધુમાડો કે પ્રદૂષણ ફેલાવાની સંભાવના નહીંવત રહેશે.

## શ્રમિકો માટે 10ની થાળી હવે રૂ.5માં ફરી શરૂ કરાશે

કોરોનાને કારણે 2 વર્ષ માટે બંધ રખાઈ હતી

ગુજરાત | વંદન

રાજ્ય સરકાર વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને કોરોનાકાળ દરમિયાન બંધ કરાયેલી વિવિધ યોજનાઓને ફરી શરૂ કરી છે ત્યારે અગાઉ પ્રથમ વખત 17 જુલાઈ, 2017માં વિધાનસભાની ચૂંટણી પહેલા શરૂ કરાયેલી અન્નપૂર્ણા યોજના ફરી આ વખતે પણ વર્ષ 2022ની વિધાનસભાની ચૂંટણી પહેલા શરૂ કરશે તેવું સત્તાવાર સૂત્રોએ જણાવ્યું છે. નવી યોજનામાં રૂ. 10ની થાળી રૂ. 5માં અપાશે તેમ પણ પ્રાથમિક તબક્કે નક્કી થયું છે. આ યોજના મંત્રી બ્રિજેશ મેરજાની મંજૂરીની રાહ જોઈ રહી છે. અન્નપૂર્ણા યોજનામાં અસંગઠિત ક્ષેત્રના કામદારોને બપોરે નજીવા દરે જમવાનું મળે તેવી વ્યવસ્થા કરાઈ છે. આ માટે મજૂરો જ્યાં એકઠા થતા હોય તેવા સ્થળે જુદા જુદા અન્નપૂર્ણા રથ દ્વારા કામદારોને ભોજન પૂરું પડાય છે. કડિયાનાકા કે શ્રમિકો જ્યાં એકઠા થાય છે તે વિસ્તારમાં રથ ઊભા રખાય છે, જેથી કામદારોને સરળતાથી ભોજન મળી રહે. રાજ્યમાં 67 લાખ અસંગઠિત ક્ષેત્રના મજૂરો છે. મજદૂરો માટે રૂ.5માં થાળી તૈયાર કરાઈ છે, જેમાં રોટલી, કઠોળ, શાક, ગોળ, અથાણું, ખીચડી સહિતની વાનગી અપાશે. ઉપરાંત અઠવાડિયામાં એક વખત મિષ્ટાન આપવા પણ પ્રયાસ થઈ રહ્યો છે.




નિર્ણય કોર્પોરેશન ભ્રષ્ટ સાત એજન્સીને બ્લેક લિસ્ટ કરશે

## ગાંધીનગર મનપાની સ્થાયી સમિતિની બેઠકમાં 16 દરખાસ્તને મંજૂરી

ગુજરાત | વંદન

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં કેટલાંક મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જશવંત પટેલની અધ્યક્ષતામાં મળેલી સ્થાયી સમિતિની બેઠકમાં કુલ 17 પૈકી 16 દરખાસ્તને મંજૂરી આપવામાં આવી છે. જ્યારે એક દરખાસ્ત સ્કેપ કરવામાં આવ્યો છે. સાથે જ બેઠકમાં 7 કંપનીઓને મહાનગરપાલિકામાં આજીવન બ્લેકલિસ્ટ કરવાની ભલામણનો સૌથી અગત્યનો નિર્ણય પણ કરવામાં આવ્યો હતો. જેમાં રૂદ્ર એન્ટરપ્રાઇઝ, પવિત્રા સોલ્યુશન, માનવ એન્ટરપ્રાઇઝ, ગણેશ કોર્પોરેશન, એલ. એમ ટ્રેડિંગ, માજી ગૃપ અને મિનાક્ષી એન્ટરપ્રાઇઝનો સમાવેશ કરવામાં આવ્યો છે. ભ્રષ્ટાચારના આરોપમાં સંડોવાયેલી શંકાસ્પદ કંપનીઓ સામે શિક્ષાત્મક પગલા ભરવા માટે સ્ટેન્ડિંગ સમિતિનાં ચેરમેન જશવંત પટેલે સૂચના આપી છે. આ અંગે તેમણે જણાવ્યું હતું કે, મહાનગરપાલિકાની તિજોરી પર કોઈની તરાપ નહી પડવા દઈએ. ભ્રષ્ટાચાર ક્યારેય પણ નહી સાંખી લેવાય. જે પણ લોકો આ ગેરરીતિમાં સામેલ હશે તેમની સામે આકરા પગલા લેવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, સ્ટોર શાખા દ્વારા કરવામાં આવેલી ખરીદીમાં થતા ભ્રષ્ટાચારને ચેરમેન જશવંત પટેલ દ્વારા ઉજાગર કરવામાં આવ્યો હતો. ત્યારે હવે આ મામલે ચેરમેન જશવંત પટેલે જણાવ્યું છે કે, જ્યા સુધી અમે ત્રણેય પદાધિકારી મહાનગરપાલિકામાં છીએ ત્યા સુધી મહાનગરપાલિકાની તિજોરી પર કોઈની ખરાબ નજર નહી પડવા દઈએ. જરૂર પડ્યે પોલીસ ફરિયાદ પણ દાખલ કરીશું અને ભ્રષ્ટ એજન્સીઓને કાયમી પ્રતિબંધિત કરીશું.

ગ્રાઉન્ડ ફ્લોર વત્તા 33 ફ્લોર ધરાવતી બિલ્ડિંગમાં 5 BHKના એપાર્ટમેન્ટ હશે

## અમદાવાદના શેલા એરિયામાં 34 માળની સૌથી ઉંચી રેસિડેન્શિયલ બિલ્ડિંગ બનશે

### ગ્રાઉન્ડ ફ્લોર પ્લસ 32 ફ્લોર ધરાવતી બે બિલ્ડિંગમાં 4 BHKના લક્ઝરી એપાર્ટમેન્ટ હશે

ગુજરાત | વંદન

અમદાવાદમાં મ્યુનિસિપલ કોર્પોરેશનના વિસ્તારોમાં 100થી 150 મીટરની ઉંચાઈના ટાવર્સને મંજૂરી મળ્યા પછી હવે ઔડા હેઠળના વિસ્તારોમાં પણ ગગનચુંબી ઈમારતો બનવાની છે. સૂત્રોએ જણાવ્યા પ્રમાણે ઔડા હેઠળના શેલા એરિયાની એક સ્કીમમાં 34 માળના ત્રણ રેસિડેન્શિયલ ટાવરની દરખાસ્ત કરવામાં આવી છે. તેમાંથી બે ટાવરમાં ગ્રાઉન્ડ ફ્લોર વત્તા 32 ફ્લોર હશે જ્યારે એક ટાવરમાં ગ્રાઉન્ડ ફ્લોર વત્તા 33 ફ્લોર હશે.

આ ટાવર રેસિડેન્શિયલ પ્રોજેક્ટ સ્કાય સિટી ટાઉનશિપમાં બનશે જેની માલિકી ગોયલ અને એચ એન સફલ ગ્રૂપની છે. આ હિલચાલથી વાકેફ સૂત્રોએ જણાવ્યું કે આ ત્રણ ટાવરમાં સંયુક્ત રીતે મળીને કુલ 340થી 350 યુનિટ હશે. આ બિલ્ડિંગની ઉંચાઈ 100થી 120 મીટર હશે.

ગ્રાઉન્ડ ફ્લોર પ્લસ 32 ફ્લોર ધરાવતી બે બિલ્ડિંગમાં 4 BHKના લક્ઝરી એપાર્ટમેન્ટ હશે જ્યારે ગ્રાઉન્ડ ફ્લોર વત્તા 33 ફ્લોર ધરાવતી બિલ્ડિંગમાં 5 BHKના એપાર્ટમેન્ટ હશે.

કંપનીના સૂત્રોએ જણાવ્યા અનુસાર આ પ્રોજેક્ટમાં કુલ 16 લાખ ચોરસ ફુટનું બાંધકામ થશે અને તેમાં 20 હજાર ચોરસ વારના એરિયામાં ક્લબ હાઉસ, જિમ,



ગાર્ડન સહિતની સુવિધાઓ હશે. આખા પ્રોજેક્ટની વેલ્યૂ લગભગ 800 કરોડ હશે જેનો ભાવ ચોરસ મીટર દીઠ 5500 રૂપિયા રહેશે. કંપની સ્કાયસિટી ટાઉનશિપમાં અન્ય પાંચ બિલ્ડિંગ પ્રોજેક્ટ પણ લાવવાનું વિચારે છે જેની ઉંચાઈ 100 મીટરથી વધારે હશે તથા વધુ એક કરોડ ચોરસ ફૂટ એરિયા ડેવલપ કરશે.

HN Safal Groupના ડિરેક્ટર ઉદય વોરાએ જણાવ્યું કે, "અમે સ્કાય સિટીના રેસિડેન્શિયલ સેગમેન્ટમાં આઈકોનિક ટાવર બનાવવાના છીએ. આ ઉપરાંત અમે SG હાઈવે અને સિંધુ ભવન રોડના કોર્નર પર 6100 ચોરસ વારમાં 25 માળની એક ઈમારતનું બાંધકામ કરવાના છીએ." Goyal અને HN Safal ગ્રૂપ બંનેએ SG Highway પર 42 માળની બિલ્ડિંગ બાંધવાનો પ્રસ્તાવ મુક્યો છે.

આ માટે ગુજરાત સરકારના શહેરી વિકાસ મંત્રાલયની સ્પેશિયલ કમિટિની મંજૂરીની રાહ જોવાય છે. તેવી જ રીતે શેલામાં આકાર લેનારા ટાવર માટે પણ સ્પેશિયલ કમિટીની મંજૂરી લેવાની રહેશે.

સામેના વ્યક્તિએ 20 રૂપિયાનું ટ્રાન્ઝેક્શન કરવાનું કહી ઠગાઈ આચરી

## નારણપુરામાં વૃધ્ધાના ખાતામાંથી મોબાઈલ સિમ કાર્ડ ઈકેવાયસીના નામે 2.48 લાખની ઠગાઈ

ગુજરાત | વંદન

નારણપુરા વિસ્તારમાં રહેતા કન્સલ્ટંસીનું કામ કરતા વૃધ્ધાનું કાર્ડ ઈકેવાયસી કરવા માટે 20 રુપિયા એક એપ્લિકેશનમાં ટ્રાન્સફર કરવાનું કહ્યું હતુ. તેમના ખાતામાંથી રુપિયા ટ્રાન્સફર ન થતાં આખરે તેમની પત્નીએ 20 રુપિયા ટ્રાન્સફર કર્યા હતા. તેના બાદ તેમના ખાતામાંથી 2.48 લાખ ટ્રાન્સફર થઇ ગયા હતા. આ અંગે ગુજરાત યુનિવર્સિટી પોલીસે ગુનો નોધી તપાસ હાથ ધરી છે.

નારણપુરા વિસ્તારમાં આવેલા અભિયાન એપાર્ટમેન્ટમાં નલીનભાઈ પટેલ પરિવાર સાથે રહે છે અને ઘરેથી એકાઉન્ટ કન્સલ્ટંસીનુ કામ કરે છે. ગત મે મહિનામાં મોબાઈલ પર




મેસેજ આવ્યો હતો કે, વોડાફોન સીમકાર્ડનું ઈકેવાયસી બાકી હોય, કસ્ટમર કેરમાં કોલ કરવો. જેથી નલીનભાઈએ તે નંબર પર કોલ કર્યો હતો સામેથી રાજેન્દ્ર શુકલ નામનો શખ્સ વાતચીત કરતો હતો. સામેના વ્યક્તિએ 20 રુપિયાનું ટ્રાન્ઝેક્શન કરવા જણાવ્યુ હતુ.

દરમિયાનમાં સામેના વ્યક્તિએ એક એપ ડાઉનલોડ કરવા જણાવ્યુ અને તે એપ્લિકેશનનો પીન નબંર માગ્યો હતો પરંતુ નલીનભાઈએ આપ્યો ન હતો. દરમિયાનમાં એપ્લિકેશનમાં બેંકની ડિટેલ્સ ભરી હતી. બાદમાં 20 નું ટ્રાન્ઝેક્શન થતું ન હતુ. દરમિયાનમાં પત્નીને આ અંગે જાણ કરી હતી અને પત્નીએ સામેના વ્યક્તિ સાથે વાત કરી હતી અને તેમાં 20 રુપિયાનું બેલેન્સ કર્યું હતુ.

બાદમાં તેમના એકાઉન્ટમાંથી બે ટ્રાન્જેક્શન દ્વારા 40 હજાર રુપિયા તેમના ખાતામાં ટ્રાન્સફર થઈ ગયા હતા. થોડા થોડા કરી પત્નીના એકાઉન્ટમાંથી કુલ 2.48 લાખ અન્ય કોઈના ખાતામાં ટ્રાન્સફર થઈ ગયા હતા. બાદમાં કાર્ડ બ્લોક કરાવ્યું હતુ. આ અંગે સાઈબર ક્રાઈમને જાણ કરી હતી. આ અંગે ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેસનમાં ફરિયાદ નોધાઇ હતી.

ચૂંટણી બહિષ્કારના લાગ્યા બેનરો, એક કોર્પોરેટરે રાજીનામાની ચીમકી આપી

## ઈસનપુર TPમાં મકાન કપાતમાં જતાં ભાજપ કોર્પોરેટરો જ નારાજ



ગુજરાત | વંદન

ઈસનપુર વિસ્તારમાં લાંભા વોર્ડમાં ટીપી 45માં કપાતમાં જતાં મકાનો મામલે ભાજપમાં રાજકીય જંગ છેડાયો છે. લાંભા વોર્ડની બાબત હોવા છતાં ઈસનપુરના કોર્પોરેટર તે તોડવા માટે રસ લઈ રહ્યા હોવાનો અને તેના બદલ આર્થિક વહેવારો થયાના આક્ષેપો થઈ રહ્યા છે. અન્ય એક કોર્પોરેટર ટીપી રોડ ખોલવા સોસાયટીના મકાન નહીં તોડવાની તરફેણ કરે છે. લાંભા વોર્ડની 5 સોસાયટીના રહીશોએ દેખાવો કરી ચોક્કસ બિલ્ડરને ફાયદો કરાવી આપવા લાંભાના કોર્પોરેટર તેમના મકાનો તોડાવતો હોવાનો આક્ષેપ કર્યો છે. તેમણે ભાજપ હાય હાયના સૂત્રો પોકાર્યા હતા. એટલું જ નહીં કપાત માત્ર એક તરફ કેમ કરવામાં આવી રહી છે?

એક કોર્પોરેટરે રસ્તો ખોલવામાં ન આવે તો રાજીનામાની ચીમકી ઉચ્ચારી છે. અન્ય એક કોર્પોરેટરે કહ્યું, હાલ વિધાનસભાની ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે લોકોને આ મુદ્દે નારાજ કરી ભાજપથી વિમુખ કરવાની આ પ્રક્રિયા યોગ્ય નથી.

## ફાયર NOC વિનાની ઇમારતોને સીલ મારો : મ્યુનિ.ને હાઇકોર્ટનો હુકમ

ગુજરાત | વંદન

ફાયરસેફ્ટી અંગેની જાહેરહિતની રિટ અરજીની આજે ગુજરાત હાઈકોર્ટમાં મહત્વપૂર્ણ સુનાવણી હાથ ધરાઈ હતી, જે દરમ્યાન અમદાવાદ શહેરમાં ફાયર એનઓસી વિનાની ઈમારતોને સીલ મારવા સુધીના પગલાં લેવા ગુજરાત હાઈકોર્ટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સત્તાધીશોને નિર્દેશ કર્યો હતો. તો સાથે સાથે ફાયર સેફ્ટી એનઓસી વિનાની સરકારી શાળાઓ અને કોલેજો સામે સરકારને પગલાં લેવા તાકીદ કરી હતી. હાઈકોર્ટે ટકોર કરી હતી કે, આગ કે અન્ય કોઈ ગંભીર દુર્ઘટના સર્જાય તે પહેલાં અમ્યુકો આવી ઈમારતોને સીલ મારવા સુધીના પગલાં લે. ફાયર સેફ્ટીનો અમલ ના કર્યો હોય તેવી ઈમારતો પાણી-ગટરના જોડાણો કાપી નાંખવા જોઈએ. કેસની સુનાવણી દરમ્યાન હાઈકોર્ટ સમક્ષ એવી ચોંકાવનારી વિગત પણ રજૂ કરાઈ હતી કે, રાજ્યની ૮૫ ટકા ઈમારતોમાં તો બીયુ પરમીશન જ નથી

સરકારે કરેલા સર્વેમાં મંજૂરી કરતા વધુ માળનો ઉમેરો, BU પણ નથી

## ગુજરાતના અમદાવાદ સહિતના મોટા શહેરોમાં 35 ટકા બિલ્ડીંગો ગેરકાયદે ધમધમી રહી છે

ગુજરાત | વંદન

મ્યુનિસિપલ કોર્પોરેશન અને નગરપાલિકાઓમાં રહેણાંક, કોમર્શિયલ, હાઈરાઈઝ અને હોસ્પિટલ જેવી સ્પેશિયલ કેટેગરીની 8,320 ઈમારતોનું ત્રણ મહિના સુધી સેમ્પલ સર્વે બાદ શહેરી વિકાસ વિભાગે તારણ કાઢ્યું છે કે સર્વે કરાયેલા લગભગ 35% બાંધકામો બિલ્ડિંગ યુઝ (BU) ની પરવાનગી વગર જ ઉપયોગ કરવામાં આવી રહ્યા છે. આ માટેના કારણોમાં મંજૂરી કરતા વધુ માળનો ઉમેરો, ઈમારતોના ઉપયોગમાં ફેરફાર અને અધિકારક્ષેત્રની સમસ્યાઓનો સમાવેશ થાય છે. જો BU મંજૂરી વિનાની ઈમારતો માટે દંડના પગલાં લેવામાં આવશે, તો તે વ્યાપક ડિમોલિશન તરફ દોરી જશે.



રાજ્ય સરકારને તેની ભલામણોમાં શહેરી વિકાસ વિભાગે કહ્યું છે કે આવી મિલકતોના માલિકો માટે આ કાનૂની અવરોધને પાર કરવા માટે અમુક "શરતો" સાથે વટહુકમ લાવી શકાય છે. શહેરી વિકાસ વિભાગના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, "વિભાગ સત્તાવાર રીતે આવો કોઈ નિર્ણય લે તે પહેલાં સૂચન હાઈકોર્ટમાં સબમિટ કરવામાં આવશે. તેમનું લક્ષ્ય લોકોને ઓછામાં ઓછા નુકસાનનું છે." જાન્યુઆરીમાં સર્વેની શરૂઆત થઈ હતી અને અમદાવાદમાં 1,050, સુરતમાં 1,000, રાજકોટમાં 750 અને વડોદરામાં 800 બિલ્ડીંગનો બીયુ પરમિશન માટે સર્વે કરવામાં આવ્યો હતો. કેટલાક મુખ્ય ફીચર્સ કે જેની તપાસ આ સર્વેમાં કરવામાં આવી હતી તેમાં મિલકત કયા ઝોનમાં સ્થિત હતી, મિલકતની સામેના રસ્તાની પહોળાઈ, જમીન ખાનગી વ્યક્તિઓની છે કે રાજ્ય દ્વારા ફાળવવામાં આવી છે અને ફાયર-સેફ્ટી કમ્પ્લાયન્સની સ્થિતિનો સમાવેશ થાય છે. . બિલ્ડીંગના ઉપયોગમાં ફેરફાર છે કે કેમ, બિલ્ડીંગ આરોગ્ય માટે જોખમી છે કે કેમ, અને નાગરિક ઉપયોગિતાઓની સ્થિતિ જેવા પરિબળોને પણ ધ્યાનમાં લેવામાં આવ્યા હતા.

અમદાવાદમાં સર્વેક્ષણ કરાયેલ 1,050 બિલ્ડીંગોમાંથી 32% પાસે BU પરવાનગીઓ નથી. કુલ મળીને નગરપાલિકાની હદમાં 2,160 બિલ્ડીંગ, આઠ મ્યુનિસિપલ કોર્પોરેશનની અંદર 5,600 અને શહેરી વિકાસ સત્તાની મર્યાદા હેઠળ લગભગ 560 બિલ્ડીંગનો સર્વે કરવામાં આવ્યો હતો. "અમદાવાદમાં AUDA અનધિકૃત ડેવલપમેન્ટ ફી વસૂલતી હતી પરંતુ BU પરમિશન આપતી ન હતી તેવા કિસ્સાઓ હતા. આમાંની કેટલીક બિલ્ડીંગોમાં હવે વધારાના માળ છે જેના માટે BU મંજૂરી નથી." એમ AMCના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું. કેન્દ્રીય કાયદા, ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ્સ (રજીસ્ટ્રેશન એન્ડ રેગ્યુલેશન) એક્ટ, 2010ની જોગવાઈઓના અમલીકરણનો મુદ્દો પણ છે.

## મહિલાના પર્સમાંથી રૂ. 1.68 લાખના દાગીના ચોરી રિક્ષાચાલક ગેંગ ફરાર

ગુજરાત | વંદન

ઓઢવથી રિક્ષામાં બેસીને ગીતામંદિર જઈ રહેલા માતા-પુત્રીની નજર ચુકવીને શટલ રીક્ષા ગેંગના માણસોએ રૂપિયા 20 હજારની રોકડ સહિત કુલ રૂપિયા 1.68 લાખની કિંમતના સોનાના દાગીના ભરેલા પર્સની ચોરી કરી હોવાની ફરિયાદ રખિયાલ પોલીસ મથકે નોધાઈ છે. દેત્રોજમાં આવેલા કુકવાઈ ગામમાં રહેતા સુર્યાબા સોલંકી પોતાના પિયર ઓઢવથી સાસરીમાં જવા માટે ગીતામંદિર એસ ટી બસ સ્ટેશનથી બસમાં જવા માટે શટલ રીક્ષામાં બેસીને જતા હતા. સુર્યાબાને ગીતામંદિર મુકવા જવા માટે તેમની માતા પણ સાથે હતા.આ સમયે રીક્ષામાં અન્ય બે મુસાફરો પણ હતા. અજીત મિલ ચાર રસ્તા પાસે રીક્ષા પહોંચી ત્યારે રીક્ષાચાલકે ક્લચ વાયર તુટી ગયો છે તેમ કહીને અચાનક રીક્ષાને ઉભી રાખીને સુર્યાબા અને તેમની માતાને નીચે ઉતારવાનું કહ્યું હતુ અને બેગ આપી દીધી હતી.

જો કે આ સમયે અન્ય બે મુસાફરોને રીક્ષામાં બેસાડી રાખ્યા હોવાથી સુર્યાબાએ અન્ય મુસાફરને કેમ નથી ઉતાર્યા? તેમ કહેતા રીક્ષાચાલક અન્ય બે મુસાફરો રીક્ષા લઈને ત્યાંથી નાસી ગયા હતા. બાદમાં બેગમાં તપાસ કરતા દાગીના અને રૂપિયા 20 હજારની રોકડ ભરેલું પર્સ ગાયબ હતું. જે અંગે રખિયાલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે.


## ઝાયડસ લાઈફના ચેરમેન પંકજ પટેલની RBI સેન્ટ્રલ બોર્ડમાં વરણી

ગુજરાત | વંદન

ગુજરાતના ટોચના ઉદ્યોગપતિ ઝાયડસ લાઈફસાઈન્સના ચેરમેન પંકજ પટેલને ભારતની સેન્ટ્રલ બેંક, આરબીઆઈના સેન્ટ્રલ બોર્ડમાં સ્થાન મળ્યું છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના સેન્ટ્રલ બોર્ડમાં Zydus Lifesciencesના ચેરમેન પંકજ આર. પટેલને ભારતીય રિઝર્વ પાર્ટ-ટાઈમ બિન-સત્તાવાર ડાયરેક્ટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

14 જૂનના રોજ એક્સચેન્જ ફાઈલિંગમાં કંપનીએ જાણકારી આપતા કહ્યું છે કે કંપનીના ચેરમેનને આરબીઆઈના સેન્ટ્રલ બોર્ડમાં સ્થાન મળ્યું છે.

કેબિનેટ અપોઈન્ટમેન્ટ કમિટી (ACC)એ પંકજ પટેલની RBI



એક્ટ, 1934ની કલમ 8 (1) (c) હેઠળ નિમણૂક કરી છે. ઓફિશિયલ નોટિફિકેશનની તારીખથી ચાર વર્ષના સમયગાળા માટે તેમની પાર્ટ ટાઈમ નોન ઓફિશિયલ ડાયરેક્ટર તરીકેના નિમણૂકના પ્રસ્તાવને મંજૂરી આપી છે, તેમ એક નિવેદનમાં જણાવ્યું હતું.

પટેલ આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય હેઠળના ડ્રગ ટેકનિકલ એડવાઈઝરી બોર્ડના ઈન્વેસ્ટ ઈન્ડિયાના બોર્ડમાં છે, જે નેશનલ હેલ્થ મિશન હેઠળના મિશન સ્ટીયરિંગ ગ્રુપના સભ્ય છે. આ અગાઉ તેઓ ફિક્કીના 2017ના અધ્યક્ષ પણ રહી ચૂક્યાં છે.

## ટ્રાફિક પોલીસ કોન્સ્ટેબલ ACBના છટકામાં ફસાયો, લાંચ લેતા રંગેહાથે ઝડપાયો

ગુજરાત | વંદન

અમદાવાદમાં ACBએ ટ્રાફિક પોલીસના કોન્સ્ટેબલને એક હજારની લાંચ લેતા રંગેહાથે ઝડપી પાડ્યો હતો. કાર ચાલકને 7 હજાર નો દંડ ભરવો પડશે તેવું કહીને 1 હજારની લાંચ માંગી હતી. ACB એ છટકું ગોઠવીને લાંચ લેનાર કોન્સ્ટેબલને ઝડપી પાડ્યો છે.

અમદાવાદ શહેર તથા નેશનલ હાવે રિંગ રોડ પર આવતા જતા વાહનોને પોલીસ, હોમ ગાર્ડ તથા ટીઆરબીના માણસો વાહન રોકી લોકોને હેરાન પરેશાન કરીને લાંચ લેતા હોવાનું ACBને જાણવા મળ્યું હતું. જેથી ACB એ ડિકોયરનો સંપર્ક કરીને રણાસણ ટોલનાકા પાસે છટકું ગોઠવી હતી. ડિકોયરની



ગાડીને ટ્રાફિક પોલીસ સ્ટેશનના લોક રક્ષક કાળુભાઈ ચૌધરીએ ઉભી રાખી હતી. અલગ અલગ દંડ કરીને 7 હજાર રૂપિયા ભરવા પડશે તેવું જણાવ્યું હતું. રકઝકના અંતે 1 હજારની લાંચની માંગ કરી હતી જે લાંચની રકમ લેતા જ ACB એ આરોપીને ઝડપી પાડ્યો હતો. ACBએ ગુનો નોંધીને આરોપીની ધરપકડ કરી છે.

સોશિયલ મીડિયામાંથી...

SOCIAL MEDIA

### ખબર જ ન પડી !

કેવી રીતે કપાઈ 21 થી 60 સુધીની સફર,
ખબર જ ન પડી !
શું પામ્યા, શું ખોયું, કેમ ખોયું,
ખબર જ ન પડી !
વિત્યું બચપણ, ગઇ જવાની, ક્યારે આવ્યો બુઢાપો,
ખબર જ ન પડી !
કાલે છોકરાઓ હતા, ક્યારે સસરા થઈ ગયા,
ખબર જ ન પડી !
ક્યારે પાપાથી નાના બની ગયા,
ખબર જ ન પડી !
કોઈ કહે સાઠી ગયા, કોઈ કહે છવાઈ ગયા,
શું સાચું છે,
ખબર જ ન પડી !
પહેલા મા બાપ નું ચાલ્યું, પછી બીબીનુ ચાલ્યું,
પછી ચાલ્યું સંતાનો નું,
પોતાનું ક્યારે ચાલ્યું,
ખબર જ ન પડી !
બીબી કહે છે, હવે તો સમજી જાઓ,
શું સમજું, શું ન સમજું ! ન જાણે કેમ !
ખબર જ પડી !
દિલ કહે છે જવાન છું હું, ઉમર કહે છે નાદાન છું હું,
આ ચક્કર માં ઢીંચણ ક્યારે ઘસાઈ ગયા,
ખબર જ ન પડી !
ઝડી ગયા વાળ, લટકી ગયા ગાલ, લાગી ગયા ચશ્મા,
ક્યારે બદલી આ સૂરત
ખબર જ ન પડી !
સમય બદલાયો, હું બદલાયો, બદલી ગઈ મિત્ર-મંડળી પણ
કેટલા છુટી ગયા, કેટલા રહી ગયા મિત્ર,
ખબર જ ન પડી !
કાલ સુધી ઠઠ્ઠા મશ્કરી કરતાં હતા મિત્રો ની સાથે,
ક્યારે સીનિયર સિટિજનની લાઇનમાં લાગી ગયા,
ખબર જ ન પડી !
વહુ, જમાઈ, નાતા પોતા, ખુશીઓ આવી પણ,
ક્યારે મુસ્કરાઈ ઉદાસ જિંદગી,
ખબર જ ન પડી !
જીવ ભરીને જીવી લે પ્યારે, જિંદગી આજ છે કાલે નથી,
પછી ન કહેતો કે.....
"મને ખબર જ ન પડી...."!!!

## તસ્વીર સમાચાર

(તસ્વીરો- મૌર્ય ભાગ્યવાન)



અમદાવાદમાં ચોમાસાની એન્ટ્રી થઈ ગઈ છે, સામાન્ય રીતે પ્રિ-મોનસૂન પ્લાન હેઠળ શહેરમાં રસ્તા, ગટર અને પાણીના કામો આટોપી લેવાના હોય છે. તેમ છતાં હજુ શાહીબાગ ફ્લાય ઓવરબ્રિજની નીચે ગટરનું કામ હજુ પૂર્ણ થયું નથી..



બંગલાઓમાં રહેનારાઓ માટે વરસાદ મોજ-મસ્તી માટે ભલે હોય પરંતુ જેમના ઘરની છત પતરા-નળિયા કે ઝૂંપડપટ્ટી હોય તેમના માટે ચોમાસુ એટલે ચિંતાજનક. આવા ગરીબ-મધ્યમ વર્ગના લોકો ઘરની ઉપર તાડપત્રી નાખતા હોય છે. પાંચકુવા દરવાજા પાસે પ્લાસ્ટિક બજાર ગ્રાહકોની રાહમાં છે.



શહેરના ઈસનપુર પોલીસ સ્ટેશનની બાજુમાં જ કચરાના ઢગલા પડ્યા છે, અને એમાંય જો વરસાદ આવે તો કાદવ-કીચડ થાય અને ગંદકી ફેલાવવાની પૂરેપૂરી શક્યતા રહેલી છે, પરિણામે આસપાસ રોગચાળો ફેલાય તે પહેલા મ્યુનિ.સત્તાવાળાએ તેનો નિકાલ કરવો જોઈએ.



શહેરમાં અષાઢી બીજે નિકળનાર ઐતિહાસિક રથયાત્રાના રૂટ પર ખાડા-ટેકરા-કચરાની ઢગલા વગેરે દુર કરવામાં આવી રહ્યા છે. રથયાત્રાના રૂટ પર આવા જ એક ખાડા તેમજ ગટરનું સમારકામ કામ ચાલી રહ્યું છે. જે રથયાત્ર પહેલા પૂર્ણ કરી દેવાશે.

કાર્યવાહી બાદ અભિનેતાએ ટ્વીટ કરીને અમદાવાદ પોલીસનો માન્યો આભાર

## વરૂણ ધવનના એક ટ્વીટથી અમદાવાદની દીકરીને મળ્યો ન્યાય

ગુજરાત | વંદન

બોલિવુડ સ્ટાર્સ પોતાના ફેન્સ સાથે ખૂબ જ સારૂ કનેક્શન રાખતા જોવા મળે છે. એવામાં વરૂણ ધવને પોતાના એક ફેનની મદદ કરીને સારૂ ઉદાહરણ પાર પાડ્યું છે. બોલિવુડ સ્ટાર વરૂણ ધવને એક ફેનની મદદ કરવાનું વચન આપ્યું હતું અને હવે તેને પુરૂ પણ કર્યું છે. અમદાવાદ પોલીસે વરૂણ ધવનના એક ટ્વીટ બાદ તરત એક્શન લીધુ અને ફેન અને તેની માતા બન્નેની મદદ કરી છે. હકીકતે વરૂણની એક ફેન યુવતીએ ટ્વીટ કરીને વરૂણને જણાવ્યું હતું કે તેના પિતા તેને અને તેની માતાને દરરોજ અપશબ્દો બોલે છે અને માર મારે છે. ટ્વીટનો રીપ્લાય આપતા વરૂણે યુવતીને આશ્વાસન આપ્યું હતું કે તે આ મામલામાં તેની પુરતી મદદ કરશે અને તેણે ઓથોરિટિસ સાથે વાત કરીને તેના પર એક્શન લેવા માટે રિક્વેસ્ટ કરી હતી.

ફેને ટ્વીટમાં લખ્યું હતું, "મને મારા પિતા દરરોજ મારે છે અને મારી માતાને રોજ ગાળો આપે છે. તે ઘણા દિવસો સુધી મને ભોજન પણ નથી આપતા. અપશબ્દોનો ઉપયોગ કરીને મને ધમકાવે છે." તેણે પોતાની ટ્વીટમાં એવું પણ લખ્યું હતું કે એક વખતે તેણે



પિતા વિરૂદ્ધ ફરિયાદ કરી હતી પરંતુ પોલીસે તેને અમુક કલાકો બાદ છોડી દીધા હતા.

ફેનની ટ્વીટ વાંચીને વરૂણે લખ્યું, "આ ખૂબ જ ગંભીર મામલો છે અને આ સત્ય છે તો હું તમારી મદદ કરીશ અને અધિકારીઓ સાથે વાત કરીશ." ફેને તેની ટ્વીટને રિટ્વીટ પણ કર્યુ અને તેમની મદદ માટે ધન્યવાદ પણ કહ્યું.

વરૂણ ધવને આ મામલાને લઈને અમદાવાદ પોલીસ પાસે અને અધિકારીઓ સાથે વાત કરી અને યુવતીની મદદ કરવા માટે અપીલ કરી. જ્યાર બાદ અમદાવાદ પોલીસે એક્શન લઈ આરોપીની ધરપકડ કરી છે.

સાપ્તાહિક ગુજરાત વંદન

# સંપાદકીય....

## "હિન્દુ-મુસ્લિમ શીખ ઇસાઇ, આપસ મેં હૈ ભાઇ ભાઇ.."ને કેમ કરીને વિસરાય..?!

શું આ દેશને કોઈની નજર લાગી ગઇ છે....? શું કોઇ મોટી વિદેશી શકિતઓ ભારતની પ્રગતિની અદેખાઇ કરી રહી છે કે શું..એવા સવાલો એ સંદર્ભમાં છે કે છેલ્લાં કેટલાક દિવસથી ધાર્મિક ટીપ્પણીના મામલે બન્ને સમુદાયોનું ધ્રુવીકરણ થઇ રહ્યું છે. એક જ દેશમાં રહેતાં લોકો દુશ્મનો હોય તેમ સામ -સામે આવી રહ્યાં છે. અને હાલમાં તો મામલો ધરણાં-દેખાવો-પ્રદર્શન, પત્થરમારો સુધી સિમિત છે. જો તે રક્તરંજિત બનશે તો હિન્દુ-મુસ્લિમ શીખ ઈસાઈ, આપસ મેં હૈ ભાઈ ભાઈ.. ની ઉક્તિ ખોટી ઠરી શકે.



એક મુસ્લિમ અગ્રણીએ ટીવી ડિબેટમાં શિવલીંગની સામે સવાલો કર્યા તો સામે ભાજપના પ્રવકતા નુપૂર શર્માએ મુસ્લિમ સંપ્રદાયના વડાના સંદર્ભમાં ટીપ્પણી કરીને જવાબ વાળ્યો. એક સપ્તાહ સુધી તો મામલો જાણે કે શાંત રહ્યો અને પછી આ સંદર્ભે એવો વિરોધ થયો કે પોલીસને ખડે પગે રહેવુ પડ્યું છે. યુપીના કાનપુર સહિત સંખ્યાબંધ શહેરોમાં નુપૂર શર્માની સામે વિરોધ વંટોળ ફાટી નિકળ્યો. વિરોધ વંટોળ ગુજરાત પણ પહોંચ્યો છે અને અમદાવાદ તથા અન્ય શહેરોમાં નુપૂર શર્માની ધરપકડની માંગને લઈને વિરોધ પ્રદર્શન શરૂ થયા છે. ઘણાંને એમ લાગી રહ્યું છે કે મામલો ખૂબ જ ગંભીર છે અને જાણકારો તો ત્યાં સુધી કહે છે કે, જો તેને બન્ને તરફે કાબુમાં નહીં લેવાય તો માહોલ બગડી શકે તેમ છે.

ધાર્મિક ઉન્માદ અફીણના નશા સમાન છે. એ ઉન્માદમાં તે વખતે સમજાતુ નથી કે શું થઇ ગયું. પણ નશો ઉતરે ત્યારે ખબર પડે કે સાવ ખોટુ થઇ ગયું...આવી કોઇ ગંભીર પરિસ્થિતિ સુધી મામલો પહોંચે તે પહેલાં જેમણે આવી ટીપ્પણી કરી છે તે બન્નેને એકબીજા સમુદાયે ઉદાર દિલ રાખીને અને દેશના હિતને ધ્યાનમાં રાખીને માફી આપીને મામલો પૂર્ણ કરવો જોઇએ.

આ સમગ્ર મામલામાં કેટલાક ચોક્કસ ટીવી મિડિયાની ભૂમિકા પણ નકારાત્મક રહી છે. વાસ્તવંમાં કેટલાક ચોક્કસ મિડિયા માંધાતાઓ, હું સવાયો...મારા વગર દેશનું શુ થશે અને લોકોએ તથા દેશે આમ જ કરવુ જોઇએ, આ જ રીતે વિચારવુ જોઇએ એવો એક એજન્ડા લઇને ચાલી રહ્યાં છે તેનાથી આખરે તો દેશને જ નુકશાન થઇ રહ્યું છે. લોકો પણ હવે એવા ચોક્કસ મિડિયાની નિતિરીતી અને સમાચારોથી સુપેરે પરિચિત થઇ રહ્યાં છે અને થઇ ગયા છે કે આ ચોક્કસ ટીવી મિડિયા જનહિત મેં જારી નહીં પણ ધનહિત મેં જારી..નો ખેલ ખેલીને માહૌલ અને વાતાવરણને ડહોળવાનો પ્રયાસ તો કરી રહ્યાં નથી ને..?

### 21 જૂને વિશ્વ યોગા દિન, આ વખતની થીમ છે-માનવતા માટે યોગા, ઉજવણીનું કાઉન્ટડાઉન શરૂ

# તો ચલ મન યોગા કર...

## ફર ફર મત કર.. થોડા પ્રાણાયમ કર.. થોડા વિલોમ કર..!

કોરોના કાળમાં પતંજલિવાલે બાબા રામદેવે કોરોનાથી હચવા કેટલાક યોગાસનો કરવા સલાહ આપી હતી. જેની કોઇ દવા નથી એ કોરોના યોગાથી મટી જાય..?કોરોનાનો પેશન્ટ સાજો થઇ જાય...? એવા સવાલો થતાં હતા. ધીરે ધીરે સમજાયુ કે બાબાએ દર્શાવેલા યોગાસનોથી શ્વસનતંત્રને લાભ થાય અને શ્વાસ લેવામાં કોઉ તકલીફ ન રહે તો વેટિલેટરનો ઉપોયગ ન કરવો પડે અને પેશન્ટ બચી જાય. કોરોનાકાળમાં યોગાનું ચલણ વધ્યુ પણ જેમ જેમ કેસો ઓછા થતા ગયા અને કોરોનાનો ડર નિકળતો ગયો, રસીકરણ શરૂ થયું તેમ તેમ યોગાથી લોકો દૂર થતાં ગયા. પણ હવે ફરીથી યોગાનો માહોલ જામવાનો છે. ના, કોરોનાની ચોથી લહેરની શરૂઆત નથી પણ 21 જૂન આંતરરાષ્ટ્રીય યોગા દિન-2022 આવી રહ્યું છે અને પીએમ મોદીના આ ડ્રીમ પ્રસંગને સફળ બનાવવા બર્ફિલા પહાડો પર ભારતના જવાનોથી લઈને દરિયામાં ઉભા રહીને જ્યાં જ્યાં મારી નજર ઠરે સૌ કોઇ યોગા કરે...એવા દ્રશ્યો નજીક જ છે.



યોગ માત્ર શારીરિક સ્વાસ્થ્ય માટે જ નહીં પરંતુ માનસિક સ્વાસ્થ્ય માટે પણ ફાયદેમંદ છે. યોગનું મહત્વ જણાવવા અને લોકોમાં તેના વિશે જાગૃતિ ફેલાવવા માટે દર વર્ષે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવે છે.. દર વર્ષની જેમ આ વખતે પણ 21મી જૂને આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે. અને દર વર્ષે યોગ દિવસની ઉજવણી માટે એક અલગ થીમ રાખવામાં આવે છે.

વર્ષ 2022 માં ઉજવવામાં આવતા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની 8મી આવૃત્તિની થીમ "માનવતા માટે યોગ" છે. વિશ્વભરમાં યોગ દિવસ "માનવતા માટે યોગ" થીમ પર ઉજવવામાં આવશે. ઉલ્લેખનીય છે કે ભારતને યોગ ગુરુ કહેવામાં આવે છે. એટલા માટે આયુષ મંત્રાલયે 21મી જૂને વિશ્વભરમાં યોજાનારા યોગ દિવસની આ વિશેષ થીમ પસંદ કરી છે. આ વખતે યોગનો મુખ્ય કાર્યક્રમ કર્ણાટકના મૈસૂરમાં યોજાશે. વર્ષોથી રોજ યોગા કરીને તંદુરસ્ત રહેનાર પીએમ મોદી મૈસૂરમાં આ ખાસ કાર્યક્રમનું નેતૃત્વ કરશે.

11 ડિસેમ્બર, 2014ના રોજ સંયુક્ત રાષ્ટ્ર મહાસભા(યુનો)એ ભારતની વિનંતીથી 21 જૂનને વિશ્વ યોગ દિવસ તરીકે ઉજવવા જાહેર કર્યું હતું.. તે પછી પહેલો યોગ દિન બાદ વર્ષ 2015માં 21મી જૂને સમગ્ર વિશ્વમાં યોગ દિવસ તરીકે ઉજવાયો. અને આ પ્રક્રિયા અત્યાર સુધી ચાલુ છે. જો કે ભારતમાં યોગનો ઈતિહાસ ઘણો જૂનો છે. અને તેના પર ગ્રંથો લખાયેલા છે.

21મી જૂનનો દિવસ જ યોગ દિવસ માટે કેમ પસંદ કરાયો તે અંગે રસપ્રદ વિગત એવી છે કે, ખરેખર, 365 દિવસોમાંથી 21 જૂન સૌથી લાંબો દિવસ છે. આ દિવસોમાં સુરત ઉત્તર ગોળાર્ધમાં સૌથી વધુ રોશની કરે છે. આ દિવસે સૂર્ય વહેલો ઉગે છે અને મોડો આથમે છે. ઉપરાંત, આ દિવસે સૂર્યની ઊર્જા સૌથી વધુ અસરકારક હોય છે, જે પ્રકૃતિની સકારાત્મક ઉર્જાને પ્રોત્સાહન આપે છે.



આ વખતે 'ગાર્ડિયન રિંગ'ને આકર્ષણનું કેન્દ્ર બનાવવામાં આવશે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ યોગનો સ્ટ્રીમિંગ પ્રોગ્રામ હશે. આ દ્વારા વિદેશમાં ભારતીય મિશન દ્વારા આયોજિત કાર્યક્રમોની ડિજિટલ ફીડ એકસાથે લેવામાં આવશે. તે સૌ પ્રથમ તે દેશમાંથી શરૂ થશે જ્યાંથી સૂર્ય ઉગે છે. એટલે કે તેની શરૂઆત જાપાનથી થશે કારણ કે જાપાનને ઉગતા સૂર્યનો દેશ માનવામાં આવે છે. તે મુજબ સવારે 6 કલાકે યોગ દિવસની ઉજવણીનો પ્રારંભ થશે. ફરીથી, સમયની સાથે ધીમે ધીમે આ કાર્યક્રમ આગળ વધતો રહેશે., જેનું દૂરદર્શન ચેનલો પર જીવંત પ્રસારણ કરવામાં આવશે. દેશ પણ આ દિવસોમાં આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી કરી રહ્યો છે, આવી સ્થિતિમાં 21 જૂનના રોજ રાષ્ટ્રીય સ્તરના 75 પ્રતિષ્ઠિત સ્થળોએ કોમન યોગ પ્રોટોકોલનું મોટા પાયે પ્રદર્શન થશે, જ્યારે સંબંધિત રાજ્યો પણ આવા જ કાર્યક્રમો કરશે. 75 મહત્વની જગ્યાઓ તેમની પસંદગી મુજબ કાર્યક્રમનું આયોજન કરશે.

તે નોંધવું યોગ્ય છે કે બાળકો, પુખ્ત વયના લોકો, સ્ત્રીઓ અને પુરુષો, દરેકને યોગ કરવાથી ફાયદો થાય છે. યોગના નિયમિત અભ્યાસથી શરીર રોગમુક્ત બને છે. સ્ટ્રેસ અને ટેન્શન પણ દૂર થાય છે. રક્ત પરિભ્રમણ અને પાચન સુધારે છે. જો કે, યોગ કરતી વખતે, યોગના અભ્યાસને લગતા નિયમોનું પાલન કરવું જરૂરી છે. તો ચલ મન યોગ કર...ફર ફર મત કર..થોડા પ્રાણાયમ કર..થોડા અનુલોમ વિલોમ કર...જલ્દી કર..ચોથી લહેર કહ રહી હૈ-મૈં આઉં...?!

### ધર્મ

## રથયાત્રાનું કાઉન્ટ્ડાઉન શરૂ, રાજા રણછોડ મોસાળમાં...




કોરોના મહામારીના બે વર્ષ બાદ ચાલુ વર્ષે અમદાવાદમાં ભગવાન જગન્નાથની રથયાત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જેનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. અષાઢી બીજનાં રોજ યોજાતી રથયાત્રા પહેલાની જળયાત્રા મહત્વની છે. ત્યારે સોમવારે ભગવાનની જગન્નાથની જળયાત્રા નીકળી હતી. જળયાત્રાની પરંપરા મુજબ સાબરમતી નદીના ભુદરના આરે ગંગાપૂજન કરાઇ હતી. ભગવાન જગન્નાથની રથયાત્રા જમાલપુર મંદિરેથી સાબરમતી નદીના આરા સુધી યોજાઇ હતી. આ જળયાત્રા મીની રથયાત્રા તરીકે પણ ઓળખવામાં આવે છે. શણગારેલા હાથી, બેન્ડવાજા, અખાડા, ધજા પતાકા સાથે ભવ્ય મીની રથયાત્રા યોજાઈ હતી.

સાબરમતી નદીના સોમનાથ ભૂદરના આરે ગંગાપૂજન કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ સાબરમતીના મધ્યેથી કળશમાં જળ ભરીને નિજ મંદિર ખાતે લાવવામાં આવ્યું હતું. ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવી, પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ તથા પૂર્વ ગૃહરાજ્યમંત્રી પ્રદીપસિંહ દિલીપદાસજી મહારાજ સાથે ગંગા પૂજનમાં બેઠા હતા.

108 કળશમાં ભરીને લાવવામાં



આવેલા જળથી ભગવાન જગન્નાથનો જળાભિષેક કરાયો હતો. ત્યારબાદ ભગવાનની શોડષોપચાર પૂજા કરાઈ હતી. ભક્તોના જય રણછોડ માખણચોરના નાદ સાથે મંદિર ગુંજી ઊઠ્યું હતું. ત્યારબાદ ભગવાન જગન્નાથજીને ગજવેશથી શણગારી મોસાળ મોકલવામાં આવ્યા હતા.

કોરોના મહામારીને કારણે બે વર્ષ રથયાત્રાનું રંગેચંગે આયોજન થઈ શક્યું નહોતું. માત્ર ધાર્મિક વિધિ પ્રમાણે રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્ષે કોરોના નહિવત કેસો હોવાને પગલે ભવ્ય રીતે ભગવાન જગન્નાથની 145મી રથયાત્રા યોજાવાની છે. રથયાત્રા પહેલાં મહત્ત્વપૂર્ણ ઉત્સવ વિધિ ''જળયાત્રા' આજે જમાલપુર જગન્નાથજી મંદિરેથી નીકળી સાબરમતી નદીના સોમનાથ ભૂદરના આરે ગંગાપૂજન કરવા વરઘોડા રૂપે પહોંચી હતી.

# એવા યોધ્ધાઓ કે જે વસ્ત્રહીન અવસ્થામાં યુધ્ધમાં ઉતરતા હતા..!

### યુધ્ધના મેદાનમાં દુશ્મનો પર માનસિક રીતે હાવી થવા અને પોતાના શરીર શૌષ્ઠવના જોરે નેકેડ વોરિયર્સ સામનો કરતા હતા

ગુજરાત | વંદન

રોમન સૈન્યનો સામનો કરવા ભાડુતી યોધ્ધાઓનો ઉપયોગ કરાયો હતો અને તેઓ શરીરે એટલા કદાવર અને ચપળ હતા કે.

ભારતને યુધ્ધનો એટલો અનુભવ નથી જેટલે યુરોપના દેશોને છે.ભારતે પાકિસ્તાન સાથે 1962, 1971 અને કારગીલનું યુધ્ધ કરવુ પડ્યું. યુરોપના દેશોને બબ્બે વિશ્વ યુધ્ધમાં વર્ષો સુધી લડવુ પડ્યું. યુધ્ધમાં દુશ્મન દેશના સૈનિકોનો સામનો કરવા હવે હાથોહાથની લડાઇ ખૂબ ઓછી તયા છે આધુનિક ટેકનોલોજીના ઉપકરણોનો વધારે ઉપયોગ થાય છે. પ્રાચીન સમયમાં સ્પાર્ટાકસ શૂરવીર યોધ્ધા ગણાતાં.રોમ, એથેન્સ, ઇટાલી વગેરે.માં યોધ્ધાઓ પૈકી કેટલાક યોધ્ધાઓ એટલા બાહુબલી ગણાતા કે તેઓ હાથમાં માત્ર હથિયાર લઇને નિર્વસ્ત્ર અવસ્થામાં જંગમાં ઉતરતા હતા...! એથેન્સમાં તે પ્રાચીન સમયમાં પહેલવાનો કે કસરતબાજો અને રમતવીરો પણ નિર્વસ્ત્ર અવસ્થામાં રમતના મેદાનમાં ઉતરતા.જાણીને નવાઇ લાગે પણ એ સત્ય હકીકત છે કે યુધ્ધના મેદાનમાં દુશ્મનો પર માનસિક રીતે હાવી થવા અને પોતાના શરીર શૌષ્ઠવના જોરે નેકેડ વોરિયર્સ સામનો કરતા હતા.

ભારતના કેટલાક કિલ્લાઓમાં રાજા મહારાજા કે સેનાપતિ યુધ્ધના મેદાનમાં લોખંડના બખ્તર, માથે લોખંડની હેલમેટ, હાથના લોખંડના પંજા સહિત ભારેખમ સંરજામ ધારણ કરતાં તે મૂકવામાં આવ્યાં છે. ફિલ્મ સમ્રાટ પૃથ્વીરાજમાં અક્ષયકુમારે 15થી 20 કિલોના યુધ્ધના બખ્તર સહિતના ઉપકરણો ધારણ કર્યા છે. ઈતિહાસમો નેકેડ વોરિયર્સનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.જેની માહિતી રસપ્રદ છે. જેમાં રોમન સૈન્યનો સામનો કરવા ભાડુતી યોધ્ધાઓનો ઉપયોગ કરાયો હતો અને તેઓ શરીરે એટલા કદાવર અને ચપળ હતા કે વસ્ત્રહિન અવસ્થામાં યુધ્ધના મેદાનમાં તેમનો સામનો કર્યો હતો.

એક રીતે જોતાં મજબૂત બખ્તર કે વસ્ત્રો વિના ભારે સશસ્ત્ર રોમન સૈન્યનો સામનો કરવા માટે ઘણા આત્મવિશ્વાસ અને હિંમતની જરૂર પડશે તે જાણનાર ગેસાટે તરીકે ઓળખાતા સેલ્ટિક ભાડૂતી યોધ્ધાઓના જૂથે તે જબ્બર રીતે કરી બતાવ્યું હતું. આ બહાદુર નગ્ન યોદ્ધાઓએ એક એવી યુક્તિનો ઉપયોગ કર્યો કે જેનાથી એક જગ્યાએથી બીજી જગ્યાએ છલાંગ લગાવી ચારે તરફ હલતનચલન કરી શકે, તેમની બહાદુરીનું પ્રદર્શન કરી શકે અને તેમના સ્નાયુબદ્ધ શરીરથી દુશ્મનને ડરાવી શકે. અલબત તે, તેમના જીવના જોખમે હતું..!

ઈસ્વીસન પૂર્વે 3જી સદીના અંતમાં, રોમન ગણતંત્ર પર હુમલો કરવા માટે સિસાલ્પાઈન ગૌલ (ગૌલ્સ દ્વારા વસવાટ કરાયેલ ઉત્તર ઇટાલીનો ભાગ) ના સેલ્ટિક જાતિઓના ગઠબંધન દ્વારા પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ ગઠબંધનમાં ઇન્સુબ્રેસ, બોઇ અને ટૌરિસ્કીનો સમાવેશ થાય છે. આ યુદ્ધ દરમિયાન નિર્ણાયક લડાઈઓમાંની એક ટેલેમોનની લડાઈ હતી, જે ઇસ્વીસન પૂર્વે 225માં લડાઈ હતી...



ગ્રીક ઈતિહાસકાર પોલીબીયસ ( ઈતિહાસ 2:28 , 2જી સદી બીસી) એ યુદ્ધની વિગતવાર માહિતી આપી હતી, જેમાં તેમણે વસ્ત્રહિન અવસ્થામાં લડતા ગેસાટે ભાડૂતી યોધ્ધાઓનું વર્ણન કર્યું હતું :

"ઈન્સુબ્રેસ અને બોઈ તેમના બ્રીચેસ અને હળવા ડગલા પહેરેલા હતા; પરંતુ મિથ્યાભિમાન અને બહાદુરીથી લડવા આવેલા ગેસાતાઓએ પોતાના વસ્ત્રો ફેંકી દીધા, અને નગ્ન અવસ્થામાં સૈન્યની સામે પડ્યા, તેમના હાથમાં હથિયાર સિવાય કશું જ ન હતું".

પોલીબીયસે નોંધ્યું હતું કે,, તેમની નગ્નતા સૌ પ્રથમ વ્યવહારુ કારણોસર હતી - "એ વિચારીને કે આ રીતે લડવાથી તેઓ યુધ્ધના મેદાનમાં વધુ કાર્યક્ષમ હશે, કારણ કે જમીનનો કેટલાક ભાગમાં કાંટળા છોડવા બ્રૅમ્બલ્સ ઉગાડવામાં આવ્યો હતો જે તેમના કપડાં પકડશે અને તેમના શસ્ત્રોના ઉપયોગને અવરોધશે." બીજું, નગ્ન યોદ્ધાઓના દર્શનનો હેતુ દુશ્મનને ડરાવવા અને પોતાનો આત્મવિશ્વાસ દર્શાવવાનો હતો...

દુર્ભાગ્યવશ, ગેસેટાની નગ્નતા (વસ્ત્રહીન અવસ્થા) તેમના માટે નુકશાનકારક બની ગઈ કારણ કે તેઓ ટેલામોનના યુદ્ધમાં રોમન જેવલિન પુરુષો(ભાલાફેંકનાર યોધ્ધાઓ)નો સામનો કરતા હતાઃ ટેલામોનના યુદ્ધમાં રોમન સૈન્યના વિજયે ઉત્તરી ઇટાલી અને બાલ્કન્સમાં સેલ્ટિક પ્રભુત્વના જળાશયને ચિહ્નિત કર્યું અને ત્યારબાદ પૂર્વ તરફ રોમન પ્રભાવના ઝડપી વિસ્તરણનો સમયગાળો આવ્યો. હતો સેલ્ટસ પ્રાચીન સમયમાં વિકરાળ યોદ્ધાઓ તરીકે જાણીતા હતા. ચોક્કસ લેખિત સ્ત્રોતો અનુસાર, આમાંના કેટલાક સેલ્ટિક યોદ્ધાઓ ફક્ત તેમના શસ્ત્રો અને ઢાલ સાથે યુદ્ધમાં ઉતરીને એક પગલું આગળ વધ્યા હતા. પ્રાચીન લેખકોના લખાણો ઉપરાંત, આવા સેલ્ટિક યોદ્ધાની છબી 'ડાઇંગ ગૉલ' તરીકે ઓળખાતી પ્રખ્યાત શિલ્પમાં પણ કેપ્ચર કરવામાં આવી છે.

સેલ્ટની ઉત્પત્તિ-સેલ્ટ એ લોકો હતા જેઓ લોહ અને મધ્યયુગ દરમિયાન યુરોપમાં રહેતા હતા. જ્યારે તેઓ કોઈ વિશિષ્ટ વંશીય અથવા આનુવંશિક જૂથ નથી, ત્યારે સેલ્ટસ સેલ્ટિક ભાષાઓ બોલતા હતા અને અમુક સાંસ્કૃતિક સમાનતાઓ ધરાવતા હતા. 'સેલ્ટિક' તરીકે ઓળખાતી વિવિધ જાતિઓ હતી જે આયર્ન યુગ દરમિયાન યુરોપમાં વસતી હતી. ઉદાહરણ તરીકે, 'ગૌલ' નામ, રોમનો દ્વારા સેલ્ટિક આદિવાસીઓને આપવામાં આવ્યું હતું જે આજે ફ્રાન્સના મધ્ય, ઉત્તર અને પૂર્વીય ભાગો છે. મનોવૈજ્ઞાનિક યુદ્ધ-પોલીબીયસના જણાવ્યા મુજબ, ગેસાટે બે મુખ્ય કારણોસર નગ્ન લડ્યા હતા. સૌ પ્રથમ, આનો હેતુ તેમના સાથી અને દુશ્મન બંનેની સામે તેમનો આત્મવિશ્વાસ પ્રદર્શિત કરવાનો હતો. બીજું, એવું લાગે છે કે આ રીતે લડવું તે વધુ કાર્યક્ષમ હતું,

ગેસાટે ચોક્કસપણે આદિજાતિ નથી, કારણ કે તેઓ ઈતિહાસમાં વાદળી રંગમાં દેખાયા હોય તેવું લાગે છે, અને રોમન-સેલ્ટિક યુદ્ધો પહેલાં તેમનું અસ્તિત્વ પ્રમાણિત નથી. પોલિબીયસે લખ્યું છે કે ગેસેતા એ "આલ્પ્સ અને રોન નજીક રહેતા ગૌલ્સ" હતા. પ્રાચીન ઈતિહાસકાર આગળ જણાવે છે કે,ગેસાટે નામનો વાસ્તવમાં અર્થ થાય છે "ભાડે સેવા આપવી". બીજા શબ્દોમાં કહીએ તો, આ સેલ્ટિક યોદ્ધાઓ ભાડૂતી હતા.

### બાકી જિંદગી

# ...તેની આંખમાંથી આંસુ ટપકતા હતા, તેણે શર્ટની બાહે આંખો લૂછી આગળ વાત ચાલુ કરી

સાપ્તાહિક ગુજરાત વંદન

જીવન વહેણ

અશોકસિંહ એ. ટાંક

મારે સ્કૂલનો ટાઈમ સવારે ૭:૩૦ વાગ્યાનો હતો. ત્યાં ટાઈમે પહોંચવા માટે ઘરેથી મારે ૬:૩૦ વાગ્યે નીકળી જવું પડે. એ સમયે અમદાવાદમાં જલ્દી રીક્ષા ના મળે. રોજની જેમ આજે પણ હું રીક્ષાની રાહે હતો. સામેથી રિક્ષા આવતી દેખાઈ મેં રોકવા માટે હાથ લંબાવ્યો. તેણે રીક્ષા રોકી, હું પાછળની સીટમાં ગોઠવાઈ ગયો. તેણે પુછ્યું,, ક્યાં જવું છે? મેં તેને મારે જવાનું એડ્રેસ બતાવી દીધું.

મારી સાથે બીજા બે પેસેન્જર બેઠા હતા. તેમાં લગભગ ૬૫ વર્ષના દાદા અને ૬૦ વર્ષના દાદી હતા. તેના મોઢા પર જલ્દી પહોચવાનો રઘવાટ દેખાતો હતો. થોડા આગળ ચાલી એક ખાચા આગળ દાદાને ઉતાર્યાને તેનાથી આગળ વિરુદ્ધ બાજુના ખાંચામાં રીક્ષા વાળી થોડા અંદર પહોંચ્યા તો મંદિર આવ્યું ત્યાં દાદીને ઉતાર્યા. દાદીએ રિક્ષાવાળો પરિચિત હોય તેમ જય શ્રી કૃષ્ણ કહ્યું. રિક્ષાવાળાએ જય શ્રી કૃષ્ણ બોલી, મને લઈ આગળ ચાલ્યો. મારો સ્ટોપ આવતા હું પણ ઉતરી ગયો. મેં રીક્ષાવાળાને સ્મિત આપ્યું. પણ તે કંઈ બીજા વિચારમાં હશે. તેણે મશીન જેમ પૈસા લઈને રીક્ષા ચલાવી મૂકી.

બીજા દિવસે ફરી હું રીક્ષાની રાહે ઉભો હતો. રીક્ષા આવી. મેં જોયું તો આજે ગઈકાલવાળી જ રીક્ષા હતી. ને પેસેન્જર્સ પણ ગઈ કાલવાળા જ હતા. હું બેસી ગયો. ગઈકાલનો જ ક્રમ રીપીટ થયો. પછી તો આ રોજિંદો ક્રમ થઈ ગયો. હું પણ બીજી રીક્ષા આવે તો તેમાં ના બેસું. આ રિક્ષાની રાહે રહુ. આવું ને આવું અઠવાડિયું ચાલ્યું. આજે રિક્ષાવાળો પહેલા બન્ને પેસેન્જર્સને ઉતારી મશીનની માફક રોડ પર આંખો સ્થિર કરી રીક્ષા ચલાવી રહ્યો હતો. મેં વાતની શરૂઆત કરી,. " આ દાદા-દાદીએ તમારી રીક્ષા રોજ માટે બંધાવેલી છે? "તેણે યંત્રવત્ રીતે રોડ પર ધ્યાન રાખી માત્ર "હા" એટલો ટૂંકો જવાબ આપ્યો. તેના મોઢા પરના અણગમા પરથી મને લાગ્યું કે તેને મારી સાથે અંગત વાતચીતમાં રસ નથી. એટલે પછી હું પણ તેની સાથે ખાલી સ્મિત આપવા પૂરતો જ વ્યવહાર રાખતો.



એક દિવસ દાદા-એ રિક્ષાવાળા ભાઈ ને કહ્યું, ભાઈ મારો દીકરો માનસિક બીમાર છે, તને તો ખબર છે. મને કંઈક રસ્તો બતાવ!".

"દાદા, બધા સારા વાના થઈ જશે. તમે તો ભગવાનની સેવા કરો છો. તમારું તો ભગવાન સાંભળે જ ને ! દવા અને દુવા બંને ચાલુ રાખો. હું તો આ પરિસ્થિતિમાંથી પસાર થયો છું. ધીરજ રાખો ભગવાન સૌનો છે."

દાદાને તેની વાતમાંથી ઘણું સાંત્વન મળ્યું હોય તેવું લાગ્યું. હું તો રિક્ષાવાળાની સામે જ જોઈ રહ્યો. અત્યાર સુધી મેં સામાન્ય લોકોને સાધુ કે પુજારી જોડે જીવનની સમસ્યાનું માર્ગદર્શન લેતા જોયા છે. પણ આજે તો એક પુજારી રિક્ષાવાળા પાસે પોતાના જીવનની સમસ્યા રજૂ કરી રહ્યા હતાં. રિક્ષાવાળાએ દાદા દાદીને તેના સ્ટેશને ઉતાર્યા. મેં આજે ફરી તેની સાથે વાત કરવા પ્રયત્ન કર્યો.

મે પૂછ્યું, " તમારા ઘરે કોઈ ને તકલીફ છે?"

તેણે વાત શરૂ કરી, "તમે માસ્તર છો?". મને આજે તેનામાં પરિવર્તન લાગ્યું,

મેં કહ્યું, "હા, હું અહીંની શાળામાં શિક્ષક છું.".

"મારી રિક્ષામાં પેલા દાદા-દાદી આવે છે. તે મા- દીકરો છે. તે દાદાનો દીકરો માનસિક બિમાર છે. બંને એક એક મંદિરે ભગવાનની સેવા આરતી કરવા જાય છે. એક શેઠ તેને પગાર આપે છે. બંનેનો જીવનનિર્વાહ તેમાંથી ચાલ્યા કરે છે. હું રોજ સવારે તેને મંદિરે ઉતારી બીજા છૂટક ભાડા કરું છું. બપોરે ઘરે જતી વખતે બંનેને પાછા લેતો જાવ છું. હું પણ તેનું ભાડું લેતો નથી. ભગવાન મને પણ પેટ પૂરતું આપી દે છે.". એમ વાત કરતા કરતા મારે ઉતરવાનું સ્ટેશન આવી ગયું. રીક્ષા ઉભી રહી હું ઉતરી ગયો. તેણે મને હાથ ઊંચો કરી આવજો કહ્યું. આજે તેના મોઢા પર થોડી ખુશી દેખાતી હતી. હવે તે મારી સાથે નોર્મલ થઈ ગયા હતા. રોજ કંઈ ને કંઈ વાતો કર્યા કરતા. વાતવાતમાં આજે મેં તેના પરિવાર વિષે પૂછી નાખ્યું. પહેલા તો બે મિનિટ તેણે સાંભળ્યું ન હોય તેમ તે રીક્ષા ચલાવે ગયા. હું ડ્રાઈવરની આગળ રાખેલ મિરરમાં તેનો ચહેરો જોઈ રહ્યો હતો. તેના ચહેરા પર કેટલાય ભાવ ફરી ગયા.

"આમ તો હું એકલો જ છું" તેણે નિસાસો નાંખી કહ્યું. મારી વહાલસોયી દીકરીને જન્મ આપી એની મા ભગવાન ના ઘરે જતી રહી. મારી નાનકડી પરીની મા અને બાપ બન્ને હું જ હતો. મારે પોલીસની નોકરી હતી.હું નોકરીએ જતો ત્યારે મારી વિધવા મા તેનું ધ્યાન રાખતી. મારી પરી ધીમે ધીમે મોટી થવા લાગી. તે ખરેખર પરી જેવી જ હતી. ભણવામાં ખૂબ હોશિયાર. ખૂબ લાડકોડથી મેં તેને મોટી કરી. મારી નોકરી

(અનુસંધાન પેજ નં.૬ પર)

Printed, Published and Owned by Editor - NIKUNJ SUDHIRKUMAR PATEL Printed at Bhaskar Printing Press, Survey No.148-P, Near Naagdevta Temple, Changodar-Bavla HighWay, Ta.Sanand, Dist. Ahmedabad, Gujarat and published from 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road, Ahmedabad – 380 015 Tel. 079-48987111. Co-Editor PRAVIN GHAMANDE Responsible for Selection of news under PRB Act'.

## બ્રહ્મ કુંડ
## જ્યારે અહીં પાંડવોએ ભગવાન શ્રીકૃષ્ણના પગ પખાળ્યા હતાં

ગુજરાત | વંદન



આપણો ભારતદેશ અને તેમાંય આપણું ગુજરાત રાજ્ય ઈતિહાસની કેટલીયે પૌરાણિક કથાઓ,સ્થાપત્યો અને મંદિરોને સાચવીને બેઠેલો દેશ છે.તેવું જ એક સ્થળ એટલે ભાવનગર જિલ્લામાં આવેલ શિહોર.અહી આવેલ "બ્રહ્મ કુંડ" જૂનો ઈતિહાસ સાચવીને બેઠો છે.આ સ્થળ ૧૪મી સદીનું એટલે કે લગભગ ૮૦૦ વર્ષ પુરાણું હોવાનું મનાય છે.જૂની વાતો આધારિત અહીં પાંડવોએ ભગવાન શ્રીકૃષ્ણના પગ પખાળ્યા હતાં.એ સમયે અહીં ગાઢ જંગલ હતું.ને આ જગ્યાએ કુદરતી પાણીનો ધરો હતો.

લોકકથા પ્રમાણે સોલંકી વંશના રાજા સિદ્ધરાજ જયસિંહને જૂનાગઢની રાણી રાણક દેવીના શ્રાપથી ચર્મરોગ થયો હતો. રાજા અહીં શિહોર ફરતાં ફરતાં આવ્યાં. તો આ જગ્યા પર પોતાની તૃષા છીપાવવા પાણી પીધું.આ ચમત્કારિક પાણીનાં સ્પર્શથી રાજાના હાથમાંથી ચામડીનો રોગ દૂર થઈ ગયો. ત્યારબાદ અહીં સ્નાન કરતા તેમના આખા શરીર પરથી ચામડીનો રોગ દૂર થઈ ગયો. એટલે માતા મીનળદેવીના કહેવાથી સિધ્ધરાજ જયસિંહ અહીં આ કુંડ બંધાવ્યો હોવાનું કહેવાય છે.જેનું મુહર્ત એક હજાર બ્રાહ્મણો દ્વારા મંત્રોચ્ચાર વિધિથી કરવામાં આવ્યું હતું.તેથી તેનું નામ "બ્રહ્મ કુંડ" રાખવામાં આવ્યું હશે.

તેનું બાંધકામ મધ્યકાલીન સ્થાપત્ય શૈલીમાં થયેલું છે.આ સ્થાપત્યમાં ૧૨૬ હિન્દુ દેવી,દેવતાની મૂર્તિઓ આવેલી છે.અહી શિહોરનાં નવનાથ પૈકીનાં કામનાથ મહાદેવનું મંદિર પણ આવેલું છે.ભાદરવી અમાસના દિવસે અહી ભાતીગળ મેળો પણ ભરાય છે.પિતૃ તર્પણનું પણ અહી અનેરું મહત્વ છે.

૧૯૬૮માં બનેલી છેલ્લી બ્લેક એન્ડ વ્હાઈટ ફિલ્મ સરસ્વતીચંદ્ર નું થોડું શૂટિંગ પણ આ કુંડની જગ્યાએ થયેલું છે." બ્રહ્મ કુંડ" ગુજરાત રાજ્ય સંરક્ષિત સ્મારક(S -G3-35)હેઠળ આવે છે.જેની સાચવણીની જવાબદારી સરકારશ્રીને શીરે છે. આ ઐતિહાસિક ધરોહરને સાચવવાની એટલી જ જવાબદારી આપણાં સૌના શીરે પણ રહેલી છે. શિહોર શહેરની મુલાકાત લો તો આ ઐતિહાસિક અને ધાર્મિક સ્થળનાં સંગમ સમાં " બ્રહ્મ કુંડ" ની મુલાકાત લેવાનું ચૂકતાં નહિ.

**ફોટો સ્ટોરી : અશોકસિંહ એ. ટાંક**

## અમરેલીના જાફરાબાદના ટિમ્બી ગામનો કિસ્સો
## બે ફૂટનો વરરાજા ઘોડે ચડ્યો તો સમાજે બહિષ્કાર કર્યો...

ગુજરાત | વંદન

અમરેલીના જાફરાબાદના ટિમ્બી ગામના 32 વર્ષીય રફીક મન્સૂરી તેમનાં લગ્નમાં તેમની ઊંચાઈના કારણે અવરોધ ઊભા થતા હતા. જેનેટિક સમસ્યાના કારણે તેમની ઊંચાઈ માત્ર બે ફૂટ છે. રફીક પોતાનાં લગ્નની ખુશી કેવી રીતે મુશ્કેલીમાં પરિણમી તે અંગે ઉપરોક્ત વાત જણાવે છે. આમ તો ગુજરાતમાં મોટા ભાગે કેટલીક જ્ઞાતિના લોકો સાથે સામાજિક બહિષ્કારની ઘટના બનતી હોય છે. પરંતુ કંઈક આવો જ કિસ્સો ગુજરાતના મુસ્લિમ સમાજમાં પણ નોંધાયો છે.

રફીક પોતાની આપવીતી જણાવતાં કહે છે કે, "સ્કૂલમાં મારી મજાક ઉડાવાતી. માંડમાંડ મારાં લગ્ન થયાં. કામધંધાના અભાવમાં ગામમાં પાનની દુકાન કરી. પણ હવે સામાજિક બહિષ્કારથી ધંધો પડી ભાંગે તેવો ભય છે."

આ સમગ્ર ઘટના અંગે વાત કરતાં રફીકના પિતા રજાકભાઈ જણાવે છે કે, "આ મારા ઘરનાં પ્રથમ લગ્ન હતાં. તેમાં ધામધૂમથી કરવાનું નક્કી કર્યું. લગ્નમાં ડીજે અને મ્યુઝિક કાર્યક્રમ રાખ્યો. જે મન્સૂરી સમાજને ન ગમ્યું." "સમાજની પંચાયતે મારો બહિષ્કાર કરવાનો જાહેર કર્યું. હવે હું મારા સમાજના



કોઈ કાર્યક્રમમાં ન જઈ શકું. મારા સંબંધી પણ મને ન બોલાવી શકે. નાતમાં મારી સાથે બહેન-બેટીનો વ્યવહાર ન કરી શકે એવો ઠરાવ પસાર કરાયો છે."

84 ઘાંચી મુસ્લિમ સમાજના અભ્યાસુ ઈમ્તિયાઝ મન્સૂરીએ સમાજના તેમના જ સમાજના લોકો સાથેના વર્તન અંગે ખુલાસો કરતાં કહ્યું કે, "મુસ્લિમ સમાજની આ જ્ઞાતિનું બંધારણ અલગ છે. પાંચ વર્ષ પહેલાં કરાયેલા ઠરાવ મુજબ લગ્નમાં વરઘોડા અને ડીજે વગાડવામાં આવે તો પંચાયતને જમાડવી પડે. અને પંચાયત જે નિર્ણય કરે તે મંજૂરી રાખવાનું ઠરાવાયું છે."

"આ સમાજમાં પાવલી જાહેર કરવું એટલે જેમ સમાજમાં 25 પૈસાનું મૂલ્ય નથી રહ્યું તે ચલણની બહાર થઈ ગઈ છે, તેવી રીતે જે તે પરિવારને પણ દૂર કરાય છે. મોટા ભાગે પંચાયત આવો નિર્ણય એક કરતાં વધુ વખત બંધારણનો ભંગ કરનાર માટે કરે છે."

રજાકભાઈ પોતાનો પક્ષ મૂકતાં જણાવે છે કે, "અગાઉ મારા પર પંચાયતે 23 હજાર રૂપિયાનો દંડ કર્યો હતો. હાલની કાર્યવાહી અંગે મારી દલીલ છે કે અમે ડીજે અમારા ઘરે વગાડ્યું હતું." "તેમજ ઘોડી પર મારા દીકરાને લગ્ન કરવાના હેતુસર લઈ ગયો હતો. એમાં મારા પરિવારનો બહિષ્કાર કેમ? આ બાબતે અમે પંચાયતને કાનૂની નોટિસ આપી છે અને હું કોર્ટમાં ન્યાય માગીશ."

## સાપ્તાહિક રાશિફળ

પંડિત અજય શર્મા

**મેષ** (અ.લ.ઈ)
સપ્તાહ દરમિયાન, આપના માટે, થોભો અને રાહ જુવોની નીતિ અપનાવવી હિતાવહ રહશે. આરોગ્ય સુખાકારીની દ્રષ્ટિએ મધ્યમ રહે. આપની બેદરકારી કે પછી વધુ પડતા આત્મવિશ્વાસમાં આપના સ્વાસ્થ્યને નુકસાન ન પહોંચે તેની તકેદારી રાખવી પડે.

**વૃષભ** (બ.વ.ઉ)
આ અઠવાડિયે કૌટુંબિક દ્રષ્ટિએ આપને ચિંતા ઉચાટ રહ્યા કરે. જો કે સંયુક્ત માલ મિલ્કત, ધંધાના પ્રશ્ને આપની મુશ્કેલીમાં પરેશાનીમાં ઘટાડો થાય. શાંતિથી મૌન રહીને સમય પસાર કરી લેવો. વડિલ કે સિનિયર સિટીઝન ની તબિયત સાચવવી.

**મિથુન** (ક.છ.ઘ)
સપ્તાહ દરમ્યાન આપને કોઈ ને કોઈ કામમાં વ્યસ્ત રહેવાનું થાય. આકસ્મિક ખર્ચ કે પછી ખરીદીનાં લીધે નાણાભીડ જેવું રહે. જમીન કે સ્થાવર મિલકત માટે લાભદાયક પૂરવાર થાય. પરંતુ આર્થિક લેવડદેવડ માટે લોકો પર વધારે વિશ્વાસ રાખવો નહીં.

**કર્ક** (ડ.હ)
નોકરીના આપના કામમાં રુકાવટ જણાય. આર્થિક મુશ્કેલીનો અનુભવ થાય. જમીન-મકાન અથવા વાહનની લે-વેચના કામમાં આપે સાવધાની રાખવી પડે. પરંતુ શાંતિ અને સંયમ રાખવાથી રાહત મળી રહે. સંતાનના એડમિશન કે વિદેશી પ્રવાસ માટે સારો સમય છે.

**સિંહ** (મ.ટ)
આપના કામમાં સાનુકુળતા જણાય. પરંતુ, સામાજિક કે વ્યવહારિક કામઅંગે વ્યસ્તતા રહે. ધંધામાં આકસ્મિક ઘરાકી આવી જાય. નોકરી કરતા લોકો માટે સારો સમય છે. વડિલોની તબિયત ઉપર નીચે થાય. ગરમી અને તાપથી સંભાળવું. નાના બાળકો માટે સમય ફાળવી શકાય.

**કન્યા** (પ.ઠ.ણ)
નોકરી ધંધાના કાર્યમાં વ્યસ્ત રહેવાની સાથે જાહેરક્ષેત્રના કામ અંગે, કે પછી સંસ્થાકીય કામ અંગે દોડધામ રહે. પરંતુ કામ ઉકેલાતા રાહત જણાય. આર્થિક રીતે શાંતિ છે. ખોટા ખર્ચા અને ખરદી કરવામાં ધ્યાન રાખવું. મકાન, ફ્લેટ કે દુકાન જેવી સ્થાવર મિલકતમાં રોકાણ લાભદાયી સાબિત થાય.

**તુલા** (ર.ત)
નોકરી માટે આપના કામમાં પ્રતિકૂળતાનો અનુભવ થાય. કોર્ટ-કચેરીના કામમાં ઉશ્કેરાટમાં આવી જવું નહી. નહીં તો કામમાં સમય લાગે અને ખર્ચમાં વધારો થાય. આપના કાર્યમાં સંતાનનો સાથ સહકાર મળી રહેતા આનંદ રહે. સીઝનલ ધંધામાં આકસ્મિક ઘરાકીથી લાભ-ફાયદો રહે.

**વૃશ્ચિક** (ન.ય)
વેપાર અંગે આપને દેશ પરદેશનાં કામમાં સાનુકુળતા મળી રહે. આપના યશ પદ ધનમાં વધારો થાય તેવી કાર્ય રચના થાય. સાથે સાથે, નોકરીના કામ અંગે સતત વ્યસ્તતા જણાય. નોકરી ધંધાના કામ અંગે, બહાર કે બહારગામ જવાનું બને. જે લાભદાયી રહે.

**ધન** (ભ.ધ.ફ)
આપને રાજકીય સરકારી, કે પછી ખાતાકીય કામકાજ અંગે દોડધામ અને વ્યસ્તતા જણાય. પરંતુ કામનો ઉકેલ આવવાથી આનંદ સંતાન માટે એડમિશન માટેના આપના કામમાં રુકાવટ-મુશ્કેલી અનુભવાય. સોમવારે વડીલોના સ્વાસ્થ્ય અંગેની ચિંતા હળવી બને.

**મકર** (ખ.જ)
રાજકીય-સરકારી-ખાતાકીય કામમાં, કોર્ટ કચેરીના કામમાં કોઈને કોઈ રૂકાવટ રહ્યા કરે. આપના ધાર્યા મુજબનું કામ ન થતાં ઉદ્વેગ રહે.આપના માટે માનસિક પરિતાપ- ઉચાટનો સમય પૂરો થઈ રહ્યો છે. ખર્ચાઓ અને ઓછો નફો તમને પુનર્વિચાર કરવાની ફરજ પાડશે.

**કુંભ** (ગ.સ.શ.ષ)
વાણીની સંયમતા રાખીને શાંતિથી પોતાનું કામ કરવું. મહત્ત્વના નિર્ણયો લેવામાં ઉતાવળ ન કરવી. પરદેશના કામમાં રૂકાવટ જણાય.આપના કાર્યમાં આકસ્મિક સરળતા જણાય. પુત્ર- પૌત્રાદિકના પ્રશ્નમાં આપની ચિંતા પરેશાની ઓછી થાય. ધંધામાં આવક થાય.

**મીન** (દ.ચ.ઝ)
આપના કાર્યમાં વ્યસ્ત રહેવાનો પ્રયાસ કરો. મિત્રવર્ગ સગા સંબંધી વર્ગની ચિંતા જણાય. જમીન-મકાન-વાહનની લે-વેચમાં ઉતાવળ ન કરવી. દરમ્યાન આપ કોઈને કોઈ કારણસર નોકરીના કામમાં વ્યસ્ત રહો. આપના કાર્યને પૂર્ણ કરવા માટે દોડધામ શ્રમ જણાય. ક્ષણિક ચિંતા રહે. નોકરી-ધંધાના કામકાજ અંગે બહાર કે બહારગામ જવાનું બને.

## પંચાયત સેવા વર્ગમાં 3 વર્ષથી વધુ સમય ચિટકેલા કર્મચારીઓની ગમે ત્યારે બદલી

ગુજરાત | વંદન

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ પહેલાં પંચાયત સેવાવર્ગના કર્મચારીઓ કે જે 3 કરતા વધુ વર્ષથી એકજ ટેબલ અને એકજ સ્થળે ફરજ બજાવી રહ્યા છે. તેવા તમામ કર્મચારીઓની બદલીઓ નિશ્ચિત બની છે. તો બીજી તરફ જિલ્લા વિકાસ કમિશ્નર ની કચેરી દ્વારા 3 વર્ષથી બદલી ન થઈ હોય તેવા કર્મચારીઓ નીવિગતો સાથેની યાદી મંગાવવામાં આવી છે. અને આ માટે તમામ જીલ્લા વિકાસ અધિકારીઓ ને પત્ર લખી 13 જૂન સુધીમાં યાદી મોકલવાના આદેશ કર્યા છે. રાજ્યની અલગ અલગ જિલ્લા તેમજ તાલુકા પંચાયતોમાં ફરજ બજાવતાં પંચાયત સેવા વર્ગ 3ના ફરજ બજાવતા કર્મચારીઓ કેજે 3 વર્ષ કે તેથી વધુ સમય સુધી એકજ શાખા , ટેબલ અને સ્થળ ઉપર ફરજ બજાવતા હોય અને તેવા કર્મચારીઓ ની અવર્ષ દરમ્યાન અન્ય વિભાગમાં બદલી કરવામાં આવી ન હોય તેવા કર્મચારીઓ ની બદલી માટે યાદી મંગાવવામાં આવી છે.

## ભુજ : જખૌમાંથી ચરસના 10 પેકેટ પકડાયા : BSFનું સર્ચ ઓપરેશન

ગુજરાત | વંદન

BSF ની એક પેટ્રોલિંગ ટુકડીએ ભુજના કરમથા (જખૌ બેટ)ના વરાયા થારમાંથી ચરસના 10 પેકેટ જપ્ત કર્યા છે. ઝડપાયેલા પેકેટના પેકેજિંગ પર 'કોબ્રા બ્રાન્ડ કોહિનૂર બાસમતી ચોખા' લખેલું છે.

દુશ્મન દેશ દ્વારા અનેક વખત નશાના માદક દ્રવ્યો ભારતમાં ઘુસાડવા પ્રયાસ થયાનું સામે આવ્યું અગાઉ પણ બી.એસ.એફ, ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ, તથા અન્ય એજન્સીઓ દ્વારા જાખૌ કોસ્ટ અને ક્રીક વિસ્તારમાંથી ચરસના પેકેટો મળી આવ્યા છે. બીએસએફ અને અન્ય એજન્સીઓ દ્વારા જપ્ત કરાયેલા આ પેકેટ્સ, પાકિસ્તાન તરફથી દરિયાઈ મોજાં સાથે ધોવાઈ ગયા હોવાનું જણાય છે અને આમ, આ પેકેટો ભારતીય કિનારે પહોંચ્યા છે. 20મી મે 2020થી બીએસએફ અને અન્ય એજન્સીઓ દ્વારા 1516 પેકેટો રિકવર કરવામાં આવ્યા છે.

## 'લે આ 30 હજાર જા..મારા પતિની હત્યા કરી નાંખ..'

### લગ્નના ચાર જ મહિના પછી પ્રેમી સાથે મળીને પતિનું કાસળ કઢાવ્યું, 3 હત્યારાઓને આપી હતી સોપારી

ગુજરાત | વંદન



મધ્યપ્રદેશ પોલીસ દ્વારા દાહોદની એક પરીણિત મહિલા અને તેના પ્રેમીની ધરપકડ કરવામાં આવી છે. આ બન્ને પર આરોપ છે કે તેમણે મળીને મહિલાના પતિની હત્યા કરી છે. ઉલ્લેખનીય છે કે ચાર જ મહિના પહેલા આરતી પંચાલના લગ્ન લકી પંચાલ સાથે થયા હતા. આરતી પંચાલ પર પતિની હત્યાની યોજના ઘડવાનો આરોપ છે. પોલીસના જણાવ્યા અનુસાર, હત્યા કરનારા 3 લોકોને શોધવાની કામગીરી વિભાગના કર્મચારીઓ દ્વારા હાથ ધરવામાં આવી હતી. પોલીસ દ્વારા પ્રાપ્ત જાણકારી અનુસાર, કઠલા ગામમાં રહેતી આરોપી આરતી પંચાલ પાછલા આઠ વર્ષથી તેના ગામમાં જ રહેતા રોહિત રાજપુર નામના યુવક સાથે પ્રેમસંબંધમાં હતી. પરંતુ આરતીના લગ્ન મધ્યપ્રદેશના લકી પંચાલ સાથે કરાવી દેવામાં આવ્યા હતા. લગ્ન પછી આરતી અને રોહિત વચ્ચેનો સંપર્ક તૂટી ગયો હતો. પરંતુ લગભગ દોઢ મહિના પહેલા તેમની ફરીથી મુલાકાત થઈ હતી.

આરતી અને રોહિતે મળીને લકી પંચાલની હત્યા કરવાનું નક્કી કર્યું જેથી તે બન્ને સાથે રહી શકે. રોહિત રાજપુરે ત્યારપછી બચુ ભૂરિયા, પપ્પુ સાંગડિયા અને રણજીત નિનામાનો સંપર્ક કર્યો અને તેમને આ ગુનાહિત કૃત્ય કરવા માટે 30,000 રુપિયા આપ્યા. આરતી દાહોદમાં હતી અને તેના પતિ લકી પંચાલે 31મી મેના રોજ તેને મળવા માટે દાહોદ આવવાનો નિર્ણય કર્યો. તેણે પછીથી યોજના બદલી કાઢી અને 4 જૂનના રોજ આરતીને મળવા મોટરબાઈક લઈને આવ્યો હતો. આરતી લોકેશન જાણવા માટે પતિને સતત ફોન કરતી રહેતી હતી. તે આ માહિતી કોન્ટ્રાક્ટ કિલર્સને આપતી રહેતી હતી. તેમણે આરતીના પતિનું અપહરણ કર્યું અને પછી તેનું ગળુ દબાવીને હત્યા કરી નાખી. લકી પંચાલના મૃતદેહને નજીકના એક જંગલમાં મૂકી દેવામાં આવ્યો. પોલીસે મોબાઈલ ફોન ટ્રેક કર્યો. બીજા દિવસે લકીનો મૃતદેહ મળી આવ્યો અને હત્યાની ફરિયાદ નોંધવામાં આવી છે.

## 'અમૂલ' બ્રાન્ડ ઊભી કરનાર મહિલાઓ, પણ ગુજરાતની 18 સહકારી ડેરીમાં એક પણ મહિલા ચૅરપર્સન કેમ નહીં?




ગુજરાત | વંદન

ગુજરાત અને ભારતમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં 'ટેસ્ટ ઑફ ઈન્ડિયા'ના નામે મશહૂર 'અમૂલ' બ્રાન્ડ ઊભી કરવામાં ગુજરાતની પશુપાલક મહિલાઓનો સિંહફાળો રહ્યો છે. પરંતુ ગુજરાતની કુલ 18 મિલ્ક કો-ઑપરેટિવ ડેરી પૈકી એકપણ સંસ્થામાં મહિલા ચૅરપર્સન નથી.

ગુજરાતની 18,600 દૂધમંડળીઓમાં 36.4 લાખ સભાસદો પૈકી 75 ટકા મહિલા સભાસદો છે પરંતુ દૂધમંડળીઓથી લઈને દૂધની સહકારી સંસ્થાઓમાં મહિલાઓની આગેવાનીનું પ્રમાણ નહિવત્ છે. ભારતમાં પશુપાલક બહેનોએ 'શ્વેતક્રાંતિ' માટે પરસેવો પાડ્યો પણ આજેય કો-ઑપરેટિવ મિલ્ક ફેડરેશનના રાજકારણમાં મહિલાઓ ઉપેક્ષિત છે અને માત્ર પુરુષ આગેવાનોનું વર્ચસ્વ છે.

ગુજરાત યુનિવર્સિટીના પત્રકારત્વ વિભાગના વડા સોનલ પંડ્યા કહે છે, "સામાન્ય રીતે સત્તા અને જવાબદારી સાથે આવતા હોય છે પરંતુ મહિલાઓને માત્ર જવાબદારી જ સોંપવામાં આવે છે, સત્તા આપવામાં આવતી નથી. શ્વેતક્રાંતિ અને 'અમૂલ'ના ઉદયમાં મહિલાનો સિંહફાળો છે પરંતુ ડેરી ઉદ્યોગમાં આજે પણ મહિલાઓનું નેતૃત્વ બહાર આવ્યું નથી. તેઓ ઉમેરે છે, "વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ડેરીઉદ્યોગ સાથે જોડાયેલી હજારો મહિલાઓ સાથે સંવાદ કર્યો હતો પરંતુ ડેરીમાં કઈ પ્રોડક્ટ અને કેટલી પ્રોડક્ટ બનાવવી જેવી નિર્ણાયક બાબતોમાં મહિલાઓને ભાગીદાર બનાવવામાં આવતી નથી. મેક્રો પ્લાનિંગમાં મહિલાઓ જોવા મળતી નથી."

સોનલ પંડ્યા ડેરીઉદ્યોગમાં મહિલાના યોગદાન અંગે વાત કરતાં કહે છે, "પશુપાલન કરવાથી લઈને દૂધ ડેરીએ પહોંચાડવા સુધીનું કામ મહિલાના ભાગે આવે છે. તેમ



છતાં આજે પણ ગામમાંથી કોઈ પશુ નીકળે તો ફલાણા ભાઈની ગાય કે ભેંસ જાય છે તેવું કહેવામાં આવે છે. ફલાણા બેનની ભેંસ કે ગાય જાય છે એવું કહેવામાં આવતું નથી." "ગાયો-ભેંસોની લે-વેચમાં પણ મહિલાઓની ભાગીદારી જોવા મળતી નથી. સહકારી ક્ષેત્રમાં મહિલાઓની નહિવત્ લીડરશિપ છે. જે મહિલાઓ જોવા મળે છે તે પણ ચોક્કસ જ્ઞાતિની જ જોવા મળે છે." "દલિત, આદિવાસી કે અન્ય પછાત કોમની મહિલાઓ સહકારી ક્ષેત્રમાં જોવા મળતી નથી."

ગુજરાતની 18 કો-ઑપરેટિવ મિલ્ક ફેડરેશન ડેરીની અંતર્ગત 18,600 દૂધમંડળીઓ નોંધાયેલી છે જે પૈકી માત્ર 4,000 દૂધમંડળીઓનું સંચાલન મહિલાઓના હાથમાં આવ્યું છે જ્યારે અન્ય દૂધમંડળીનું સંચાલન પુરુષોના હાથમાં છે.

સમાજશાસ્ત્રી અને પ્રોફેસર ઘનશ્યામ શાહે આ અંગે જણાવ્યું છે કે, "સહકારી ક્ષેત્રમાં મહિલાઓને રિઝર્વેશન આપવામાં આવે તો આ મુદ્દે ચોક્કસ બદલાવ લાવી શકાય છે. જેમ કે પંચાયતોના વહીવટમાં મહિલાઓને રિઝર્વેશન આપવામાં આવ્યું છે જેથી કેટલીક મહિલાઓ જાતે વહીવટ કરતી જોવા મળે છે. કેટલીક મહિલાઓના પતિ તેમના વતી વહીવટ કરે છે. જે ધીમે-ધીમે ઓછું થઈ રહ્યું છે અને મહિલાઓની લીડરશીપમાં વધારો જોવા મળી રહ્યો છે." તેઓ કાયદામાં સુધાર ઉપર ભાર આપતા કહે છે, "કાયદા બનાવવાથી મહિલાઓને તક મળે છે અને તક મળવાથી જ મહિલાઓમાં લીડરશીપ ઊભી થાય છે. મહિલાઓમાં હવે દિવસે-દિવસે શિક્ષણ પણ વધવા લાગ્યું છે. મહિલાઓ કુશળ વહીવટ કરી શકે છે પરંતુ તેમને એક તકની જરૂર છે. જે અનામતના કાયદા દ્વારા આપી શકાય છે."

ગુજરાત દૂધના સહકારી ક્ષેત્રે મહિલાઓની ભાગીદારી વધારવા માટે મહિલા અનામત કરવામાં આવે તેવું સમાજશાસ્ત્રીઓનો એક વર્ગ માને છે પણ મહિલાઓ કુશળ વહીવટ કરી શકે છે તેનું ઉત્તમ ઉદાહરણ દક્ષિણ ગુજરાતનો વલસાડ જિલ્લો છે. ગુજરાતના 18 કો-ઑપરેટિવ મિલ્ક ફેડરેશનમાં વલસાડ જિલ્લાની વસુધારા ડેરીનો સમાવેશ થાય છે. વસુધારા ડેરીમાં મહિલાઓ સંચાલિત ડેરી સંઘ (દૂધમંડળી) ગુજરાતમાં સૌથી વધારે છે. વલસાડ જિલ્લામાં કુલ 1140 ડેરી સંઘ પૈકી 940 ડેરી સંઘો મહિલાઓ સંચાલિત છે.

## શબ્દોની સંતાકૂકડી 14 — સાપ્તાહિક ગુજરાત વંદન

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 | 2 | | 3 | ■ | 4 | 5 |
| 6 | | ■ | 7 | | ■ | |
| | ■ | 8 | | ■ | 9 | ■ |
| ■ | 10 | | ■ | 11 | | |
| 12 | | | 13 | | | ■ |
| ■ | | ■ | 14 | | ■ | 15 |
| 16 | ■ | 17 | | ■ | 18 | |

**ઊભી ચાવી**

(1) પ્રશ્ન [3]
(2) કેન્સલ કરેલું [2]
(3) સમુદાય, મંડળી, સભા [3]
(5) પૈસા કે ફંડફાળાની યાદી [2]
(8) પુત્રના ..... પારણામાંથી, વહુના .....બારણામાંથી [3]
(9) અપશબ્દ [3]
(10) આ નામનો એક દેશ [3]
(11) ખ્યાતિ [3]
(13) શકુંતલા અને દુષ્યંતનો પુત્ર [3]
(15) ઝડપ, ગતિ [2]

**આડી ચાવી**

(1) અંગકસરત બતાવતો એક ખેલ [4]
(4) ધૂળ [2]
(6) સ્પર્ધા, હરિફાઈ, ચડસાચડસી [2]
(7) મહિનો [2]
(8) જલને ઊંધેથી લખો [2]
(10) કુબેરનો અનુચર [2]
(11) જાણીતો એક હિંદી આરજે [3]
(12) વેરવિખેર [6]
(14) અહીં નાર શબ્દ ઊંધો થયો છે. [2]
(16) નવ્વાણું પછી આવે [1]
(17) પ્રેમ [2]
(18) સુંદર સ્ત્રી [2]

**શબ્દોની સંતાકૂકડી-14 નો ઉકેલ આવતા અંકે**

**શબ્દોની સંતાકૂકડી-13નો ઉકેલ**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 વા | ઘ | ■ | 2 કા | ફ | ■ | 3 ન |
| ન | ■ | 4 ચાં | ચ | ■ | 5 બં | દી |
| ■ | 6 મે | દ | ■ | 7 ધો | ધ | ■ |
| 8 વાં | સ | ■ | 9 વા | જું | ■ | 10 મે |
| ક | ■ | 11 ત | મા | ■ | 12 ગા | ડી |
| ■ | 13 થા | ક | ■ | 14 લા | લ | ■ |
| 15 પા | ળી | ■ | 16 વ | શ | ■ | 17 હું |

## કોયડો નં. 16 સુડોકુ — સાપ્તાહિક ગુજરાત વંદન

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 1 | | | | 2 | | | 6 |
| 3 | | | 8 | 4 | | 5 | | |
| | | | 6 | 7 | | | | |
| 1 | 4 | | | | 8 | | 7 | 9 |
| | | | | 5 | | 3 | | |
| | | | 7 | | 4 | | | |
| | 3 | | | | | 4 | | |
| | | | 4 | | | | 2 | 8 |
| 4 | 8 | | | 6 | | | | |

ખાનાઓમાં એકથી નવના આંક એ રીતે ગોઠવાયેલા છે કે ઊભી, આડી રોમાં એક આંક એક જ વાર આવે. તે જ રીતે દરેક કોર્નરમાં નવના ચોકઠામાં પણ એકથી નવના આંક એક એકવાર જ આવવા જોઈએ. નમૂના માટે કેટલાક આંક મૂકાયા છે. ખાલી ખાનાં હવે તમે તર્ક લગાડીને ભરી કાઢો.

**સુડોકુ-16નો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 1 | 4 | 5 | 9 | 2 | 7 | 3 | 6 |
| 3 | 7 | 6 | 8 | 4 | 1 | 5 | 9 | 2 |
| 2 | 5 | 9 | 6 | 7 | 3 | 8 | 4 | 1 |
| 1 | 4 | 5 | 3 | 2 | 8 | 6 | 7 | 9 |
| 7 | 2 | 8 | 9 | 5 | 6 | 3 | 1 | 4 |
| 6 | 9 | 3 | 7 | 1 | 4 | 2 | 8 | 5 |
| 9 | 3 | 2 | 1 | 8 | 5 | 4 | 6 | 7 |
| 5 | 6 | 1 | 4 | 3 | 7 | 9 | 2 | 8 |
| 4 | 8 | 7 | 2 | 6 | 9 | 1 | 5 | 3 |

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

## બેરોજગાર યુવાનો માટે સારા સમાચાર, સરકારના આ પગલાથી દેશના કરોડો યુવાનોને રોજગારી મળવાની આશા

# ‘દોઢ વર્ષમાં કરો 10 લાખની ભરતી..’, વડાપ્રધાન મોદીનો સૌથી મોટો આદેશ

ગુજરાત | વંદન


સરકારી નોકરીની તૈયારી કરી રહેલા ઉમેદવારો માટે સારા સમાચાર સામે આવ્યા છે. આગામી 1.5 વર્ષમાં સરકાર વિવિધ વિભાગોમાં 10 લાખ જગ્યાઓ પર ભરતી કરશે. આ ભરતી કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો અને મંત્રાલયો હેઠળ હાથ ધરવામાં આવશે. સરકારના આ પગલાથી દેશના કરોડો યુવાનોને રોજગારી મળવાની આશા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તમામ વિભાગો અને મંત્રાલયોમાં કર્મચારીઓની સ્થિતિની સમીક્ષા કર્યા બાદ આ નોકરીઓ આપવાનો આદેશ આપ્યો છે.

વડાપ્રધાન કાર્યાલય દ્વારા એક ટ્વીટ કરવામાં આવ્યું છે. PMO દ્વારા કરવામાં આવેલા ટ્વિટમાં કહેવામાં આવ્યું છે કે PM નરેન્દ્ર મોદીએ તમામ વિભાગો અને મંત્રાલયોમાં માનવ સંસાધનની સ્થિતિની સમીક્ષા કરી અને નિર્દેશ આપ્યો કે સરકાર આગામી દોઢ વર્ષમાં મિશન મોડમાં કામ કરવામાં આવે અને 10 લાખ લોકોની ભરતી કરવામાં આવે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તમામ મંત્રાલયો અને વિભાગોમાં માનવ સંસાધનની સમીક્ષા કરી છે. આ સાથે તેમણે સરકારને આગામી દોઢ વર્ષમાં મિશન મોડમાં તેના પર કામ કરવાનો આદેશ આપ્યો છે. અગાઉ મોદી સરકાર પર પ્રહારો કરતા અનેકવાર આરોપ લગાવી ચૂક્યા છે કે તે રોજગાર આપી શકતી નથી. ખાસ કરીને નોટબંધી, GST અને પછી કોરોનાના સમયગાળા દરમ્યાન અર્થવ્યવસ્થાના વિકાસ દરમાં મંદીના કારણે ખાનગી ક્ષેત્રમાં નોકરીની તકો વધુ બહાર આવી રહી નથી. આવી સ્થિતિમાં મોદી સરકારની આ જાહેરાત સરકારી નોકરીની શોધ કરી રહેલા યુવાનો માટે સારા સમાચાર છે.

PMO દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, આગામી દોઢ વર્ષમાં કેન્દ્ર સરકારના તમામ વિભાગોમાં માત્ર 1.5 લાખ પદો પર જ ભરતી થઈ શકે છે. પીએમઓ ઈન્ડિયા એકાઉન્ટમાંથી આ સંબંધમાં માહિતી આપતાં ટ્વિટ કરવામાં આવ્યું છે કે, ‘પીએમ નરેન્દ્ર મોદીએ તમામ મંત્રાલયો અને વિભાગોમાં માનવ સંસાધનોની સમીક્ષા કરી છે. આ સાથે તેમણે સરકારને આદેશ આપ્યો છે કે આગામી દોઢ વર્ષમાં મિશન મોડમાં કામ કરવામાં આવે અને 10 લાખ લોકોની ભરતી કરવામાં આવે.

ગત વર્ષે કેન્દ્રીય પ્રધાન જિતેન્દ્ર સિંહે રાજ્યસભામાં એક પ્રશ્નના જવાબમાં કહ્યું હતું કે, 1 માર્ચ, 2020 સુધીમાં, કેન્દ્ર સરકારના વિભાગોમાં 8.72 લાખ પદો ખાલી છે. આવી સ્થિતિમાં, સ્પષ્ટ છે કે, હાલમાં આ આંકડો વધીને 10 લાખની નજીક પહોંચી ગયો હશે, જેના પર પીએમ નરેન્દ્ર મોદીએ ભરતીનો આદેશ આપ્યો છે. જિતેન્દ્ર સિંહે જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારના તમામ વિભાગોમાં કુલ 40 લાખ 4 હજાર પદો છે, જેમાંથી લગભગ 31 લાખ 32 હજાર કર્મચારીઓની નિમણૂક કરવામાં આવી છે. આ રીતે 8.72 લાખ જગ્યાઓ પર



ભરતીની જરૂર છે.

2016-17થી 2020-21 દરમ્યાન ભરતીના આંકડા આપતા જિતેન્દ્ર સિંહે કહ્યું હતું કે, SSCમાં કુલ 2,14,601 કર્મચારીઓની ભરતી કરવામાં આવી છે. આ સિવાય RRBએ 2,04,945 લોકોને એપોઈન્ટમેન્ટ આપી છે. જ્યારે યુપીએસસીએ પણ 25,267 ઉમેદવારોની પસંદગી કરી છે.

## દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જાહેરનામાના ભંગ બદલ કાર્યવાહી

# પ્રતિબંધ છતાં માછીમારી કરવા બદલ 10 બોટ સંચાલકો સામે FIR

ગુજરાત | વંદન

હાલ ચોમાસાની તુમાં દરિયામાં કરંટ તથા ગમે તે સમયે ખરાબ વાતાવરણ તેમજ વાવાઝોડાની સંભાવનાઓ હોવાથી દેવભૂમિ દ્વારકા જિલ્લા કલેકટર દ્વારા માછીમારોને દરિયો ખેડવા તથા માછીમારી કરવા સામે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. તેમ છતાં આ નિયમનું ઉલ્લંઘન કરી અને દરિયામાં માછીમારી કરનારા 10 બોટ સંચાલકો સામે ગુન્હો નોંધવામાં આવ્યો છે.દ્વારકા જિલ્લાના માછીમારોને દરિયો ખેડવા તથા માછીમારી કરવા સામે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. તેમ છતાં પણ કેટલાક માછીમારો આ નિયમનું




ઉલ્લંઘન કરી અને દરિયામાં માછીમારી કરવા માટે જઈને પોતાના જીવ જોખમમાં મૂકતા હોવાથી પોલીસ તંત્ર દ્વારા આ સામે કડક હાથે કાર્યવાહી કરવામાં આવી છે. દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા તાબેના સલાયા તથા વાડીનાર ઉપરાંત ઓખા મરીન વિસ્તારમાં આવેલા દરિયામાં ગેરકાયદેસર રીતે માછીમારી કરવા ગયેલા જુદા-જુદા દસ આસામીઓ સામે સલાયા મરીન પોલીસ દ્વારા જાહેરનામાના તથા ફિશરીઝ એક્ટનો ભંગ કરવા સબબ ગુનો નોંધવામાં આવ્યો છે. જે અંતર્ગત ખંભાળિયા તાલુકાના સલાયા ગામના અલી હુસેન ચમડિયા, હુસેન જુનસ ગંઢાર, આલી જુનસ ગંઢાર, વાડીનારના મુસા મહંમદ કકલ, ઓખામંડળના આસલમ નુરમામદ સુંભણીયા, ફિરોજ હાસમ પઠાણ, મુસા સત્તાર સુંભણીયા, આરીફ અબ્દુલ શેખ અને કરીમ ઓસમાણ ઈસ્બાની નામના કુલ દસ બોટના સંચાલકો સામે પોતાના અંગત આથક લાભ માટે પોતાના તથા બોટમાં કામ કરતા ખલાસીઓના જીવ જોખમમાં મુકી, માછીમારી કરી- કરાવીને કાયદાનું ઉલ્લંઘન કર્યાનો ગુનો નોંધી આ અંગે કાર્યવાહી કરવા માટે ફિશરીઝ વિભાગને જરૂરી રિપોર્ટ કરવામાં આવ્યો છે.

## 5 આરોપીઓ કે જેમાં 4 સગીર અને એક પુખ્તવયનો છે તેમણે પૂર્વ આયોજન મુજબ આ ગુનો કર્યો

# હૈદરાબાદ ગેંગરેપ: આરોપીઓએ અગાઉથી જ પાસે રાખ્યા હતા નિરોધ?

ગુજરાત | વંદન

તારીખ 28 મેના દિવસે હૈદરાબાદના જ્યુબિલી હિલ્સ વિસ્તારમાં 17 વર્ષની સગીરા સાથે ગેંગરેપ થયો હોવાની ચોંકાવનારી ઘટના બની હતી. ત્યારે હૈદરાબાદ પોલીસના સૂત્રોના જણાવ્યા મુજબ, આ સમગ્ર ઘટના પૂર્વનિયોજીત હોવાનો ઈશારો પ્રાથમિક નજરના પુરાવા જણાવી રહ્યા છે. 5 આરોપીઓ કે જેમાં 4 સગીર અને એક પુખ્તવયનો છે તેમણે પૂર્વ આયોજન મુજબ આ ગુનો કર્યો હતો. તેઓ પાસે કૉન્ડોમ્સ હતા અને ગુનો કર્યો તે દરમિયાન તેનો ઉપયોગ પણ કર્યો હતો.





પોલીસના સૂત્રોના જણાવ્યા મુજબ, તેમણે ક્યાંથી કૉન્ડોમ્સ લીધા તે જાણવાનો પણ અમે પ્રયાસ કરી રહ્યા છીએ. પોલીસે તમામ આરોપીઓના કૉલ ડેટા રેકોર્ડ્સ પણ એકત્રિત કર્યા છે જેનો ઉપયોગ તેઓને પૂછવામાં આવનારા સવાલ રૂપે કરાશે. જેથી એવું જાણવામાં પણ મદદ મળશે કે આરોપીઓએ જ્યારે ગુનો કર્યો ત્યારે કોણ-કોણ તેઓના સંપર્કમાં હતું. સમગ્ર ક્રાઈમ સીનને રીક્રિએટ કરવા માટે પોલીસ આ તમામ આરોપીઓને જ્યુબિલી રોડ નંબર 44 પર લઈ ગઈ હતી. રવિવારે કરાયેલી પૂછપરછ દરમિયાન આરોપીઓએ જણાવ્યું હતું કે સગીરાના ‘મૈત્રીપૂર્ણ સ્વભાવ’નો લાભ લઈને તેનું શારીરિક શોષણ કર્યું હતું.

તેમ છતાં પોલીસના સૂત્રોના જણાવ્યા મુજબ, આરોપીઓએ આપેલા નિવેદનમાં થોડો વિરોધાભાસ જોવા મળ્યો હતો. જેથી તેઓની કૉલ રેકોર્ડ્સના આધારે વધારે પૂછપરછ કરવામાં આવશે. તેમજ પાંચેય મુખ્ય આરોપીઓના potency ટેસ્ટ રિપોર્ટની પણ પોલીસ રાહ જોઈ રહી છે. સૂત્રોના જણાવ્યા મુજબ, આરોપીઓની પૂછપરછ દરમિયાન એ વાતની પણ ખરાઈ કરાશે કે શું તેમણે પબમાં પ્રવેશતા પહેલા કૉન્ડોમ ખરીદ્યા હતા કે પછી ત્યાંથી બહાર નીકળીને કૉન્ડોમ ખરીદ્યા હતા?

અનુસંધાન પેજ 4 પરથી...

### બાકી જિંદગી...

હંમેશા ગુનેગારો સાથે જ કામ કરવાનું. તહેવારોમાં પણ ડ્યુટી હોય. આવી નોકરી કરી હું કઠોર થઇ જતો. પણ ઘરે આવી મારી પરી સાથે વાતો કરું ત્યાં ફરી મારી લાગણીઓનો વિરડો ભરાઇ જતો.”.

“ આમ ને આમ તેણે પીટીસી પાસ કર્યું. તેને સારા સારા ઘરેથી માગા આવવા લાગ્યા. એક ખૂબ ધનવાન કુટુંબના દેખાવડા છોકરા સાથે તેની સગાઈ કરી દીધી. હું એવું વિચારતો કે મારી પરી કોઈ દિવસ દુઃખી ન થવી જોઈએ. તેના સાસરીયાની ના હોવાને લીધે મેં તેને નોકરી પણ ના કરાવી.”.

વાત કહેતાં કહેતાં તે ભૂતકાળમાં ખોવાઈ ગયા. “જોતજોતામાં તેના લગ્નનો દિવસ આવી ગયો. તેને સાસરે વળાવી, મેં મારુ ઘર ખાલી કરી નાખ્યું. હવે ઘરમાં વધ્યો હું, દીવાલો અને મારી ઉદાસી. મારી ઘરડી મા પણ ભગવાનના ધામમાં ચાલી ગઇ હતી. દિવસે દિવસે પોલીસની નોકરી અઘરી અને ખટપટો વાળી થવા લાગી. મને લાગ્યું મારા જેવો સીધો માણસ હવે નોકરી કરી શકે તેમ નથી. હજી નોકરીને પાંચ વર્ષ બાકી હતા.”.

“પરીના સુખી લગ્ન જીવનના ફોન આવ્યા કરતા. ક્યારેક મારી સંભાળ લેવા બંને જણા બે દિવસ રોકાવા પણ આવી જતા.”.

“લગ્નને એકાદ વર્ષ થયું હશે, ત્યાં પરી બીમાર રહેવા લાગી. શરીર સુકવવા લાગ્યું. કેટલાય ડોક્ટરો ફેરવ્યા પણ કઈ કારી ના ફાવી. મારી પરીને કોઈની નજર લાગી ગઈ. એક દિવસ મારો જમાઈ તેને મારા ઘેર મૂકી ગયો. અને સાજી થાય ત્યારે મોકલજો તેવું કહી જતો રહ્યો. પરી તે દિવસે ખૂબ રડી. મેં તેને સાંત્વન આપ્યું. બેટા, હું તને સાજી કરાવી દઈશ. મેં પણ તેને ઘણા દવાખાને ફેરવી. કોઈ ડોક્ટરથી રોગ પકડાયો નહીં. એક દિવસ પરી પણ એની મા પાસે ઉડી ગઈ.”.

મેં ડ્રાઈવર મિરરમાં જોયું તો તેની આંખમાંથી આંસુ ટપકતા હતા. તેણે ઘડીક મૌન રહી શર્ટની બાહે આંખો લૂછી આગળ વાત ચાલુ કરી.

“મેં પોલીસની નોકરી છોડી દીધી. આખો દિવસ ઘરમાં ભરાઈ રહેતો. પછી મને લાગ્યું કે જો આમ ચાલ્યું તો હું પાગલ થઈ જઈશ. ને હવે નોકરી પણ છોડી દીધી હતી. પેટ ભરવા કંઈ કામ તો કરવું પડશે! એટલે મેં આ રીક્ષા લીધી. જેમાંથી પેટ પૂરતું કમાઈ લઉં છું. ને જુદા જુદા લોકોને મળવાનું થાય છે. એવામાં મને આ દાદા-દાદી મળી ગયા. તેમની મુશ્કેલી પણ મારા જેવી જ છે. એટલે તેમની આ નાનકડી સેવા કરું છું. મારી પરીના આત્માને આનંદ થતો હશે.”

આમ કહી, તેણે રિક્ષા ચલાવતા ચલાવતા આકાશ તરફ જોયું....

આટલી વાત કરતાં મારુ સ્ટેશન આવી ગયું. હું પણ ઢીલો થઈ ગયો. આજે તેણે મારી સાથે હાથ મિલાવ્યો. મેં ઉષ્માથી તેનો ખભો ઠપથપાવ્યો. તેની આંખોના ખૂણા હજી ભીના હતા. રીક્ષા ભીડમાં ખોવાઈ ગઈ.......

અનુસંધાન પેજ 12 પરથી...

### અક્ષયકુમાર અને કંગના...

મથાળા બનવાની રાહ જોઇ રહી છે...!

### ઇડીએ સુષુપ્ત કોંગ્રેસમાં નવો પ્રાણ ફૂંક્યો, કેટલાક કોંગ્રેસીઓએ કહ્યું- અમને જગાવવા બદલ થેંક્સ ઇડીજી.,.?

ગમે ત્યારે વિદેશ ઉપડી જતાં રાહુલ ગાંધીને આ વખતે વિદેશ નહીં પણ ચલો બુલાવા આયા હૈ..ઈડીમૈયાને બુલાયા હૈ..ની જેમ ઇડીએ નેશનલ હેરાલ્ડ કેસમાં હાજિર હો..ની બુમ પડી અને મુદત પાડીને પૂર્વ આયોજન સાથે રાહુલ ઈડી સમક્ષ હાજર થવા નિકળ્યા ત્યારથી લઈને એટલે સવારથી સાંજ સુધી મિડિયાએ જે કવરેજ આપ્યું એટલુ કવરેજ તો છેલ્લાં 8 વર્ષમાં આપ્યુ નહીં હોય...!

દેશ આખામાં કોંગ્રેસે ઈડીની સ્થાનિક કચેરીએ પહોંચીને ધરણાં, દેખાવો, પ્રદર્શન, સૂત્રોચ્ચાર, પોલીસ સાથે દોડાદોડી, પકડા-પકડી, ટીંગાટોળી અને ટીવી કવરેજથી પંજામાં જાણે કે પ્રાણ પૂરાયો...કોઇ દિવસ રાજકિય કાર્યક્રમોમાં નહીં ફરકતા કાર્યકરો પણ ફરક્યા કેમ કે ટીવી કેમેરા હાજિર હતા...

મામલો રાહુલનો હતો એટલે તેમને જવાબ આપવા અમેઠીમાં રાહુલને હરાવનાર સ્મૃતિ ઈરાનને મિડિયા સામે મોકલવામાં આવ્યાં. પણ તેમના કરતાં ઈડીના મામલાને મિડિયાએ વધારે મહત્વ આપ્યું. અર્થાત પૂરે દિન રાહુલબાબા છાયે રહે...! શું કેટલાક ચોક્કસ ટીવી મિડિયાની પોલીસીમાં પરિવર્તન આવી રહ્યું છે કે કાલે ઉઠીને રાહુલ પીએમ બની જાય તો કહેતા ફાવે- સર, હમને ઈડીવાલે મામલે મેં આપકો પૂરા કવરેજ દિયા થા...!

મિડિયાની વાત નિકળી છે તો રાજ્યસભાની ચૂંટણીમાં ઝી ટીવીના માલિક સુભાષચંદ્રાની રાજસ્થાનમાં હાર થઇ તો આઇટીવી નેટવર્કના માલિક કાર્તિકેય શર્મા હરિયાણાથી જીત્યા છે. એક હાર્યા એક જીત્યા. ચલો, એક મિડિયાવાળો તો ઉપલાગૃહમાં મિડિયાના મુદ્દા મૂકશે. ક્યા કહતે હો....મિડિયાના મુદ્દા મૂકશે ને..? કે પછી ઓમ નમો શિવાય...? પ્ર.ઘ.

### ગુજરાતમાં ચાલૂ...

દરમિયાન ૯૬ થી ૧૦૪ ટકા વરસાદ પડવાની શક્યતા રહેલી છે. છેલ્લા ૨૪ કલાક રાજ્યમાં થયેલ વરસાદની વાત કરીએ તો, સવારના ૬.૦૦ થી બપોરના ૨.૦૦ સુધી રાજ્યમાં બે જિલ્લાઓના બે તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે, જેમાં સૌથી વધારે ખેડા જિલ્લાના નડીયાદ તાલુકામાં ૦૭ મીમી. વરસાદ નોંધાયો છે. રાજ્યમાં અત્યાર સુધી ૧૪.૪૫ મીમી વરસાદ થયો છે, જે છેલ્લાં ત્રીસ વર્ષની રાજ્યની સરેરાશ ૮૫૦ મીમી.ની સરખામણીએ ૧.૭૦ ટકા છે.

કૃષિ વિભાગના અધિકારીએ જણાવ્યું હતું કે, ચાલું વર્ષે અંદાજીત ૨,૫૩,૦૨૯ લાખ હેક્ટર ખરીફ પાકોનું વાવેતર તા. ૧૩ જુન સુધીમાં થયું છે. ગત વર્ષે સમાન સમયગાળા દરમિયાન ૨,૧૮,૫૫૪ લાખ હેક્ટર વાવેતર થયું હતું. આ વર્ષે છેલ્લા ત્રણ વર્ષની સરેરાશ વાવેતર વિસ્તારની સામે ૨.૯૩% વધુ વાવેતર થયું છે.સિંચાઇ વિભાગના અધિકારીએ જણાવ્યું હતું કે, સરદાર સરોવર જળાશયમાં ૧૫૪૯૧૫ એમ.સી.એફ.ટી પાણીનો સંગ્રહ છે, જે કુલ સંગ્રહશક્તિના ૪૬.૩૭ ટકા છે. રાજ્યનાં ૨૦૬ જળાશયોમાં ૧,૯૪,૯૫૪ એમ.સી.એફ.ટી પાણીનો સંગ્રહ છે જે કુલ સંગ્રહશક્તિના ૩૪.૯૩ ટકા છે. હાલમાં રાજ્યમાં બે જળાશયો વોર્નીંગ પર છે. આ બેઠકમાં એન.ડી.આર.એફ, એસ.ડી.આર.એફ., ઉર્જા, માર્ગ અને મકાન, આરોગ્ય, વન વિભાગ, સી.ડબલ્યુ.સી, ઇસરો સહિત વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓએ ઉપસ્થિત રહ્યા હતા.

### સંસ્થાના તાલીમાર્થીઓએ...

કૌશલ્યનો કિસ થાય, ઉદ્યોગોને તેમની જરૂરિયાત મુજબનું કુશળ માનવબળ મળી રહે, તે હેતુંથી અને “આઝાદી કા અમૃત મહોત્સવ” ની ઉજવણીના ભાગરૂપે સંસ્થામાં ‘લક્ષ્ય’ - સ્કિલ એક્ષ્પો-૨૦૨૨ નું આયોજન તા. ૧૪/૦૬/૨૦૨૨ થી ૧૬/૦૬/૨૦૨૨ દરમિયાન કરેલ છે. અંતર્ગત સંસ્થાના તાલીમાર્થીઓને સંસ્થામાં શીખવેલ સ્કિલને આધારે જે પ્રોજેક્ટ/ઈનોવેટીવ મોડેલ/ચાર્ટ બનાવી પ્રદર્શિત કરવામાં આવેલ છે.

આ પ્રદર્શન નિહાળવા ઔદ્યોગિક એકમોના પ્રતિનિધિઓ અને શાળા/કોલેજના વિદ્યાર્થીઓ સંસ્થાની મુલાકાત લઇ સંસ્થાની ગતિવિધીઓથી અવગત થયા છે. આનાથી ઉદ્યોગોમાં એપ્રેંટીસ અને આઇ.ટી.આઇ.ની મજૂંર બેઠકોનો ઉપયોગ થશે સાથોસાથ રોજગારીની તકો વધવા થકી વોકેશનલ બેઝ્ડ સ્કિલ તાલીમનો હેતુ સિદ્ધ થશે એમ આટીઆઈના આચાર્ય હિતેશ દોમડીયાએ જણાવ્યુ હતુ.

અનુસંધાન પેજ 10 પરથી...

### કૌન બનેગા રાષ્ટ્રપતિ...

માયાવતીએ યુપીની ચૂંટણીમાં રાજકીય સન્યાસ લીધો હતો. જેનો રાજકીય લાભ કોને મળ્યો તે સબ જાણતે હૈ..! ભૂતકાળમાં માયાવતીએ ભાજપની સાથે મળીને 6 મહિના હું સીએમ અને 6 મહિના ભાજપના સીએમ.. એવી એક નવતર કહી શકાય તેવી રાજકિય ગોઠવણ કરીને યુપીમાં સરકાર બનાવી. અને પોતે 6 મહિના માટે સીએમ બન્યા અને ભાજપનો વારો આવ્યો ત્યારે હુલાહુપ....! એવા સંજોગોમાં માયાવતીને ભાજપ રાષ્ટ્રપતિ કે ઉપરાષ્ટ્રપતિ બનાવે...?ચતુર નર-નાર કરો વિચાર..!

18 જુલાઈ કાંઈ આઘે નથી. કોણ બનશે એ ઉમેદવારનું નામ જાહેર થતાં ખબર બનશે. અને બીજી ખબર એ કે ભારતના રાષ્ટ્રપતિ અને અમેરિકાના રાષ્ટ્રપતિપદની વચ્ચે જમીન આસમાનનો તફાવત છે. ભારતના બંધારણમાં રાજકીય સંરચના અનુસાર વડાપ્રધાન દેશ ચલાવે, અમેરિકામાં રાષ્ટ્રપતિ ચલાવે. ભારતના રાષ્ટ્રપતિએ પાંચ વર્ષ દેશ વિદેશની મુલાકાતે જઈને ભારતનું પ્રતિનિધિત્વ કરવાનું, 26મીની પરેડમાં સલામી ઝીલવાની અને સંસદનું સત્ર શરૂ થાય ત્યારે સદનને સંબોધન કરવું. સરકાર બરાબર કામ કરે છે નહીં તેનું હળવેકથી ધ્યાન રાખવાનું. નવા રાષ્ટ્રપતિને અત્યારથી જ વંદન અને અભિનંદન....

અનુસંધાન પેજ 1 પરથી...

### સૈન્ય ભરતી સામે...

વાગે મોટી સંખ્યામાં યુવકો બક્સર રેલવે સ્ટેશન પર પહોંચ્યા અને ટ્રેક પર હંગામો મચાવવા લાગ્યા. અહીં તેમણે સૂત્રોચ્ચાર કર્યા અને ટ્રેક પર જ બેસી ગયા. હંગામાને કારણે જન શતાબ્દી એક્સપ્રેસ લગભગ એક કલાક સુધી ઉભી રહી હતી.

આ દરમિયાન કેટલાક યુવકોએ પટના જતી પાટલીપુત્ર એક્સપ્રેસ ટ્રેન પર પણ પથ્થરમારો કર્યો હતો. હાલમાં આરપીએફ રેલવે ટ્રેક ખાલી કરી રહી છે. જીઆરપીએ પણ સ્થળ પર સ્ટેન્ડ લીધું હતું. નારાજ વિદ્યાર્થીઓનું કહેવુ છે કે, કેન્દ્ર સરકારની આ યોજના ખોટી છે. જેમાં ચાર વર્ષમાં નિવૃતિ આપી દેવામાં આવશે, તો પછી આગળ શું થશે ?

ચાર વર્ષ પૂરા થયા પછી ભલે 25 ટકા અગ્નિવીરોને કાયમી કેડરમાં ભરતી કરવામાં આવશે, પરંતુ સવાલ એ છે કે 75 ટકા યુવાનો જે 10મું કે 12મું પાસ કરીને અગ્નિવીર બને છે તેમના માટે વિકલ્પ શું હશે? ભલે સરકાર તેમને લગભગ 12 લાખ રૂપિયાનું સર્વિસ ફંડ આપશે, પરંતુ તેમને બીજી નોકરી અપાવવા માટે સરકાર પાસે કઈ યોજના છે?દર વર્ષે લગભગ 45 હજાર યુવાનોને સેનામાં સામેલ કરવામાં આવશે. આ યોજનાનો લાભ ફક્ત સાડા 17 વર્ષથી લઈને 21 વર્ષ સુધીના યુવાનોને જ મળશે. આ ભરતી મેરિટ અને મેડિકલ ટેસ્ટના આધારે કરવામાં આવશે. પસંદગી પામેલા યુવાનોને ચાર વર્ષ સુધી સેનામાં સેવા કરવાની તક મળશે. આ ચાર વર્ષમાં અગ્નિવીરોને 6 મહિનાની મૂળભૂત લશ્કરી તાલીમ આપવામાં આવશે. અગ્નિવીરોને 30 હજારથી 40 હજાર મહિનાનો પગાર અને અન્ય લાભો આપવામાં આવશે. આ દરમિયાન અગ્નિવીરને ત્રણેય સેનાના કાયમી સૈનિકોની જેમ એવોર્ડ, મેડલ અને વીમા કવચ મળશે. ચાર વર્ષ પૂરા થયા બાદ કાયમી કેડરમાં 25% ભરતી કરવામાં આવશે. અગ્નિવીર જે ચાર વર્ષ પછી બહાર થશે તેને સર્વિસ ફંડ પેકેજ હેઠળ લગભગ 12 લાખ રૂપિયાની રકમ મળશે.

### શ્રીલંકા: અદાણીના મામલે...

ફર્ડિનાન્ડોના આ દાવા બાદ શ્રીલંકામાં હંગામો મચી ગયો હતો. રાષ્ટ્રપતિ ગોટાબાયા રાજપક્ષે પોતે આ આરોપોને સખત રીતે નકારી કાઢ્યા હતા. જે બાદ ફર્ડિનાન્ડોએ પોતાનું નિવેદન પાછું લઈ લીધું હતું અને જાહેરમાં માફી માંગી હતી.

**શ્રીલંકાના ઉર્જા મંત્રીએ રાજીનામાની પુષ્ટિ કરી|** શ્રીલંકાના વિદ્યુત અને ઉર્જા મંત્રી કંચના વિજેસેકરાએ એક ટ્વીટમાં જણાવ્યું હતું કે મેં સિલોન ઈલેક્ટ્રિસિટી બોર્ડ (CEB)ના અધ્યક્ષ MMC ફર્ડિનાન્ડોનું રાજીનામું સ્વીકાર્યું છે. વાઈસ પ્રેસિડેન્ટ નલિંદા ઈલાંગાકુન CEBના નવા ચેરમેન તરીકે કાર્યભાર સંભાળશે. દૂર કરાયેલ CEB ચેરમેન MMC ફર્ડિનાન્ડોનો દાવો રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટને લગતો હતો કે CEB એ માર્ચ 2022માં શ્રીલંકાના ઉત્તરીય પ્રાંતમાં મન્નાર અને પૂનરિન ખાતે અદાણી ગ્રૂપ સાથે અમલ કરવા સંમતિ આપી હતી.

**ગૌતમ અદાણીની શ્રીલંકા મુલાકાત બાદ આ ડીલ ફાઈનલ થઈ હતી**

અદાણી ગ્રૂપના ચેરમેન ગૌતમ અદાણીની શ્રીલંકા મુલાકાતના લગભગ પાંચ મહિના બાદ આ કરારને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું હતું. આ દરમિયાન તેઓ શ્રીલંકાના રાષ્ટ્રપતિ ગોટાબાયા રાજપક્ષેને મળ્યા અને પાવર અને રિન્યુએબલ એનર્જી સેક્ટરમાં સંભવિત રોકાણોની શોધ કરી. શ્રીલંકાની સંસદની જાહેર સાહસોની સમિતિ સમક્ષ ફર્ડિનાન્ડોનું નિવેદન ખાનગી ટેલિવિઝન ચેનલ દ્વારા પ્રસારિત કરવામાં આવ્યું હતું. આ પ્રસારણ બાદ શ્રીલંકાથી લઈને ભારત સુધી હોબાળો થયો હતો. રવિવારે એક ટ્વીટમાં કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ કહ્યું હતું કે ભાજપની દુશ્મનાવટ હવે પાલક સ્ટ્રેટને પાર કરીને શ્રીલંકા સુધી પહોંચી ગઈ છે.

### 2000ની નોટ...

10 હજારની નોટો પણ ચલણમાં હતી. જે સમયાંતરે જે તે સરકારો દ્નારા કાળા ધનને રોકવાનું કારણ આગળ ધરીને પાછી ખેંચી લેવામાં આવી હતી.

નોટબંધીના પગલે ભારતના મોટા મોટા માલેતુજારો, કરોડપતિઓ, લાખોપતિઓ સહિત લાગ જોઇને વગ લગાવનારા લાગવગિયા સિવાય બાકીના તમામ લોકો બિચારા, બાપડા, લાચાર, મજબૂર અને ચિંતાતુર થઇને બેંકોની બહાર દિવસો સુધી ઉભા રહ્યાં. લોકો બીજા તમામ કામો પડતા મૂકીને પોતાના ખાતામાંથી રોજે રોજના અમુક અમુક રકમ ઉપાડવાની મથામણમાં આમતેમ ફરતા હતા.,શું થશે...શું થશે..ના વાતાવરણમાં તે વખતે દેશના મુઠ્ઠીભર ટીવી મિડિયાએ લોકોની ચિંતામાં વધારો થાય એમ એવો દાવો કર્યો કે જે કડકડતી બે હજારની નવી નોટ બહાર પડવાની છે તેમાં નેનો ટેકનોલોજીથી એક માઇક્રો ચીપ લગાવવામાં આવી છે અને આ તમે નોટ જ્યાં મૂકેલી હશે ( એટલે કે જ્યાં પણ સંતાડેલી હશે) તેનું લોકેશન જીપીએસ સીસ્ટમથી સેટેલાઇટ દ્વારા સરકારને મળી જશે....! જમીનમાં ખૂબ ઉંડે સુધી બે હજારની નોટાના બંડલો દાટેલા હશે તો પણ સેટેલાઇટ તેને શોધી કાઢશે...! મુઠ્ઠીભર ટીવી મિડિયા ઉપરાંત વોટસએપ પર પણ જોરદાર પ્રચાર ચાલ્યો કે બે હજારની નોટ ઉપર ઉપગ્રહ(સેટેલાઇટ)નું ચિત્ર છે તે પકડી પાડશે અને નોટમાં જે ચમકદાર ત્રુટક ત્રુટક લાઈન છે માઇક્રો ચીપ છે અને રિફ્લેક્ટર દ્વારા તે સેટેલાઇટના તરંગો પકડે છે. કેટલાક બની બેઠલા સાયબર નિષ્ણાતોએ પણ અનુમોદન આપ્યું કે હાં ચલણી નોટમાં માઇક્રો નેનો ચીપ મૂકી શકાય છે..17 નવે.2016ના રોજ નવી બે હજારની નોટ બજારમાં આવી.

જેમના હાથમાં બેંકમાંથી, પગારમાંથી કે જ્યાંથી પણ બે હજારની નોટ આવતી ગઇ તેઓ નોટને ઉંચી-નીચી કરીને ચારેબાજુથી ફેરવી ફેરવીને જોવા લાગ્યા. કોઇકે વળી બિલોરીકાચથી આખી નોટનો ખૂણેખૂણો જોઇ નાંખ્યો. માઇક્રો ચીપ્સ છે ક્યાં...? અને મળે તો કાઢી લેવાય જેથી સેટેલાઇટ દ્વારા નોટાના બંડલોનું લોકેશન ન મળે..!! મુઠ્ઠીભર ટીવી મિડિયાએ સ્ટુડિયોમાં નિર્દર્શન કરીને વાતને દોહરાવr રાખી-જો જો હો જીપીએસ સીસ્ટમ છે નોટ પકડાઇ જશે. નોટબંધીથી ગભરાયેલા લોકોએ મુઠ્ઠીભર ટીવી મિડિયા પર વિશ્વાસ મૂક્યો કે હશે, સરકારે કાળા ધનને રોકવા અને કોઇ 2 હજારની નોટો મૂકી ન રાખે એટલે કોઇ ચીપ-વીપની સીસ્ટમ નોટની અંદર મૂકી હશે અને સમય વિતતો ગયો...

બજાર પર નજર રાખનારા સૂત્રોના મતે, ધીરે ધીરે બજારમાં ખબરો આવવા લાગી બે હજારની નોટ પણ બંધ થશે...સરકાર બે હજારની નવી નોટ છાપતી નથી અને બજારમાંથી પરત ખેંચી રહી છે..અને એ સાચુ પડવા લાગ્યુ. સંસદમાં સત્તાવાર માહિતી અપાઇ કે બે હજારની નવી નોટો હવે છપાતી નથી. અને ધીમે ધીમે લોકોએ બે હજારની નોટો બેંકમાં જમા કરવા માંડી. એ બીકે કે ક્યાંક માઇક્રો ચીપથી પકડાઇ ન જઇએ.

પણ હવે કેબીસીએ આવા બનાવટી સમાચારોની સામે શરૂ કરેલ પોલ ખોલ કાર્યક્રમમાં જીપીએસ સીસ્ટમના બહાને જબરજસ્ત ખુલાસો કર્યો કે વાસ્તવમાં બે હજારની નોટમાં કોઇ માઇક્રો ચીપ જીપીએસ સીસ્ટમ,નેનો ટેકનોલોજી જેવુ કાંઇ હતું જ નહીં અને મુઠ્ઠીભર ટીવી મિડિયા દ્વારા દેશના કરોડો-કરોડો લાચાર,મજબૂર લોકોની લાગણીઓ સાથે ખિલવાડ કરવામાં આવ્યું હતું...! અને આવા મિડુિયાએ ફેલાવેલી ખોટી અને સાવ બોગસ કારનામામાં લોકોને ગેરમાર્ગે દોરવામાં આવ્યાં આ લોકોએ સમગ્ર અખબારી જગત અને ટીવી મિડિયા પર મૂકેલા ભરોસાને તોડવાનું મહાપાપ પેલા મુઠ્ઠીભર ટીવી મિડિયા કે જેમણે બ્લેકમની અને ધનસંગ્રહને રોકવાની જવાબદારી પોતાના માથે ઉપાડી લીધી એ મુઠ્ઠીભર ટીવી મિડિયા કર્યું હોવાનું આખરે પૂરવાર થયું છે.

સૂત્રોએ લોકોની લાગણીને ધ્યાનમાં રાખીને એવો સવાલ પણ કર્યો કે દેશના લોકોને ગેરમાર્ગે દોરનાર એ મુઠ્ઠીભર ટીવી મિડિયાની સામે ફેક ન્યૂઝ કે બનાવટી સમાચારના મુદ્દે કોઇ કાયદાકીય કાર્યવાહી ના થઇ શકે..? કેમ કે એ વખતના વિડિયો કે ફૂટેજ યુટ્યુબમાંથી મળી શકે અને તેના આધારે તેમની સામે કાર્યવાહી થવી જોઇએ કે નહીં..? કેબીસીના પ્રોમોના માધ્યમથી સમાજમાં અને દેશ દુનિયામાં આવા બનાવટી અને ઉપજાવી કાઢેલા સમાચારોની પોલ હજુ ખોલવામાં આવે તેમ છે.

સૂત્રો કહે છે કે, બે હજારની નોટમાં નેનો કે માઇક્રો ચીપનો ખોટો પ્રચાર, ખોટી માહિતી આપનાર મુઠ્ઠીભર ટીવી મિડિયાએ કરોડો લોકોની સાથે ક્રૂર મજાક કરવાનું પાપ આચર્યુ છે. તેમની ગંદી રમત કેબીસીએ પ્રોમો દ્વારા ઉઘાડી પાડતા આવા ટીવી મિડિયાનો પર્દાફાશ થયો છે.

### 18 જુલાઇથી...

કરી દીધી છે. સરકારી સૂત્રોના અનુસાર રક્ષા મંત્રી રાજનાથ સિંહની અધ્યક્ષતાવાળી સંસદીય બાબતોના મંત્રીમંડળીય સમિતિએ 18 જુલાઈથી 12 ઓગસ્ટ સુધી સંસદના મોનસૂન સત્રને ચલાવવાની ભલામણ કરી છે. આ તારીખો પર અંતિમ વિચાર કર્યા બાદ સંસદ સત્ર માટે આ શિડ્યૂલ પર મોહર લાગી જશે.

જો 18 જુલાઈથી માંડીને 12 ઓગસ્ટ સુધી તારીખો પર સંસદી બાબતોની મંત્રીમંડળીય સમિતિ મોહર લગાવી દે છે તો આ વખતે મોનસૂન સત્ર સંસદમાં 17 દિવસ ચાલશે, કારણ કે આ દરમિયાન 17 દિવસ કાર્યદિવસ રહે છે. આ દરમિયાન સરકાર તરફથી ઘણા બિલ સંસદમાં રજૂ કરવામાં આવી શકે છે. તેમાં બજેટ સત્ર દરમિયાન સંસદીય સમિતિ પાસે મોકલવામાં આવેલા બજેટ સત્રના ચાર બિલ પણ સામેલ છે.

### કાશ્મીરમાં બેંન્ક...

આવ્યું હતું. કાશ્મીર પોલીસ દ્વારા કરવામાં આવેલા અન્ય એક ટ્વિટમાં કહેવામાં આવ્યું છે કે - એક આતંકીની ઓળખ શોપિયાંના જાન મોહમ્મદ તરીકે થઈ છે. તે અન્ય આતંકી ઘટનાઓ સિવાય 2 જૂને કુલગામમાં એક બેંક મેનેજરની હત્યામાં પણ સામેલ હતો. ઉલ્લેખનીય છે કે, વિજય કુમાર રાજસ્થાનના હનુમાનગઢનો રહેવાસી હતો. કાશ્મીરના કુલગામમાં ડ્યુટી જોઇન કર્યા બાદ 2 જૂને આતંકીઓએ તેની ગોળી મારીને હત્યા કરી દીધી હતી. ત્યાં લગાવેલા કેમેરામાં જોવા મળ્યું કે એક આતંકવાદી બેંકમાં ઘૂસી ગયો હતો અને બેંક મેનેજરને ગોળી મારી હતી.

### 5G સ્પેક્ટ્રમ...

જોકે દેશમાં હજી 5G સર્વિસ શરૂ કરવાની તારીખ નક્કી નથી, પરંતુ સરકારના નિયમ પ્રમાણે, જે કંપની સ્પેક્ટ્રમ ખરીદશે તેણે 6 મહિનાથી 1 વર્ષની અંદર સર્વિસ શરૂ કરવી પડશે. ઘણી ટેલિકોમ કંપનીઓએ આ વિશેની તૈયારીઓ પણ પૂરી કરી લીધી છે. તેઓ સ્પેક્ટ્રમ ખરીદ્યાના 3થી 6 મહિનાની અંદર સર્વિસ શરૂ કરી શકે એમ છે.

5G નેટવર્કમાં 20 Gbps સુધી ડેટા ડાઉનલોડ સુધીની સ્પીડ મળી શકે છે. ભારતમાં 5જી નેટવર્કના ટેસ્ટિંગ દરમિયાન ડેટા ડાઉનલોડની મહત્તમ સ્પીડ 3.7 Gbps સુધી પહોંચી ગઈ છે.



# દેશની કોલસાની ખાણોએ મે મહિનામાં ઉત્પાદન વધાર્યું

ગુજરાત | વંદન

ખનીજ કોલસાની અછતની પરિસ્થિતિ હળવી થયાના અહેવાલ સાંપડે છે. મળતી માહિતી મુજબ દેશની 37 જેટલી ખનીજ કોલસાની ખાણોએ ઉત્પાદન વૃદ્ધિ હાંસલ કરી છે. લગભગ 23 જેટલી કોલસાની ખાણોએ તેમની 100 ટકાની ઉત્પાદન ક્ષમતા હાંસલ કરી છે. જ્યારે 10 કોલસાની ખાણોનું ઉત્પાદન 80 થી 100 ટકાની સપાટીએ મે મહિનામાં રહેવા પામ્યું છે.

આમ ખનીજ કોલસાના ઉત્પાદનમાં મે માસમાં સમગ્ર પણે 33.88 ટકાની વૃદ્ધિને પરિણામે કુલ્લે 71.33 મિલિયન ટનનું ઉત્પાદન પ્રાપ્ત થયું છે. આગલા વર્ષના આ સમયગાળામાં આ ઉત્પાદન 53.25 મિલિયન ટનની સપાટીએ હતું. આની સ્વાભાવિક અસરરુપે કોલસા ઉપર આધારિત થર્મલ પાવર જનરેશનનું ઉત્પાદન 26.18 ટકાની સપાટીએ ગયા વર્ષે પ્રાપ્ત થયું હતું. જે મે 2022 ના મે મહિનામાં 23.32 ટકા જેટલું પાવર જનરેશન થવા પામ્યું છે.

હકીકતમાં કોલસા ઉપર આધારિત પારવર જનરેશન એપ્રિલ 2022 માં 1002529 મિલિયન યુનિટનું હતું તે કોલસાની અછતને કારણે મે 2022 માં 3.82 ટકા જેટલું ઘટીને 98309 મિલિયન યુનિયનું રહેવા પામ્યું છે. જો કે થર્મલ સહિતના અન્ય પ્લાન્ટોની મદદથી પાવર જનરેશન મે મહિનામાં કુલ્લે 140059 મિલિયન યુનિટનું થયું છે. જે એપ્રિલ 2022 માં 136465 મિલિયન યુનિટ હતું.

## બજારોનાં અંતરંગ

### ટાટા કોફીનો બિઝનેસ ટાટા કન્ઝુમર પ્રોડ.માં ટ્રાન્સફર કરાશે

ટાટા ગ્રુપની ટાટા કન્સુયમર્સ પ્રોડક્ટ લિ.એ તેના બિઝનેસની પ્રક્રિયાને વધુ સઘન બનાવવા માટે આ ગ્રુપની ટાટા કોફીનો બિઝનેસ ટાટા કન્સુયમર પ્રોડક્ટ સાથે સાંકળી લેનાર છે. આ માટે ટાટા કોફી અને નોન કન્ટ્રોલીંગ ઈન્ટરેસ્ટ જે ટાટા એન્ટરપ્રાઈઝ ઓવરસિસ પાસે સંપાદન કરાશે. તેનું ટાટા ગ્રુપની યુ.કે. ખાતેની ટાટા કન્સુયમર્સ પ્રોડક્ટ નામની કંપનીને સબસીડીયરી બનાવાશે. કંપનીના તેના પલાન્ટેશન બિઝનેસનું ડીમર્જર કરનાર છે. ટાટા કોફીનું ટાટા કન્સુયમર પ્રોડક્ટ લિ. બિવરેજ એન્ડ ફુડ નામની કંપનીમાં ટ્રાન્સફર કરાશે.

### ગુજરાતમાં પીપાવાવ ખાતે 1000 કિલો વોટ ડીસી પાવરનો પ્લાન્ટ કાર્યરત

ગુજરાતમાં પીપાવાવ એપીએમ ટર્મીનલ ખાતે 1000 કિલો વોટનો ડીસી પાવર પ્લાન્ટ રૂફટોપ સોલર પાવર પ્લાન્ટ તરીકે પોર્ટ નજીક કાર્યરત થયો છે. આ ગુજરાત ગ્રીન એનર્જી ગેટવે પ્રોજેક્ટ છે. આ પ્લાન્ટની કામગીરી શરુ થવાથી ગ્રીડ પાવરની સપ્લાયની સુવિધા ઉપર નિર્ભરતા ઘટાડી શકાશે.

### TCS-વિપ્રો સંયુક્તપણે IBMના ઓટોમેશન ઈનોવેશન સેન્ટર સ્થાપશે

ટાટા કન્સલ્ટન્સી સર્વિસ અને વિપ્રો નામની ઈન્ફોર્મેશન ટેકનોલોજીની બંને કંપનીઓ સંયુક્ત પણે કોચી ખાતે આઈ.બી.એમ. ના ઓટોમેશન ઈનોવેશન સેન્ટર ની કામગીરી હાથ ધરશે. આ બંને કંપનીઓ કોચી ખાતેના આ સેન્ટરમાં ઓડીટોરીયમ ઈન્ટેલીજન્સ ટેકનોલોજી અને તેને લગતાં સોલ્યુશન વિકસાવશે. કોચીમાં તેનું આ સે+ન્ટર 2022 ના ત્રીજા ત્રિમાસિક સમયગાળામાં કાર્યરત થશે. આઈ.પી.એમ. અને તેની ઈકો સિસ્ટમ પાર્ટનર્સ ઓટોમેશન સોલ્યુશનને લગતું કાર્ય લાઈફ સાઈકલ દ્વારા શરુ કરશે.

### વિપ્રો કંપનીના અજીમ પ્રેમજીની નેટવર્થમાં 2.6 ટકાનો ઘટાડો

દેશમાં સૌથી મોટા અબજોપતિની યાદીમાં જેનું નામ બોલાય છે તેવા શ્રી વિપ્રો કંપનીના શ્રી અજીમ પ્રેમજી 2022 ના 5 મહિનામાં 2.6 ટકાની નેટવર્થ શેર બજારની અફરાતફરી વધઘટને કારણે ગુમાવી દિધી છે. વૈશ્વિક સ્તરે આ સમયગાળામાં 13 ટકાની નેટવર્થ ગુમાવી છે. જ્યારે દેશના બે જાણીતા ઉદ્યોગપતિ ગૌતમ અદાણી અને મુકેશ અંબાણીની નેટવર્થ ઘટવા પામી છે.

### વેલસ્પન એક્ટીસ સાથે રોડ ડેવ.ના 6000 કરોડના પ્રોજેક્ટો હાથ ધરશે

ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ એક્ટીસ લીમીટેડ દ્વારા તાજેતરમાં વે(( સાથે કરાર કર્યા છે. તે 6 જેટલા ઓપરેટીંગ હાઈવે ટોલ રોડ પ્રોજેક્ટો માટે કાર્યવાહી હાથ ધરશે. આ માટે સંયુક્ત સાહસમાં રૂ. 6000 કરોડનો ખર્ચ કરવાની યોજના ઘડાઈ છે. દેશમાં ઉત્તર-દક્ષિણ વિસ્તોને જોડતા 6 જેટલા મુખ્ય હાઈવે કોરીડોરને સાંકળી લેવામાં આવશે. વૈશ્વિકસ સ્તરની આ કંપની એક્ટીસ લોંગ લાઈફ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ દ્વારા જંગી ઈન્વેસ્ટમેન્ટ કરાશે તેમ એક્ટીસ કંપનીના પાટનર સુમિત સેન દ્વાર દર્શાવાવમાં આવ્યું હતું.

### RBIએ નાની ફાઈનાન્સ બેંકોને કેપીટલ બેઝ વિસ્તૃત કરવા જણાવ્યું

ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ એક્ટીસ લીમીટેડ દ્વારા તાજેતરમાં વે( સાથે કરાર કર્યા છે. તે 6 જેટલા ઓપરેટીંગ હાઈવે ટોલ રોડ પ્રોજેક્ટો માટે કાર્યવાહી હાથ ધરશે. આ માટે સંયુક્ત સાહસમાં રૂ. 6000 કરોડનો ખર્ચ કરવાની યોજના ઘડાઈ છે. દેશમાં ઉત્તર-દક્ષિણ વિસ્તોને જોડતા 6 જેટલા મુખ્ય હાઈવે કોરીડોરને સાંકળી લેવામાં આવશે. વૈશ્વિકસ સ્તરની આ કંપની એક્ટીસ લોંગ લાઈફ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ દ્વારા જંગી ઈન્વેસ્ટમેન્ટ કરાશે તેમ એક્ટીસ કંપનીના પાટનર સુમિત સેન દ્વાર દર્શાવાવમાં આવ્યું હતું. ટોલ રોડ સારી રતે વૈવિધ્ય કરણ પામેલા અને સ્ટ્રેટેજીક રીતે લોકેટ થયેલા હોવાની બાબત ઉપ ધ્યાન અપાઈ રહ્યું છે.

### એક્સીસ એનર્જી 445 મેગાવોટનો સોલર પ્રોજેક્ટ શરુ કર્યો

એક્સીસ એનર્જી વેન્ચરે ઈન્ડિયા દ્વાર રાજસ્થાનમાં 445 મેગાવોટનો સોલર પ્લાન્ટ ગ્રુપ ફિલ્ડ રીન્યુએબલ એનર્જી સાથે સંયુક્તપણે સ્થાપ્યો છે. આ પ્રોજેક્ટ એબીસી રીન્યુઅલ સાથે એનર્જી વેન્ચર ઈન્ડીયા સાથે સંયુક્ત સાહસમાં 5 ગીગા વોટ લાર્જ યુટીલીટી રીન્યુઅલ એનર્જી પોટેન્શિયલ હિસ્સો રહેશે. 445 મેગા વોટનાં સોલર પાવર પ્લાન્ટ 6 મહિનાના ટૂંકા ગાળામાં કાર્યરત કરાઈ રહ્યો છે. હકીકતમાં 1 મેગા વોટની ક્ષમતા ધરાવતા સોલર પ્લાનટનો ખર્ચ 4.5 કરોડ જેટલો થવા જાય છે. આ પ્રકારના પ્રોજેક્ટથી કાર્બન ડાયોક્સાઈડ 24 મીલીયન વૃક્ષોના પ્લાન્ટીંગ બચાવી શકશે. આમાંથી 800 ગીગા વોટ એનર્જી વાર્ષિક ધોરણે કંપની સર્જન કરશે.

# વૈશ્વિક સ્તરે ઈક્વીટીમાં ફુગાવાના પરિબળે મંદીનો વક્કર સર્જાયો

ગુજરાત | વંદન

દેશમાં ફુગાવાની દબાણની પરિસ્થિતિને કારણે ઈન્વેસ્ટરો દ્વારા ગ્લોબલ શેરોમાં વેચવાલી વધવા પામી છે. આ ઉપરાંત ક્રુડ ઓઈલની ભાવની તેજીઓએ પણ શેર બજારના સેન્ટીમેન્ટલ ઉપર માઠી અસર કરી છે.




વૈશ્વિક બજારોમાં યુરોપીયન શેરો ઘટવા તરફી વલણ ધરાવતા હતાં. ફ્રાન્સનું સીએસી 40 જેટલો એટલે કે 0.71 ટકા ઘટવાથી તેની પણ બજાર ઉપર અસર વર્તાતી હતી. જર્મનીનો ડીએએક્સ 0.9 ટકા ઘટીને 14309.79 ની સપાટીએ અને બ્રિટનનો એફટીએસઈ 100 જેટલો એટલે કે 0.7 ટકા ઘટીને 3543.28 થવા પામ્યો હતો.

ડાઉ ઈન્ડસ્ટ્રીયલ ફ્યુચર 0.1 ટકા ઘટીને 32.832 બોલાવ્યો હતો. એસએનપી 500 ફ્યુચર 0.1 ટકો ઘટીને 11.10 ટકાની સપાટીએ રહેવા પામ્યો છે. ટોક્યો સિવાયના એશિયાના બેન્ચમાર્ક નબળાઈ દર્શાવતા હતાં. જાપાનીઝ યેન પણ જાપાનના નિકાસકારો માટે મડાગાઠ સમાન પુરવાર થયું છે. તાજેતરમાં ભુતકાળમાં જાપાનીઝ યેન ઘટીને 20 વર્ષની સૌથી નીચે સપાટીએ ડોલરની તુલનમાં રહેવા પામ્યુ છે. ડોલરનું ટ્રેડીંગ 133.55 અને જાપાનના યેન 134 સપાટીએ રહ્યું છે.

# સેન્સેકસ વધુ 152 પોઈન્ટ ગગડયો, નિફ્ટી 15,692ના સ્તર પર બંધ

ગુજરાત | વંદન



સપ્તાહના ત્રીજા દિવસે બુધવારે ભારતીયે શેરબજારમાં ભારે ઉથલપાથલ થઈ હતી. તેમ છતાં શેરબજાર ઘટાડા સાથે બંધ થયું છે. બપોરે 3.30 વાગ્યે બોમ્બે સ્ટોક એક્સચેન્જનો સેન્સેક્સ 152.18 પોઈન્ટ (0.29 ટકા)ના ઘટાડા સાથે 52,541.39ના સ્તર પર બંધ થયું. જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી 39.95 પોઈન્ટ (0.25 ટકા)ની નબળાઈ સાથે 15,692.15ના સ્તર પર બંધ થયું. જ્યારે નિફ્ટી બેન્ક ફ્લેટ સપાટી પર બંધ થયું છે. તો મિડકેપ અને સ્મોલકેપ શેર્સમાં સામાન્ય ખરીદી જોવા મળી છે. બીજી તરફ ઑટો શેર્સમાં ખરીદી રહી હતી. તો રિયલ્ટી, એનર્જી, મેટલ શેર્સમાં વેચવાલી જોવા મળી હતી. જ્યારે IT અને FMCG શેર્સ પર દબાણ જોવા મળ્યું હતું.

સૌથી વધુ ઉંચકાયેલા શેર્સ ર નજર કરીએ તો બજાજ ફિન્સર્વ 4.18 ટકા, બજાજ ફાઈનાન્સ 2.30 ટકા, તાતા મોટર્સ 2.09 ટકા, હિરો મોટોકોર્પ 1.94 ટકા, ગ્રેસિમ 1.59 ટકા. જ્યારે સૌથી વધુ ગગડેલા શેર્સ જોઈએ તો તાતા સ્ટીલ 3.73 ટકા, ઓએનજીસી -2.89 ટકા, એનટીપીસી -2.08 ટકા, ઈન્ફોસિસ -1.13 ટકા, એચયુએલ 1.32 ટકા.

એફએમસીજી, આઈટી, મેટલ, પીએસયુ બેન્ક, પ્રાઈવેટ બેન્ક, રિયલ્ટી અને ઑયલ એન્ડ ગેસ 0.10-0.72 ટકા સુધી વેચવાલીનું દબાણ જોવામાં આવ્યુ. બેન્ક નિફ્ટી 0.08 ટકાના નજીવા વધારાની સાથે 33,339 ના સ્તર પર બંધ થયા છે. જ્યારે બેન્કિંગ, ઑટો, ફાઈનાન્શિયલ સર્વિસ, ફાર્મા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ અને હેલ્થકેર શેરો તેજીની સાથે બંધ થતા જોવા મળ્યા. દિગ્ગજ શેરોમાં ઓએનજીસી, એનટીપીસી, ઈન્ફોસિસ, રિલાયન્સ, વિપ્રો, કોલ ઈન્ડિયા, ટેક મહિન્દ્રા અને પાવર ગ્રિડ 0.92-3.17 ટકા સુધી તૂટીને બંધ થયા છે. જ્યારે દિગ્ગજ શેરોમાં બજાજ ફિનસર્વ, બજાજ ફાઈનાન્સ, ટાટા મોટર્સ, હિરો મોટોકૉર્પ, ગ્રાસિમ, ડિવિઝ લેબ અને ટાટા સ્ટીલ 1.62-4.22 ટકા સુધી વધીને બંધ થયા છે.

સતત ત્રીજા દિવસે સેન્સેક્સ-નિફ્ટી ઘટાડા સાથે બંધ થયું છે. સપ્તાહના પ્રથમ દિવસે સેન્સેક્સમાં 1775 પોઈન્ટનો કડાકો બોલાયો હતો તો. જ્યારે નિફ્ટી 450 અંક ગગડ્યું હતું. અમેરિકામાં મોંઘવારીનો દર 40 વર્ષની ઉંચાઈએ પહોચતા વિશ્વ બજારો વિકએન્ડમાં જ ગબડી ગયા હતા. અમેરિકામાં વ્યાજ દરમાં આક્રમક વધારો થવાની આશંકા વચ્ચે સોમવારે એશિયાથી માંડીને વિશ્વભરના તમામ શેરબજારોમા મંદીનું મોજુ ફરી વળ્યું હતું. ભારતીય માર્કેટને લાગેવળગે છે ત્યાં સુધી વૈશ્વિક મંદીની અસર ઉપરાંત ક્રૂડ તેલના ઉછાળાથી ફરી વખત મોંઘવારીનો રાઉન્ડ શરુ થવાની આશંકા વિદેશી નાણા સંસ્થાઓની એકધારી વેચવાલી અર્થતંત્રના વિકાસને અસર થવાની ભીતિ સહિતના કારણોથી માર્કેટ નીચે સરકી ગયું હતું. શેરબજાર મંદીના દોરમાં સપડાતા ઈન્વેસ્ટરોની સંપતિનું ભારે ધોવાણ થયું હતું. માત્ર બે જ દિવસમાં ઈન્વેસ્ટરોના 10 લાખ કરોડથી વધુ રુપિયા ધોવાઈ ગયા હતા.

# રામકો સિમેન્ટ ઉત્પાદન ક્ષમતા વધારવા માટે 1300 કરોડનો કેપિટલ ખર્ચ કરશે

ગુજરાત | વંદન

રામકો સિમેન્ટ નામની કંપની દક્ષિણ ભારતમાં સિમેન્ટ પ્લાન્ટ ધરાવે છે. આ કંપની આગામી બે વર્ષમાં રૂ. 1300 કરોડનો કેપિટલ ખર્ચ ઉત્પાદન ક્ષણતાના વિસ્તરણ માટે કરનાર છે.

અત્રે ઉલ્લેખનીય છે કે 2022 ના નાણાકીય વર્ષમાં કંપનીને નેટ દેવુ રૂ. 3800 કરોડની સપાટીએ રહેવા પામ્યું છે. આ દેવાની હપ્તા દ્વારા ચુકવણી કરવા માટે રૂ. 500 કરોડનો હપ્તો 2023 માં ચુકવાશે.નાણાંકીય વર્ષ 2026 સુધીમાં કંપની સંપુર્ણપણે દેવા મુક્ત કંપની બની જશે. આ વિગત કંપનીના ઈન્વેસ્ટરોની વાર્ષિક મીટીંગમાં કંપનીના સી.ઈ.ઓ. ધર્મકિશન દ્વારા દર્શાવાઈ હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે વિકાસ યોજનાની માહિતી આપતાં દર્શાવ્યું હતું કે કરનુલ (તામીલનાડુ) ના પ્લાન્ટની પ્રાયોગિક ધોરણે ક્લિન્કરનું ઉત્પાદન શરુ કરાયું છે. પ્લાન્ટની વાર્ષિક ક્ષમતા 13.65 મિલિયન ટનની છે. કંપનીએ આ ઉપરાંત વેસ્ટ હીટ રીકવરીથી 6 મેગા વોટ વિજળી શક્તિનો પ્લાન્ટ અને 18 મેગા વોટની ક્ષમતા ધરાવતો ટી.પી.ઓ. પ્લાન્ટ નાણાંકીય વર્ષ 2023 ના બીજા ત્રિમાસિક ગાળામાં કાર્યરત બનશે. આ ઉપરાંત વાર્ષિક 1 થી 1.5 મિલિયન ટનની ક્ષમતા ધરાવતો ક્લિન્કર ગ્રાઈન્ડીંગ પ્લાન્ટ કર્ણાટકમાં સ્થાપવા માટે જમીન સંપાદન કરવાની કાર્યવાહી હાથ ધરાઈ રહી છે.

# ભારત ફોર્જની પ્રગતિકારક કામગીરી: 10000 કરોડના ટર્નઓવરનું લક્ષ્યાંક

ગુજરાત | વંદન

ભારત ફોર્જ નામની વિખ્યાત કંપની તેની 61 વર્ષની સારી કામગીરીથી વધુ પ્રગતિશીલ બની છે અને ભવિષ્યમાં તે 10000 કરોડના વિક્રમ ટર્નઓવરને હાંસલ કરી શકશે. તેવો પ્રબળ આશાવાદ કંપનીના ચેરમેન શ્રી બાબા કલ્યાણીએ દર્શાવ્યો હતો. આગામી દસ વર્,માં કંપની તેના ટર્નઓવરમાં ત્રણ ગણી વૃદ્ધિ હાંસલ કરી શકશે. ચેરમેને તેમની કારકિર્દીના યશસ્વી ૫૦ વર્ષ આ કંપની સાથે સંપન્ન કર્યા છે.




કલ્યાણી ગ્રુપનું 3 મિલિયન ડોલરનું સંકલિત ટર્નઓવર છે. આ ગ્રુપ પાસે 6 લાખ ટનેજ શીપીંગ ડાયજેસ્ટીંગ ઉત્પાદન એકમ છે. હકીકતમાં ભારત ફોર્જ માત્ર ઓટો ફોર્જીંગ યુનિટ જ નહીં પણ ડિફેન્સ એરોસ્પેસ, ઓઈલગેસ ઈલેક્ટ્રીક મોબીલીટી રેલ્વેઝ અને રિન્યુઅર એનર્જીનાં ક્ષેત્રે સારી કામગીરી બજાવી રહી છે.હાલ કંપની ઈલેક્ટ્રીક વ્હિકલના બિઝનેસમાં સઘન પણે કામગીરી દર્શાવી રહી છે. કંપની ટોર્ક ઈલેક્ટ્રીક મોટરસાઈકલનુ ઉત્પાદન શરુ કરનાર છે. આગામી મહીનામાં કંપની ઈલેક્ટ્રીક ટ્રક્સનું ઉત્પાદન શરું કરશે.

કંપનીનું અમેરિકામાં ડેટ્રોઈટ અને લોસ એન્જલસ ખાતે સેન્ટર ઈ-મોબીલીટી ટેકનોલોજીમાં મહત્વની કામગીરી બજાવી રહ્યું છે. કંપનીના ડિફેન્સ વિભાગે મલ્ટીપલ ટ્રાયલ્સ હાથ ધર્યો છે અને સંરક્ષણ ખાતા તરફથી કંપનીને પ્રથમવાર સારો ઓર્ડર મળવાની શક્યતા છે.

# કોલ ઇન્ડિયા લિ. પાવર પ્લાન્ટોની કોલસાની માંગને પહોંચી વળવા 2.416 મિલિયન ટન કોલસો આયાત કરશે

ગુજરાત | વંદન

કોલ ઈન્ડિયા લિ. દ્વારા 2.416 મિલિયન ટન કોલસાની પાવર સેક્ટરની જરુરિયાતને ધ્યાનમાંલઈને તેની આયાત માટેના ટેન્ડરો ઈસ્યુ કનાર છે. પાવર સેક્ટર માટે કોલસાની અછતની પરિસ્થિતિ એપ્રિલ 2022 માં ઉભી થવાથી પાવર જનરેશનનું કાર્ય ઘટ્યું હતું. આને અનુલક્ષીને કોલસાની આયાત કરવાનો નિર્ણય લેવાયો છે. આ આયાતી કોલસાનો પુરવઠો પાવર પ્લાન્ટો માટે કોલસાની પુરવઠાની પરિસ્થિતિ માટે સારી પરિસ્થિતિ સર્જશે.

તાજેતરમાં કોલ ઈન્ડિયાએ ઈન્ટરનેશનલ કોમ્પિટીટીવ બિડીંગ - ઈ ટેન્ડર બહાર પાડ્યું છે. જેની મારફતે 2.416 મિલિયન ટન કોલસાની આયાત કરી શકાશે. રાજ્યના પાવર જનરેશન કંપનીઓને માટે કોલસાની ઉપલબ્ધતા ખુબ મહત્વનું પરિબળ છે. આયાતી કોલસાનો પુરવઠો પાવર જનરેશન કંપનીઓને જુલાઈ-સપ્ટમેબર 2022 દરમિયાન ઉપલબદ્ધ થઈ શકશે.

# LICના શેરનો ભાવ લિસ્ટીંગ પછી 17.4 ટકા ઘટીને 800ની સપાટીએ

ગુજરાત | વંદન

લાઈફ ઈન્સ્યોરન્સ કંપનીનું શેરોનું લીસ્ટીંગ થયા પછી તેના શેરના ભાવમાં નરમાઈ વધુ ગહેરી બનવા પામી છે.તાજેતરમાં તેના શેરનો ભાવ શુક્રવારે 800 ની સપાટીએ ગબડી જવા પામ્યો હતો. લીસ્ટીંગ થયા પછી આ શેરનો ભાવ 17.4 ટકા જેટલો ઘટી જવાથી તેના ઈન્વેસ્ટરોને ભારે નુકશાન થયું છે. આના શેરનો ભાવ ઘટવા માટે શેર બજારમાં પ્રવ્તતા મંદીના વક્કર જવાબદાર છે. સંખ્યાબંધ શેરોના ભાવમાં નરમાઈ વેગીલી બની છે.

# અબુધાબી સોરવેજીયન વેલ્થફંડ ભારતની IIFM હોમ ફાઈનાન્સનું સંયુક્ત સાહસ

ગુજરાત | વંદન

અબુધાબી ઈન્વેસ્ટમેન્ટ ઓથોરીટી દ્વારા ભારતની આઈઆઈએફએમ હોમ ફાઈનાન્સ ની કંપનીની ઈક્વીટી શેરમુડીમાંથી 20 ટકા ઈક્વીટી ખરીદીને તેમાં રૂ. 2100 કરોડનું ઈન્વેસ્ટમેન્ટ કરાશે. આ માટે જે અબુધાબીની સોરેજીયન વેલ્થફંડ ની સબસીડરી છે તે ઈન્વેસ્ટમેન્ટ કરશે.

IIFM હોમ ફાઈનાન્સ દેશના એફોર્ડેબલ હાઉસીંગ ફાઈનાન્સીયલ હાઉસીંગ ફાઈનાન્સીયલ તરીકે ફરજ બજાવશે. તેની એસેટ્સ 23617 કરોડની છે. IIFM એ અબુધાબી કંપની સાથે 20 ટકાનું સ્ટેઈક 2200 કરોડની કિંમતમાં ઓફર કરવા માટે એગ્રીમેન્ટ કર્યા છે. આ ડીલનું ભાવિ રેગ્યુલેટરી ઓથોરીતી ઉપર આધારીત રહેશે. જો આ ડીલ પરિપુર્ણ થાય તો તે દેશમાં સૌથી મોટું ઈક્વીટી ઈન્વેસ્ટમેન્ટ હશે. હાઈસિંગ ફાઈનાન્સના ક્ષેત્રમાં સફળ પુરવાર થયેલ આઈઆઈએફએમ ઈન્વેસ્ટમેન્ટથી સારા નાણાંકીય સાધનો ઉપલબ્ધ થશે. નવા હાઉસીંગ પ્રોજેક્ટમાં નિમાણ માટે તે ફાઈનાન્સ કરશે. આઈઆઈએફએમ ગ્રુપના ફાઈન્ડર શ્રી નિમલ જૈન તેમની કંપની હોમફાઈનાન્સ ક્ષેત્રે રૂ. 168000 એક્ટીવ કસ્ટમર ધરાવે છે અને 16 રાજ્યોમાં અને 2 ઈન્ડીયન ટેરીટરીમાં 200 બ્રાન્ચો ધરાવે છે.

# IDBI બેંકનું ખાનગીકરણ કરવાની પ્રક્રિયા જુલાઈ મહિનામાં હાથ ધરાશે

ગુજરાત | વંદન

ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ પબ્લિક એસેટ્સ (ડીપમ) દ્વારા યુએસના રોડશોનું આયોજન કરાઈ રહ્યું છે. તેનો મુખ્ય આશય જાહેર માલિકીના સાહસોની ખાનગીકરણ કવાની પ્રવૃત્તિને હાથ ધરવાનો હેતુ છે.આઈડીબીઆઈ બેંકના ખાનગીકરણ માટેના બીડ જુલાઈના અંત ભાગમાં ઈસ્યુ કરાશે. આ સંબંધમાં ડીપમ દ્વારા યુએસ માં વેચવા માટેના રોડ શોનું આયોજન કરાઈ રહ્યું છે.

# વેલસ્પન કોર્પોરેશને, ટાટા સ્ટીલ હાઈડ્રોજન ગેસના વહન માટે ગ્રીન પાઈપ ઉત્પાદન કરશે

ગુજરાત | વંદન

વેલસ્પન કોર્પોરેશને હાઈડ્રોજન ગેસના ટ્રાન્સપોર્ટેશન માટે પાઈપનું ઉત્પાદન કરવા ટાટા સ્ટીલ લિ. સાથે MOU કર્યા છે. આનાથી દેશમાં પ્યોર હાઈડ્રોજન ટ્રાન્સપોર્ટેશન અને પ્યોર હાઈડ્રોજન બ્લેન્ડેડ ગેસ માટે ગ્રીન પાઈપનું ઉત્પાદન શરુ કરશે. આ માટે સંયુક્તપણે બંને કંપનીઓએ ફ્રેમવર્ક વિકસાવ્યું છે અને વેલસ્પર્ન કોર્પોરેશન દ્વારા વેલ્ડેડ લાઈવ પાઈપનું ઉત્પાદન કરાઈ રહ્યું છે. જ્યારે ટાટા સ્ટીલ ભારતનાં ત્રણ મોટા સ્ટીલ ઉત્પાદન કરતાં પ્લાન્ટોનો તેમાં સમાવેશ થયેલો છે. તે આ પ્રોજેક્ટમાં ભાગીદાર બનશે.

ટાટા સ્ટીલ સાથે MOUથી વેલસ્પન કોર્પોરેશન ગ્રીન એનર્જીના ક્ષેત્રે સ્ટેટેજીક ભાગીદારી કરશે. ટાટા સ્ટીલ અને વેલસ્પન કોર્પોરેશન દ્વારા ઉત્પાદન કરાનારા પાઈપનો ઉપયોગ ફ્યુઅલના ટ્રાન્સપોર્ટેશન માટે વિભિન્ન હવામાનમાં ઉપયોગી બની શકશે. હાઈડ્રોજેન ગેસના ટ્રાન્સપોર્ટેશનની બાબતમાં સારી જાણકારીથી નવિન શક્યતા ઉદભવશે એમ કંપનીના મેનજીંગ ડીરેક્ટર અને CEO વિપુલ માથુરે જણાવ્યું હતું. MOUથી હાઈડ્રોજન ગેસને લગતી પ્રોડક્ટસનો પોર્ટફોલીયો ભારત અને વૈશ્વિક સ્તરે નવી તકો ઉભી કરશે. ટાટા સ્ટીલના માર્કેટીંગ અને સેલ્સના વાઈસ પ્રેસિડેન્ટ રાજીવ સિંઘલે એવું દર્શાવ્યું હતું કે આ ભાગીદારી વિકાસ માટે અગત્યની પુરવાર થશે.

# મલબાર ગોલ્ડ ગ્રુપ દ્વારા 9860 કરોડના ખર્ચે નવા જ્વેલરી શોરુમ શરુ કરાશે

ગુજરાત | વંદન

શેર બજારના લિસ્ટેડ મલબાર ગોલ્ડ ગ્રુપની કંપની જે જ્વેલરીના વિશાળ સેલીંગની ચેઈન ધરાવે છે. તે કંપની દ્વાર આગામી ત્રણ વર્ષ રૂા.9860 કરોડના ખર્ચે 97 નવા શોરુમ શરુ કરનાર છે. જેમાંથી 60 જેટલા શોરુમો ભારતમાં તેમજ 37 જેટલા શોરુમો વિદેશોમાં શરુ કરાશે. આ પ્રકારની જાહેરાત મલબાર ગોલ્ડ ગ્રુપ એન્ડ ડાયન્ડ કંપનીના ચેરમેન દ્વારા કરાઈ હતી. કંપનીના ચેરમેન અહેમદીએ જણાવ્યું હતું કે તેના વિકાસ માટે 2025 સુધીમાં 500 જેટલા શોરુમો શરુ કવાની યોજના ઘડી રહી છે. જેનાથી 11000 વ્યક્તિઓને રોજગારીની તક સાંપડશે.

યુએઈ સાથે થોડા સમય પુર્વે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ ભારત સરકારે કર્યા છે. તેના અનુરુપ રહીને વૈશ્વિક સ્તરે યુએઈ આંતરરાષ્ટ્રીય હબ બનશે. હાલ મલબાર ગોલ્ડ ગ્રુપ 10 દેશોમાં 280 શોરુમો ધરાવે છે. ગલ્ફ કો-ઓપરેશન કાઊન્સિલના મેમ્બર દેશૈમાં યુએઈ, કુવૈત, બહેરીન, ઓમાન, કતાર, સાઉદી અરેબીયાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત આ કંપની મલેશિયા, સિંગાપુર, અને યુ.એસ.એ.માં જ્વેલરી શોરુમ શરુ કરનાર છે. કંપની નજીના ભવિષ્યમાં આફ્રિકા, ઈજિપ્ત, મોરોક્કોક, અલજીરીયા, કેનેડા અને ગ્રેટ બ્રિટનમાં પણ શોરુમો શરુ કરવાનું સાહસનો ઈરાદો ધરાવે છે. આ ગ્રુપ ભારતમાં ઉત્તર ભારત અને દક્ષિણ ભારતમાં નવા શોરુમ શરુ કરવાની યોજના પણ વિચારાઈ છે.

2023 ના વર્ષમાં આ ગ્રુપની કંપની રીટેઈલ જ્વેલરી શોરુમ સ્થાપવા માટે રૂ. 900 થછી 1000 કરોડનો ખર્ચ કરનાર છે. ચાલુ વ્ષમાં સારુ ચોમાસુ પુરવાર થાય તો ભવિષ્યમાં જ્વેલરી માર્કેટમાં સોનાની જ્વેલરનું વધુ વેચાણની શક્યતા દર્શાવી હતી. પરંતુ માર્ચ 2022 ની ત્રિ માસિક ગાળામાં કિંમતી ધાતુના વેચાણમાં 18 ટકાનો ઘટાડો થયો છે. તેવી જાહેરાત કેન્દ્રના સરકારના વાણિજ્ય ઉદ્યોગ પ્રધાન શ્રી પિયુષ ગોહિલ દ્વારા કરાઈ હતી.

# વેદાંતા ગ્રુપ દ્વારા વેસ્ટ હીટ રીકવરી દ્વારા પાવર જનરેશનના પ્રોજેક્ટ સ્થાપવાની કામગીરી

ગુજરાત | વંદન

વેદાંતા ગ્રુપની કંપની કે જે ગોવામાં તેના એક એકમમાં વેસ્ટ હીટ રીકવરી પાવર પ્લાન્ટ ડિઝાઈન કર્યો છે. તે સ્પેશીયલાઈઝ ટેકનોલોજીનો ઉપયોગથી પાવર જનરેશન 5 મેગા વોટની ક્ષમતાથી સ્થાપવામાં આવી છે. આમ વેદાંતા ગ્રુપ કાર્બન ફુટ પ્રિન્ટને ઘટાડવાની દિશામાં ખુબ જ મહત્વની કામગીરી બજાવી છે. આ કંપનીએ જસ્થાનમાં આ પ્રકારનો પ્લાન્ટ પાવર જનરેશન માટે પણ સ્થાપ્યો છે. કંપની દ્વા




ડિઝાઈન કરાયેલ પાવર પ્લાન્ટનું થોડું મોડીફીકેશન કરીને આ પાવર પ્લાન્ટ વધુ કાયક્ષમ બનાવવાની દિશામાં કંપની કામગીરી હાથ ધરશે. અત્યારના પ્લાન્ટનું ટર્બાઈન સામાન્યતઃ 30 મેગા વોટ પાવર જનરેટ કરે છે. તેની ડિઝાઈનમાં ફેરફારો કરીને તેની ક્ષમતામાંવધારો કીરને 35 ટકા કવાનું આયોજન કરાયું છે. તેમ કંપનીના સીઈઓ શ્રી સુજલ શાહે જણાવ્યું હતું.

ગોવામાં વેદાંતાના આયર્ન ઓરના બિઝનેસમાં 30 મેગાવોટનો દરેક એવા બે પ્લાન્ટો ધરાવે છે. તેમાં અદ્યતીકરણ કરીને ટેકનોલોજી અપગ્રેડ કરાશે અને ઉચ્ચ કક્ષાની ક્ષમતાથી પાવર જનરેશનના ક્ષેત્રને હાંસલ કરાશે. ગોવાના પ્લાન્ટમાં કોક ઓવન પ્લાન્ટની હીટનો ઉપયોગ પાવર જનેશન કરવાની પ્રક્રિયામાં હાથ ધરાશે.



# ઘર કે ઓફિસમાં લગાવો આવું AC, બિલની ચિંતા વિના બિંદાસ્ત ખાવ ઠંડી હવા

ઉનાળામાં લોકો ગરમીથી લોકો એટલા ત્રાહિમામ પોકારી જાય છે કે આખરે તેઓ ઘરે AC અથવા કુલર લગાવી લે છે. ઈલેક્ટ્રિક બિલ વધુ આવતું હોવાથી અને કિંમત પણ વધુ હોવાને કારણે ઘણા લોકો AC નથી ખરીદતા. જે લોકોના ઘરે પહેલા AC ન હતું તેમના ઘરે સામાન્ય રીતે 1500-2000 બિલ આવતું. પરંતુ AC લગાવ્યા બાદ તેમનું બિલ 3000-5000 વચ્ચે આવી શકે છે. જો કે બિલની જંજટને દૂર કરવા માર્કેટમાં સોલાર AC આવ્યા છે. જી હા, હવે લોકો વધારે બિલની ફરિયાદ નહીં કરે.

હાલ બજારમાં સોલાર AC ઉપલબ્ધ છે. આ પ્રકારના ACનો ઉપયોગ કરીને લોકો પોતાના ઈલેક્ટ્રિક બિલના ખર્ચથી બચી શકે છે. જો કે આવા AC માટે થોડી રિસર્ચ અને સામાન્ય AC કરતા વધારે રૂપિયા ખર્ચવા પડશે. આવો જાણીએ કેટલાક પ્રોડક્ટ્સ વિશે માહિતી.

## શું છે સોલાર AC ?

સોલાર એસી પણ સામાન્ય એસી જેવું જ હોય છે. તેનો ઉપયોગ સૌર ઉર્જા એટલે કે સૂર્યપ્રકાશથી કરી શકાય. આ માટે સોલાર પેનલનો ઉપયોગ કરવો પડશે. સોલાર પેનલથી પેદા થતી ઉર્જાની મદદથી AC તમારા ઘરને ઠંડુ રાખશે. જ્યાં તમે માત્ર વીજળી સાથે કન્વર્ટિબલ એર કંડિશનરનો ઉપયોગ કરી શકો છો. તે જ સમયે, તમને સોલર એસી માટે વધુ વિકલ્પો મળે છે.

## સોલર ACની કિંમત કેટલી?

બજારમાં સોલાર એસી સંબંધિત અમુક જ પ્રોડક્ટ્સ ઉપલબ્ધ છે. ઈન્ટરનેટ પર કેટલાક સંશોધનમાં કેટલીક વેબસાઈટ્સ મળી આવી છે. આ વેબસાઈટ્સ પર તમને સોલાર એસી વિશે માહિતી મળે છે. અન્ય ACની જેમ સોલાર ACની કિંમત પણ તેની ક્ષમતા પર નિર્ભર કરે છે.

સરેરાશ ક્ષમતાવાળા સોલાર AC માટે તમારે 99,000 રૂપિયા ખર્ચવા પડશે. કેનબ્રુક સોલારની વેબસાઈટ અનુસાર, એક ટનની ક્ષમતાવાળા સોલાર ACની કિંમત 99,000 હશે. બીજી તરફ, 1.5 ટનની ક્ષમતાવાળા AC માટે તમારે 1.39 લાખ રૂપિયા સુધીનો ખર્ચ કરવો પડશે. આ પ્રકારના AC ખરીદતા પહેલા તમારે થોડું સંશોધન કરવું જોઈએ.

ચાના સ્વાદનો ઈતિહાસ છે ખૂબ જ મહેંકદાર...

# બૌદ્ધ સાધુઓ દ્વારા પણ કરવામાં આવ્યો હતો પ્રચાર



ચાની કથા પણ ભક્તિમય ભક્ત-કવિ તુલસીદાસના કથન 'હરિ અનંત, હરિ કથા અનંતા' જેવી જ છે. તેનો ઈતિહાસ ખરેખર રસપ્રદ છે. ભારતમાં લોકોને ચાનો શોખ છે અને ચા પીવાની ઈચ્છા તેના નામ પરથી જ ઉદ્ભવે છે. ચા એ સામાજિક સમરસતાનું પણ ઉદાહરણ છે, કારણ કે ગરીબ કોણ, અમીર, કોણ રાજા, કોણ પ્રજા અને શું નેતા અને શું અભિનેતા ? બધા ચાની શોધમાં છે. સંબંધોમાં પણ ચાનું મહત્વ છે, જો તમે કોઈના ઘરે જાવ અને ચા ના મળે તો તેને મહેમાનનુ અપમાન ગણાય છે.

## 80 ટકા ભારતીયોની સવાર ચા થી થાય છે

એક સમય હતો જ્યારે ચાના પૈસા તરીકે અફીણ આપવામાં આવતું હતું. અંગ્રેજોએ શરૂઆતમાં ચા ભારતમાં ઉગાડી લોકોને તે પીવા માટે પ્રેરિત કર્યા તો ભારતીયોએ શરૂઆતમાં તો તેને પીવાની જ ના પાડી દીધી હતી. ગ્રામજનોએ તેમના બાળકોને ચા પીવા દેતા નહોતા. તેઓ બાળકોને ડરાવતા હતા કે તમે ચા પીશો તો તમારું હૃદય બળી જશે. પરંતુ હવે સ્થિતિ જુદી છે. લગભગ 80 ટકા ભારતીયોની સવારની શરૂઆત ગરમ ચાના કપથી કરે છે. જો તમને કામ કરવાનું મન ન થતું હોય, માથામાં કે શરીરમાં દુઃખાવો થતો હોય, ઊંઘ દૂર રાખવી હોય અથવા માત્ર સમય પસાર કરો તો ચા જેવી કોઈ વસ્તુ નથી.

## ચાની શોધ ચીનમાં થઈ હોવાનું માનવામાં આવે છે

ચાની શોધ ચીનમાં થઈ હતી અને ત્યાંથી ચા આખી દુનિયામાં ફેલાઈ છે. એવું કહેવાય છે કે ચાની શોધ 2737 BC માં ચીનના સમ્રાટ શેન નાંગ દ્વારા કરવામાં આવી હતી. તે ઉકાળેલું પાણી પીતો હતો, એકવાર તે લાવ-લશ્કર સાથે જંગલમાંથી પસાર થઈ રહ્યો હતો. રસ્તામાં આરામ કરતી વખતે પીવા માટે પાણી ઉકાળવામાં આવી રહ્યું હતું કે, વાસણમાં ઝાડના કેટલાક પાંદડા પડી ગયા, જેના કારણે પાણીનો રંગ બદલાઈ ગયો હતો. આ પાણી તે પી ગયો તો તાજગી અનુભવ થયો હતો. આને જ ચા કહેવામાં આવી. પરંતુ તે પછી આ 'ચા' લગભગ 2 હજાર વર્ષ સુધી ચીનમાં ગેરહાજર રહી હોવાની વાત આશ્ચર્ય ઊભું કરે છે. પછી ચાનું વર્ણન ચીનમાં 350 બીસીમાં કરવામાં આવ્યું અને સાતમી સદી સુધીમાં તે ખૂબ જ લોકપ્રિય બની હતી. લોકપ્રિય દંતકથા અનુસાર, ભારતીય બૌદ્ધ સાધુઓ છઠ્ઠી સદીમાં ચીનના હુનાન પ્રાંતમાં ઊંઘ્યા વિના ધ્યાન કરતા હતા. જાગતા રહેવા માટે તે એક ખાસ છોડના પાંદડા ચાવતા હતા, તે ખરેખર ચા હતી. સાતમી સદીમાં જ બૌદ્ધ સાધુઓ દ્વારા જાપાન અને કોરિયામાં ચાનો પ્રચાર કરવામાં આવ્યો હતો.

## શાહી પરિવાર જ માણી શકતો હતો શાહી સ્વાદ

ઈતિહાસ જણાવે છે કે 15મી સદીમાં પોર્ટુગીઝ અને પછી ડચ, ફ્રેન્ચ અને બ્રિટિશ વેપારીઓ ચીન પહોંચ્યા અને તેઓ તેમના દેશોમાં ચા લાવ્યા હતા. તેની કિંમત ઘણી વધારે હતી તેથી તે સમયે માત્ર રાજવી પરિવાર જ ચા પી શકતો હતો. ચા ચીન સિવાય બીજે ક્યાંય ઉગતી ન હોવાથી ચીનના વેપારીઓ ચાંદી અને સોનાના બદલામાં યુરોપિયન વેપારીઓને ચા આપતા હતા.
તે સમયે ચીનમાં અફીણ પર પ્રતિબંધ હતો, તેથી તેઓએ ચાના બદલામાં ચીનીઓને અફીણ આપવાનું શરૂ કર્યું હતું. વર્ષ 1838માં જ્યારે ચીનમાં અફીણના દાણચોરો માટે મૃત્યુદંડ નક્કી કરવામાં આવ્યો ત્યારે બ્રિટિશ વેપારીઓને ચા મેળવવામાં સમસ્યા થવા લાગી, આ અફીણનું સંકટ ભારતમાં ચાના ઉત્પાદનનું કારણ બની ગયું.

## ઈસ્ટ ઇન્ડિયા કંપની

બ્રિટનની ઈસ્ટ ઈન્ડિયા કંપની ભારતમાં આવી ગઈ હતી. તેણે આસામની સિંગફો જનજાતિને પીણાના રૂપમાં કંઈક પીતા જોયા, જે સ્વાદ અને ગુણવત્તામાં ચા જેવી હતી. આ પછી જ કંપનીએ 1837 માં આસામના ચૌબા વિસ્તારમાં પ્રથમ અંગ્રેજી ચાના બગીચાની સ્થાપના કરી અને તેનું ઉત્પાદન ભારતમાં શરૂ થયું હતું. આ સમય દરમિયાન કંપનીએ શ્રીલંકામાં ચાનું ઉત્પાદન કરવાનું શરૂ કર્યું હતું. આજે ચાની ખેતી તેના વતન ચીનની બહાર લગભગ 52 દેશોમાં વિકાસ પામી રહી છે.
હવે સવાલ એ થાય છે કે ચા આટલી પ્રખ્યાત કેમ છે અને ભારત સહિતના દેશ કેમ તેના માટે દીવાના છે? 19મી સદીના ઉત્તરાર્ધ સુધી ભારતમાં ચાનો વપરાશ નહિવત હતો. પરંતુ આજે ભારતના દરેક ચોક, ચાર રસ્તે અને ખૂણે પણ ચા મળી જાય છે. હવે ચા તેના ઔષધીય ગુણોને કારણે જ નહીં, પણ રોજિંદા આનંદ અને તાજગી માટે જરૂરી બની ગઈ છે.

## વધુ પડતી ચા નુકશાનકારક

- દેશના જાણીતા આયુર્વેદચાર્ય આચાર્ય બાલકૃષ્ણ કહે છે કે, આયુર્વેદમાં ચાનો ઉપયોગ દવા તરીકે પણ થાય છે, પરંતુ વધુ પડતી ચા પીવાથી પણ નુકસાન થાય છે. તેમાં ટેનીન અને કેફીન હોય છે જે શરીરને શક્તિ આપવા માટે મદદ કરે છે. તેથી, ચા પીવાથી ઘણી વાર ઉર્જાનો અનુભવ થાય છે. પરંતુ જો વધુ પડતી ચા એક વ્યસન બની જાય તો તે શરીરને નુકસાન પહોંચાડવા લાગે છે.
- ભગતફુલ સિંહ મહિલા વિશ્વવિદ્યાલય, સોનેપતના આયુર્વેદ વિભાગના વડા ડૉ. વીણા શર્માના જણાવ્યા અનુસાર, ચા મૂળભૂત રીતે કડવી, ગરમ અને ઉર્જા આપનારી છે. તે કફ-પિત્તને શાંત કરે છે.
- અસ્થમાના દર્દીઓને ચાના સેવનથી રાહત મળે છે. કાળી ચાના સેવનથી ડાયાબિટીસનું જોખમ ઓછું થાય છે. ચામાં કેફીન હોવાથી તેનું વધુ પડતું સેવન અનિદ્રાનું કારણ બની શકે છે. વધુ પડતી ચા પીવાથી કબજિયાત થાય છે અને પાઈલ્સ થઈ શકે છે. તેઓ કહે છે કે, વાસ્તવમાં કાળી ચા શરીર માટે ફાયદાકારક છે, પરંતુ તેનું વધુ પડતું સેવન સમસ્યાઓ પણ લાવે છે.
- આયુર્વેદના પ્રાચીન ગ્રંથોમાં ચાનો ઉલ્લેખ નથી, પરંતુ તેના સ્વાદ અને ગુણધર્મો જેવા ઘણા પીણાં જાણીતા છે. 'ચરકસંહિતા' પુસ્તકના 'અન્નપાનવિધિ પ્રકરણ'ના 'મદ્યવર્ગ' અને 'ઈક્ષુવર્ગ'માં ઘણા છે. ચાની જેમ શક્તિશાળી, શક્તિ આપનારા અને આનંદપ્રદ હોય તેવા વિવિધ પ્રકારના પીણાઓનું વર્ણન છે.



# ખાલી પેટ ફ્રિઝનું પાણી પીતા પહેલાં સાવધાન! માટલાનું પાણી પીવાના ફાયદા જાણશો તો ફેંકી દેશો ફ્રિઝ!

ચીનના વુહાનથી દુનિયાભરમાં પ્રસરેલાં કોરોના વાયરસે લોકોને કઈ રીતે જીવવું તે શીખવી દીધું છે. એટલું જ નહીં કોરાનાકાળમાં લોકો પોતાના સ્વાસ્થ્ય પ્રત્યે વધારે સજાગ થયા છે. ત્યારે આ આર્ટીકલમાં હેલ્થ રિલેટેડ આવી જ મહત્ત્વની એક વાત કરવામાં આવી છે. મોટા ભાગે નિષ્ણાતો ખાલી પેટ એવી વસ્તુ ખાવાની સલાહ આપતા હોય છે જે ના માત્ર આપના સ્વાસ્થ્ય માટે ફાયદાકારક પણ આપની અનેક તકલીફોથી પણ આપને દૂર રાખે છે. તેવામાં કેટલાક લોકો રોજ સવારે ઉઠીને ખાલી પેટ તાંબાનું પાણી પીતા હોય છે. પરંતુ આપને જણાવી દઈએ કે સ્વાસ્થ્ય માટે માત્ર તાંબાનું પાણી નહીં પણ માટલાનું પાણી પણ એટલુ જ ઉપયોગી છે. આજે અમે આપને એ જણાવી શું કે જો આપ ખાલી માટે માટલાનું પાણી પીવો છો તો આપને શું ફાયદા થઈ શકે છે.

## વાસી મોઢે કયુ પાણી પીવુ ન જોઈએ?

આપને જણાવી દઈએ કે આપે વાસી મોઢે ફ્રિજનું પાણી ના પીવું જોઈએ. ફ્રિઝનું પાણી આપના સ્વાસ્થ્ય માટે હાનીકારક સાબિત થઈ શકે છે. જો કોઈ વ્યક્તિ ખાલી પેટ ફ્રિઝનું પાણી પીવે છે તો તે વ્યક્તિના ના માત્ર પાચન તંત્ર પર અસર પડે છે પણ વ્યક્તિને પેટની પણ અનેક તકલીફો થઈ શકે છે. ફ્રિઝનું પાણી પીવાથી વ્યક્તિના આંતરડાઓમાં સોજો આવી શકે છે. એટલુ જ નહીં પણ કબજિયાત તેમજ અપચો પણ થઈ શકે છે.

## ખાલી પેટ કયુ પાણી પીવુ જોઈએ?

આપને જણાવી દઈએ કે સવારે ઉઠીને વાસી મોઢે માટલાનું પાણી પીવુ જોઈએ. માટલાનું પાણી પીવાથી ના માત્ર શરીર હાઈડ્રેટેડ રહે છે પણ તેનાથી શરીરના તાપમાનમાં ઘટાડો કરી શકાય છે. માટલાનું પાણી શરીરનું ઠંડુ રાખે છે. તેમજ શરીરમાં જમા થયેલા ટોક્સિન્સને પણ બહાર કાઢવામાં મદદગાર સાબિત થાય છે. માટલાનું પાણી પીવાથી શરીરમાં પિત્ત પણ સંતૂલિત રહે છે. તેવામાં ખાલી પેટ સવારે માટલાનું પાણી પીવુ ખુબ ફાયદાકારક છે. તબીબી નિષ્ણાતો અને આર્યુર્વેદમાં જણાવ્યા અનુસાર સવારે ઉઠીને માટલાનું પાણી પીવુ જોઈએ. ફ્રિઝનું પાણી ના પીવુ જોઈએ. આપ ઈચ્છો તો તાંબાનું પાણી પી શકો છો.

# લીચી ખાવાના 5 મોટા ફાયદા, આજે જ ડાયટમાં કરો સામેલ

જો તમે લીચી નથી ખાતા તો આજથી શરૂ કરી તેના ખાવાની આદત. ઉનાળાની સિઝનમાં ફળ શરીર માટે ખૂબ જ ફાયદાકારક હોય છે. એનાથી તમારા શરીરને ઠંડક મળશે. જાણો લીચીનું સેવન કરવાના પાંચ ફાયદાઓ વિશે.

**1. લીચીમાં હોય છે આ ગુણ** | તમને જણાવી દઈએ કે લીચીમાં વિટામિન C, ફોલેટ, નિયાસિન, રિબોફ્લેવિન, બીટા કેરોટીન અને ફોલેટ જેવા મહત્વના પોષક તત્વો મળી આવે છે. તેનાથી આપણા શરીરને ઘણી રીતે ફાયદો થઈ શકે છે. શરીરને ઠંડક આપવાની સાથે તે પેટ માટે પણ ખૂબ જ ફાયદાકારક છે.

**2 લીચી વજન ઘટાડવામાં પણ કરે છે મદદ** | જે લોકો વજન ઘટાડવા માગતા હોય છે તે લોકોએ લીચીનું સેવન જરૂરથી કરવું જોઈએ. બીજી તરફ, સુગરના દર્દીઓએ તેને ખાતા પહેલા તેમના ડૉક્ટરની સલાહ લેવી જોઈએ, નહીં તો તેમને તે આપવી પડી શકે છે.

**3. ગળાના દુખાવામાંથી મળશે રાહત** | જે લોકોને જેમને ગળામાં ખરાશની સમસ્યા હોય છે. તેઓએ તેને પોતાના આહારમાં ચોક્કસપણે સામેલ કરવી જોઈએ. જો તમે તેનું નિયમિત સેવન કરશો તો તમને તેનાથી ઘણો ફાયદો થશે.

**4. ગર્ભવતી મહિલાઓ માટે પણ હોય છે ફાયદાકારક** | લીચી ગર્ભવતી મહિલાઓ માટે પણ તે ખૂબ જ ફાયદાકારક. ગર્ભવતી મહિલાઓ તેને પોતાના આહારમાં જરૂરથી સામેલ કરવું જોઈએ. જો કે, તેને ક્યારેય તમારા આહારમાં મોટી માત્રામાં સામેલ ન કરો, નહીં તો તમારે તેને લેવા માટે ચૂકવણી કરવી પડશે.



**5. પેટ માટે હોય છે ફાયદાકારક** | જે લોકોને પેટની વધુ તકલીફ હોય અથવા ખોરાક પચવામાં તકલીફ હોય તેમણે લીચીનો સમાવેશ ચોક્કસ કરવો જોઈએ. તમને આનો ફાયદો ચોક્કસ મળશે. આ તમારા પેટને ઠંડુ રાખે છે, જેના કારણે ગેસની સમસ્યા નથી થતી.



# ગાજર, બીટ અને અજમાના સેવનથી વાયુ પ્રદુષણથી થતા રોગ સામે મળે છે રક્ષણ

ગાજર અને બિટ જેવા શાકભાજીના નિયમિત સેવનથી માનવ શરીર પર વાયુ પ્રદુષણની અસરને ઘટાડી શકાય છે. એક સંશોધનમાં આ વાત બહાર આવી છે. એક્રોલીન શરીરમાં બનનારી એક ખૂબ જ ખરાબ ગંધ હોય છે, જે સિગરેટ અને વાહનોના ધૂમાડામાં પ્રચૂર માત્રામાં હોય છે.

સંશોધકોના અનુસાર ફાઈટોન્યુટ્રીએન્ટસથી ભરપુર અજમો, ગાજર, બીટ જેવા શાકભાજી એક્રોલિનથી પેદા થતી વિષાકતતાને ઘટાડે છે. 'ધી જર્નલ ઓફ ન્યુટ્રીશનલ બાયો કેમીસ્ટ્રી'માં પ્રકાશિત નિષ્કર્ષથી ખબર પડે છે કે એક્રોલીનથી પેદા થયેલી વિષાકતતાને ઓછી કરી શકાય છે, જેથી તેની ખરાબ અસરની આશંકાઓ ઓછી થઈ જાય છે.

પ્રદુષણથી સુરક્ષા અને ખોરાકને લઈને સંબંધ: વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન અનુસાર, દર વર્ષે દુનિયાભરમાં લગભગ 70 લાખ લોકોના મોત વાયુ પ્રદુષણથી થાય છે. પ્રદુષિત હવામાં નાઈટ્રોજન ડાઈ ઓકસાઈડ, પાર્ટિક્યુલેટ મેટર, ઓઝોન, ડીઝલના બારીક કણ હોય છે.

જે શરીરની કોશિકાઓ અને ઈમ્યુન સીસ્ટમ પર હુમલો કરી આપણને બીમાર કરે છે, પરંતુ સંશોધનનું માનીએ તો આપણે શું ખાઈએ છીએ તેને વાયુ પ્રદુષણ સામે સુરક્ષા મળવા વચ્ચે એક સંબંધ છે.

# વિદેશ જતા પહેલાં આ વાતોનું રાખો ખાસ ધ્યાન, નહીં તો પરેશાનીઓનો પાર નહીં રહે

આજના જમાનામાં હર કોઈ વ્યક્તિને હરવા ફરવાનો શોખ હોય છે. તેમજ ઘણા લોકોને નવા નવા સ્થળો પર જવાનું પસંદ હોય છે. આ બધા વચ્ચે એવો પણ વર્ગ છે જે વિદેશ ફરવા જવા માટે ઉત્સુક હોય છે. સામાન્ય લોકો કે જે કોઈ દિવસ વિદેશ નથી ગયા તેમને ઘણીવાર એવું મનમાં હોય છે કે વિદેશ જવા માટે પાસપોર્ટ અને વીઝાની જરૂર પડે. હા આ 2 વસ્તુ ખુબ જ જરૂરી છે, પણ તેની સાથે કેટલીક અન્ય વાતો પણ ધ્યાનમાં લેવી જરૂરી છે. જેથી વિદેશ યાત્રા દરમિયાન કોઈ પરેશાનની સામનો ન કરવો પડે. દરેક દેશમાં પોતાના નિયમો, કાયદા, મુદ્રા અને ત્યાં જવાના અલગ દસ્તાવેજ હોય છે. તેવામાં વિદેશ ટુર પર જતા પહેલા કેટલીક મહત્વની વાતોનું ધ્યાન રાખવું ખુબ જરૂરી છે. આવો જાણીએ વિગતવાર.



**મેડિકલ** | વિદેશ યાત્રા પહેલા મેડિકલ ચેકઅપ જરૂરી છે. જો તમને કોઈ તકલીફ કે બીમારી હોય તો તમારે જરૂર દવા અને ડોક્ટરનું પ્રિસ્ક્રિપ્શન સાથે રાખવું જરૂરી છે. સાથે જ તમારે કોઈ મેડિકલ હિસ્ટ્રી હોય તો તેને લગતા ડોક્યુમેન્ટ્સ પણ જરૂરી નથી કે જ્યાં તમે જાવ છો ત્યાં એજ દવા ઉપલબ્ધ હશે.

**પાસપોર્ટ અને વીઝા** | વિદેશ જવા માટે સૌથી અગત્યની વસ્તુ પાસપોર્ટ છે. માટે તમારે સૌથી પહેલા પાસપોર્ટની સમાપ્તિની તારીખ તપાસી લેવી જોઈએ. સામાન્ય રીતે કોઈ પણ દેશમાં પ્રવેશ કરવા માટે ઓછામાં ઓછા 6 મહિના માટે વેલીડ હોવું જોઈએ. સાથે જ તપાસ કરી લેવી કે જે દેશમાં તમે જાવ છો ત્યાં વીઝાની જરૂર છે કે નહીં. ઘણા દેશોમાં વગર વીઝાએ પણ પ્રવેશ મેળવી શકાય છે. જે લોકો ફરવા જવા માગતા હોય તેમણે ટુરિસ્ટ વીઝા કઢાવવું જરૂરી છે.

**ગંતવ્ય સ્થળ વિશે પૂરતી માહિતી જાણી લો** | જો તમે પહેલીવાર વિદેશ ફરવા જાવ છો તો તમારે તે દેશ વિશે જરૂરી માહિતી જેવી કે ત્યાંનું વાતાવરણ, કાયદાઓ, આહાર વગેરે જાણી લેવું જોઈ. તમે આ માટે ઈન્ટરનેટનો સહારો લઈ શકો અથવા કોઈ વ્યક્તિ કે જે ત્યાંની મુલાકાત લઈ આવ્યા હોય તેનો અભિપ્રાય પણ લઈ શકો.
આ સિવાય તમારે જે દેશમાં જવા માગતા હોવ ત્યાંના નાણા અથવા ચલણ વિશે જાણી લો. વિદેશ જવા સમયે તમામ જરૂરી દસ્તાવેજ સાથે રાખવા. જેવા કે પાસપોર્ટ, ID, વીઝા અને અન્ય સરકારી દસ્તાવેજ. જરૂરી ઈલેક્ટ્રોનિક્સ સામાન પણ સાથે રાખવો જરૂરી છે.


# 44075 કરોડમાં વેચાયા આઈપીએલના ટીવી અને ડિજિટલ રાઈટ્સ

## ■ IPL મીડિયા રાઈટ્સમાં સરપ્રાઈઝ : Sonyએ બોલી જીતી

ગુજરાત | વંદન

ઈન્ડિયન પ્રીમિયર લીગની 2023થી 2027 સીઝન માટે નવા બ્રોડકાસ્ટર મળી ગયા છે. રિપોર્ટ પ્રમાણે આઈપીએલના ડિજિટલ રાઈટ્સ વાયકોમ-18એ ખરીદ્યા છે, જ્યારે ટીવી બ્રોડકાસ્ટિંગના રાઈટ્સ બીજી કંપનીને મળ્યા છે. બંને રાઈટ્સ 44,075 કરોડ રૂપિયામાં વેચાયા છે. પરંતુ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી.

પ્રાપ્ત વિગત અનુસાર આઈપીએલના ટીવી અને ડિજિટલ રાઈટ્સ વેચાઈ ગયા છે. વર્ષ 2023થી લઈને 2027 સુધીના




### આ કંપનીઓમાં જોવા મળી હતી ફાઇટ

આઈપીએલના મીડિયા રાઈટ્સ ખરીદવા માટે વાયકોમ 18, ડિઝની+હોટસ્ટાર, સોની પિક્ચર્સ, ઝી ગ્રુપ, સુપર સ્પોર્ટ્સ, ટાઈમ્સ ઈન્ટરનેટ, ફન એશિયા.

રાઈટ્સ બે અલગ-અલગ કંપનીઓએ 44075 કરોડ રૂપિયામાં ખરીદ્યા છે. તેનાથી સ્પષ્ટ છે કે હવે આઈપીએલ અલગ ચેનલ અને ડિજિટલ એપ/વેબસાઈટ પર જોવા મળશે. આ મીડિયા રાઈટ્સ કુલ 410 મેચ માટે છે.

રિપોર્ટ પ્રમાણે આઈપીએલના ટીવી રાઈટ્સ સોની અને ડિજિટલ રાઈટ્સ વાયકોમ18 (રિલાયન્સ) ની પાસે ગયા છે. પરંતુ ભારતીય ક્રિકેટ બોર્ડે હજુ સત્તાવાર જાહેરાત કરી નથી.

આઈપીએલના મીડિયા રાઈટ્સની ચાલી રહેલા ઈ-ઓક્શનથી મોટી માહિતી સામે આવી છે. પાંચ વર્ષ માટે આઈપીએલના ટીવી રાઈટ્સ 57.5 કરોડ રૂપિયા અને ડિજિટલ રાઈટ્સ 48 કરોડ રૂપિયામાં વેચાયા છે. એટલે કે બીસીસીઆઈને ટીવી અને ડિજિટલ રાઈટ્સના ઓક્શનમાં પ્રતિ મેચ 107.5 કરોડ રૂપિયાની કમાણી થવાની છે.



# ટ્રેંટ બોલ્ટે મુથૈયા મુરલીધરનના વર્લ્ડ રેકોર્ડની કરી બરાબરી

ગુજરાત | વંદન

ટ્રેંટ બ્રિજમાં રમાઈ રહેલી બીજી ટેસ્ટ મેચમાં ન્યુઝીલેન્ડની પહેલી ઈનિંગ 553 રન પર આઉટ થઈ ગઈ. જ્યારે બીજા દિવસે મેચ ખતમ થઈ તો ઈંગ્લેન્ડે 1 વિકેટ પર 90 રન બનાવી લીધા હતા. ન્યુઝીલેન્ડ અત્યારે ઈંગ્લેન્ડથી 463 રન આગળ છે. ન્યુઝીલેન્ડની ઈનિંગ દરમિયાન જ્યાં ડેરિલ મિશેલે 190 રન અને ટોમ બ્લંડેલે 106 રનની ઈનિંગ રમીને કીવી ટીમને 553 રન પર લઈ જવામાં મહત્વની ભૂમિકા નિભાવી, ઝડપી બોલર ટ્રેંટ બોલ્ટે કીવી ઈનિંગના છેલ્લા સમયમાં 18 બોલ પર 16 રન બનાવીને શાનદાર પ્રદર્શન કર્યુ. પોતાની ઈનિંગમાં બોલ્ટે 4 ચોગ્ગા ફટકાર્યા.

ટ્રેંટ બોલ્ટે 16 રનની ઈનિંગ રમીને એક એવા રેકોર્ડની બરાબરી કરી લીધી જેણે દરેકને ચોંકાવી દીધા. ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં નંબર 11 પર સૌથી વધારે રન બનાવનાર ખેલાડી મુથૈયા મુરલીધરન છે. મુરલીધરને પોતાના ટેસ્ટ કરિયરમાં નંબર 11 પર બેટિંગ કરતા 623 રન બનાવ્યા હતા. હવે ન્યુઝીલેન્ડના આ ઝડપી બોલર શ્રીલંકાના મોટા અને મહાન બોલરની બરાબરી તરીકે બેટિંગ કરવામાં સફળ થઈ ગયા છે.

ટ્રેંટ બોલ્ટ પણ હવે ટેસ્ટમાં નંબર 11 પર બેટિંગ કરતા 623 રન બનાવી લીધા છે. એક રન બનાવતા જ બોલ્ટ મુથૈયા મુરલીધરનના આ ખાસ રેકોર્ડને તોડી દેશે. ભલે મુરલીધરનની ટેસ્ટમાં સૌથી વધારે વિકેટ લેવાનો રેકોર્ડ બનાવવો મુશ્કેલ છે પરંતુ બેટ્સમેન તરીકે મુરલીધરનનો આ રેકોર્ડ બસ તૂટવાનો જ છે. ઈંગ્લેન્ડના જેમ્સ એન્ડરસને નંબર 11 પર બેટિંગ કરતા અત્યાર સુધી 609 રન બનાવ્યા છે. પૂર્વ દિગ્ગજ વૉલ્શના નામ નંબર 11 પર બેટિંગ કરતા ટેસ્ટમાં કુલ 553 રન નોંધાયા છે.

# રાજકોટમાં મેચનું કાઉન્ટડાઉન શરૂ: ટીમ ઈન્ડિયા કઈ વાનગીઓનો સ્વાદ માણશે?

ગુજરાત | વંદન

હાલ ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ટી20 સીરિઝ ચાલી રહી છે. હવે જ્યારે રાજકોટમાં 17 જૂનના રોજ મેચ હોય અને ગુજરાતીઓમાં તેમાં રસ ના દાખવે એવું કદી બને જ નહીં. આવતીકાલે રાજકોટમાં ભારત અને દક્ષિણ આફ્રિકા ક્રિકેટ ટીમનું આગમન થવાનું છે.

સયાજી હોટેલ ખાતે ભારતીય ખેલાડીઓના પોસ્ટર્સ લાગી ચૂક્યા છે. ભારતીય ટીમ સયાજી હોટલ ખાતે અને દક્ષિણ આફ્રિકાની ટીમ 150 ફૂટ રિંગ રોડ પર આવેલી ફોર્ચ્યુન હોટેલ ખાતે રોકાવાની છે. ત્યારે વરસાદી માહોલમાં આવતીકાલે બન્ને ટીમોનું ભવ્યોતિભવ્ય આગમન કરવામાં આવશે.




### સ્ટાફનો બે વખત કોવિડ ટેસ્ટ કરાયો

ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ટી20 મેચ હોવાના કારણે મુસાફરોને થોડીક મુશ્કેલી વઠેવી પડે તેમ છે. યાત્રિકોને એક દિવસ રાજકોટ ચેન્નાઈની સિંધી ફ્લાઈટ મળશે. 17 જૂને ખઢેરી સ્ટેડિયમમાં બન્ને ટીમો વચ્ચે ક્રિકેટનો મહા મુકાબલો જામશે. જે ભારતીય ટીમ માટે ખરાખરીનો જંગ બની રહેવાનો છે. આ મેચમાં વરસાદનો ખતરો છે. એટલે ટીમ ઈન્ડિયાની કસોટી તો થશે. ક્રિકેટરો જ્યાં રોકાશે તે હોટલોના સ્ટાફનો બે-બે વખત કોરોના ટેસ્ટ કરાવી દીધો છે.

### ભારતના ખેલાડીઓના ભોજનનું મેનુ

ઈન્ડિયા જે હોટલમાં રોકાવાની છે, ત્યાં રેડ કાર્પેટમાં ગરબા સાથે ભવ્ય સ્વાગત કરવામાં આવશે. ખેલૈયાઓ દ્વારા તડામાર તૈયારી કરવામાં આવી છે. ખેલાડીઓને બ્રેકફાસ્ટમાં ગાંઠિયા-જલેબી અને સાંજે ઘૂઘરા, વઘારેલો રોટલાનો સ્વાદ માણશે. લંચમાં ઢોકળીનું શાક, રોટલો અને ડિનરમાં રાજસ્થાની ફૂડ ઘેવર રબડી, કૈર સાંગરી, દાલબાટી અને ઈન્દોરી ચાટનો સ્વાદ માણશે.




# નોર્વે ચેસ ટુર્નામેન્ટમાં કાર્લસન પાંચમી વખત ચેમ્પિયન

## વિશ્વનાથન આનંદ ત્રીજા સ્થાને

ગુજરાત | વંદન

નોર્વેના વર્લ્ડ ચેમ્પિયન મેગ્નસ કાર્લસને ઘરઆંગણે યોજાયેલી નોર્વે ચેસ ટુર્નામેન્ટની ક્લાસિક ઈવેન્ટમાં પાંચમી વખત ચેમ્પિયનશિપ જીતી લીધી હતી. જ્યારે અઝરબૈજાનનો મામેડયારોવ બીજા સ્થાને રહ્યો હતો. તે કાર્લસન કરતાં એક પોઈન્ટ પાછળ હતો. જ્યારે ભારતના૫૨ વર્ષના વિશ્વનાથન આનંદે આખરી મુકાબલામાં નોર્વેના ૨૩ વર્ષના આર્યન ટારીને આર્મજેડ્ડોન (સડન ડેથ) માં હરાવ્યો હતો. જોકે આનંદ ૧૪.૫ પોઈન્ટ્સ સાથે ત્રીજા સ્થાને રહ્યો હતો.

આખરી રાઉન્ડ ભારે રોચક બની રહ્યો હતો. કાર્લસન અને બીજા સ્થાને રહેલા મામેડયારોવ વચ્ચે માત્ર અડધા પોઈન્ટનો તફાવત હતો. કાર્લસન અને ટોપાલોવ વચ્ચેનો મુકાબલો ડ્રો રહ્યો હતો. જે પછી આર્મજેડ્ડોન મેચમાં કાર્લસન વિજેતા બન્યો હતો. આવી સ્થિતિમાં તો અઝરબૈજાનનો મામેડયારોવ તેના જ દેશના રાજાબોવ સામે જીતે તો ચેમ્પિયન બની શકે તેમ હતો. જોકે રાજાબોવ હારને આરે ધકેલાયો હતો, પણ તેણે જોરદાર કમબેક કરતાં મેચ ડ્રો કરી હતી. આખરે આર્મજેડ્ડોન મુકાબલામાં રાજાબોવ જીત્યો હતો અને મામેડયારોવને ટાઈટલ ગુમાવવું પડયું હતુ. કાર્લસને ૧૦મી નોર્વે ચેસ ક્લાસિકમાં સતત ચોથો અને ઓવરઓલ પાંચમો વિજય મેળવ્યો હતો.

### નોર્વે ઓપન ચેસમાં પ્રજ્ઞાનંદનો વિજય

ભારતના 16 વર્ષના ગ્રાન્ડ માસ્ટર પ્રજ્ઞાનંદે નોર્વે ચેસ ગૂરપ-એ ઓપન ટુર્નામેન્ટ જીતી લીધી હતી. ટુર્નામેન્ટ ટોપ સીડ ધરાવતા પ્રજ્ઞાનંદે નવ રાઉન્ડમાં અજેય રહેતા ટાઈટલ મેળવ્યું હતુ. તેણે આખરી રાઉન્ડમાં ભારતના જ આઈએમ વી. પ્રનીથને હરાવ્યો હતો. પ્રજ્ઞાનંદે એક પોઈન્ટના અંતરથી ઈઝરાઈલના આઈએમ માર્સેલ ઈફ્રોમ્સ્કીને હરાવ્યો હતો. જ્યારે ત્રીજા સ્થાને સ્વિડનનો આઈએમ જુંગ મિન સેઓ રહ્યો હતો.




# નીરજ ચોપરાએ પોતાનો ઓલમ્પિક રેકોર્ડ તોડ્યો

ગુજરાત | વંદન

હાલના ઓલ્મપિક ચેમ્પિયન ભાલા ફેંક એથલીટ નીરજ ચોપરાએ પાવો નુરમી ગેમ્સ 2022માં 89.03 મીટરનો થ્રો કરીને સિલ્વર મેડલ પોતાના નામે કર્યો છે. આ પ્રતિયોગિતામાં સુવર્ણ પદક ફિનલેન્ડના ઓલિવર હેલાંડરે જીત્યો છે. ઓલિવરે 89.83 મીટર દૂર ભાલો ફેંક્યો હતો. નીરજ માટે આ પ્રદર્શન આગામી મહિને યોજાનાર વર્લ્ડ ચેમ્પિયનશિપ માટે ટોનિકનું કામ કરશે.

નીરજ ચોપરાનો ટોક્યો ઓલમ્પિક બાદ પહેલી ટૂર્નામેન્ટ હતી. તેમણે 10 મહિના બાદ કોઈ પ્રતિયોગિતામાં ભાગ લીધો છે. આ દરમિયાન તેમણે પોતાનું પુરુ ફોકસ ટ્રેનિંગ અને રિકવરી પર લગાવ્યું હતું.

નીરજ ચોપરાએ પોતાના પ્રથમ પ્રયત્નમાં 88.07 મીટરનો થ્રો કર્યો હતો. હીટમાં તેઓ પાંચમાં નંબર પર હતા. ફાઈનલમાં તેમણે 86.92 મીટર થ્રો સાથે શરૂઆત કરી હતી. પ્રથમ રાઉન્ડમાં આ તેમનો બેસ્ટ પ્રયત્ન હતો.

24 વર્ષના નીરજ ચોપરાએ બીજા પ્રયત્નમાં 89.30 મીટર દૂર ભાલો ફેંકીને પોતાનો જ નેશનલ રેકોર્ડ તોડ્યો છે. નીરજે ટોક્યો ઓલમ્પિકમાં 88.07 મીટર થ્રો કરીને સુવર્ણ પદક જીત્યો હતો.

નીરજ ચોપરાએ પ્રથમ વખત 89 મીટરના માર્કને સર કર્યો હતો. આ અગાઉ તેમનો બેસ્ટ થ્રો 88.07 મીટર રહ્યો હતો જે તેમણે ગયા વર્ષે પટિયાલામાં ઈન્ડિયન જીપી દરમિયાન બનાવ્યો હતો.

નીરજ ચોપરાએ શાનદાર વાપસી માટે ખૂબ જ મહેનત અને મુશ્કેલ ટ્રેનિંગ લીધી હતી. પાવો નુરમી એક ગોલ્ડ ઈવેન્ટ છે. આ ડાયમંડ લીગ બાદ સૌથી મોટી ટ્રેક-એન્ડ-ફીલ્ડ પ્રતિયોગિતાઓમાંથી એક માનવામાં આવે છે.

## BCCI સચિવ જય શાહે કરી મોટી જાહેરાત

# BCCIએ 900 જેટલા પૂર્વ ક્રિકેટરોના પેંશનમાં વધારો કર્યો

ગુજરાત | વંદન

BCCIએ પૂર્વ ક્રિકેટરો અને પૂર્વ અધિકારીઓને લઈને મોટો નિર્ણય લીધો છે. BCCI સેક્રેટરી જય શાહે જાહેરાત કરી છે કે ભૂતપૂર્વ ખેલાડીઓના પેન્શનમાં વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં પુરૂષ અને મહિલા ક્રિકેટ સાથે જોડાયેલા 900 લોકોને સામેલ કરવામાં આવ્યા છે. આ લોકોને જલ્દી જ આ પેન્શનનો લાભ મળવા લાગશે.

BCCI સચિવ જય શાહે ટ્વીટ કર્યું, "પૂર્વ ક્રિકેટરો (પુરુષ અને મહિલા) અને મેચ અધિકારીઓના માસિક પેન્શનમાં વધારાની જાહેરાત કરતા મને આનંદ થાય છે. લગભગ 900 લોકોને



આનો લાભ મળશે. આ સાથે 75 ટકા કર્મચારીઓ 100 ટકા વધારાનો લાભ લઈ શકશે."

નોંધપાત્ર રીતે, પેન્શન વધારવા પર, BCCI પ્રમુખ સૌરવ ગાંગુલીએ કહ્યું કે ક્રિકેટ બોર્ડ માટે અમારા ભૂતપૂર્વ ક્રિકેટરો અને અમ્પાયરોની આર્થિક સ્થિતિનું ધ્યાન રાખવું ખૂબ જ મહત્વપૂર્ણ છે. તેણે કહ્યું, "આપણા ભૂતપૂર્વ ક્રિકેટરોની આર્થિક સ્થિતિનું ધ્યાન રાખવું ખૂબ જ મહત્વપૂર્ણ છે. ખેલાડીઓ જીવનરેખા બની રહે છે અને બોર્ડ તરીકે અમારી ફરજ છે કે એક વખત તેમના રમવાના દિવસો પૂરા થાય, અમે તેમને તક આપવી જોઈએ. તેમને મદદ કરો." કાળજી લેવી જ જોઈએ."

તેણે આગળ કહ્યું, અમારા ક્રિકેટરોનું કલ્યાણ, પછી તે ભૂતકાળ હોય કે વર્તમાન, સર્વોચ્ચ પ્રાથમિકતા છે અને પેન્શનની રકમ વધારવી એ તે દિશામાં એક પગલું છે. BCCI વર્ષોથી અમ્પાયરોના યોગદાનની કદર કરે છે અને આ તેમના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાની રીત છે.

# IPL માં ફેંકાતા દરેક દડા સાથે ક્રિકેટ બોર્ડ રૂા. 49 લાખ કમાશે

ગુજરાત | વંદન

દેશમાં ઈન્ડીયન પ્રિમીયર લીગએ વિશ્વની બીજા નંબરની સૌથી મોંઘી પ્રિમીયર લીગ જશે અને ગઈકાલે 2023 થી 2027 સુધીના જે મીડિયા રાઈટ્સ અપાયા છે તેમાં 410 મેચ માટે રૂા. 48390 કરોડની રકમ ચૂકવાશે અને ક્રિકેટ બોર્ડ આઈપીએલમાં દરેક દડા સાથે રૂા. 49 લાખની રકમ મેળવશે.

જ્યારે દરેક ઓવર માટે ક્રિકેટ બોર્ડ રૂા. 2.95 કરોડની રકમ મેળવશે અને 2023થી ક્રિકેટ બોર્ડ દરેક આઈપીએલ મેચ માટે રૂા. 118 કરોડની રકમ મેળવશે જે હાલ ક્રિકેટ બોર્ડને આવક થાય છે તેના કરતાં લગભગ ડબલ જેટલી છે. સ્ટાર ઈન્ડીયા દ્વારા અગાઉ 2018માં રૂા. 6138 કરોડમાં સોદો થયો હતો અને પાંચ વર્ષ સુધી ક્રિકેટ બોર્ડ દ્વારા આઈપીએલની જે



વેલ્યુ વધારાઈ છે તેના કારણે હવે ક્રિકેટ બોર્ડ વધુ રકમ મેળવી રહ્યું છે.

2018થી 2022 સુધીમાં ક્રિકેટ બોર્ડે દરેક આઈપીએલ મેચ પાછળ રૂા. 55 કરોડની રકમ મેળવી હતી. બીસીસીઆઈ દ્વારા પ્રથમ વખત ટીવી મીડિયા રાઈટ્સ અને ડીજીટલ મીડિયામાં પણ સૌથી વધુ રકમ મેળવી છે. એ ઉપરાંત ભારતીય ઉપખંડ અને અન્ય દેશો માટે પણ ચાર પ્રકારના ઓકશન કર્યા છે. અને તેના કારણે ક્રિકેટ બોર્ડને સૌથી વધુ રકમ મળી છે.

**ઇતિહાસ** ભારતે 4-0થી હોંગ કોંગને હરાવ્યું : એશિયન કપમાં ક્વોલિફાય

# ભારતીય મેન્સ ફૂટબોલ ટીમે 29 વર્ષ બાદ હોંગકોંગ સામે વિજય મેળવ્યો



ગુજરાત | વંદન

ભારતીય મેન્સ ફૂટબોલ ટીમે હોંગ કોંગ સામે ૨૯ વર્ષ બાદ વિજય મેળવતા અનોખો ઈતિહાસ રચી દીધો હતો. ઘરઆંગણે રમાયેલી એશિયન કપ ક્વોલિફાયર મેચમાં ભારતે હોંગ કોંગ સામે ૪-૦થી ભવ્ય વિજય મેળવ્યો હતો. આ સાથે ભારત તેના ગૂરપમાં ત્રણેય મેચ જીતીને ટોચ પર રહ્યું હતુ અને આવતા વર્ષે યોજાનારા એશિયન કપમાં ક્વોલિફાય થયું હતુ. ભારત સતત બીજા વર્ષે અને ઓવરઓલ પાંચમી વખત એશિયન કપમાં ક્વોલિફાય થયું હતુ.

હોંગકોંગ સામેની જીતમાં ભારતના દિગ્ગજ ખેલાડી સુનિલ છેત્રીએ એક ગોલ નોંધાવ્યો હતો. જે તેની કારકિર્દીનો ૮૪મો ગોલ હતો. આ સાથે સુનિલ છેત્રીએ સૌથી વધુ ગોલ ફટકારવાના રેકોર્ડમાં હંગેરીના દિગ્ગજ ખેલાડી પુસ્કાસની બરોબરી મેળવી લીધી હતી. તેમણે પણ તેમની કારકિર્દીમાં ૮૪ ગોલ નોંધાવ્યા હતા. સૌથી વધુ આંતરરાષ્ટ્રીય ગોલ ફટકારવામાં રોનાલ્ડો ૧૧૭ ગોલ સાથે ટોચ પર છે. જ્યારે અલી ડાઈના ૧૦૯ ગોલ, દાહારીના ૮૯ ગોલ અને મેસીના ૮૬ ગોલ છે. જે પછી પુસ્કાસ-છેત્રીને સ્થાન મળે છે.

ભારત તરફથી અનવર અલી, માનવીર સિંઘ અને ઈશાન પંડિતાએ પણ ગોલ કર્યા હતા. ભારતે આખરી મિનિટોમાં બે ગોલ નોંધાવ્યા હતા.

# રોહિત-કોહલીને પછાડીને જો રૂટ બન્યા નંબર-1 બેટ્સમેન

ગુજરાત | વંદન

ઈંગ્લેંડ ટેસ્ટ ટીમના પૂર્વ કેપ્ટન જો રૂટ (Jo Root) ટેસ્ટ ક્રિકેટમાં જોરદાર ફોર્મમાં ચાલી રહ્યા છે. ન્યૂઝીલેન્ડ સામે ચાલી રહેલી સીરિઝમાં જો રૂટે રનનું ઘોડાપૂર સર્જ્યું છે અને રૂટને તેનો ફાયદો પણ મળ્યો છે. જો રૂટ હવે ટેસ્ટ રેન્કિંગમાં નંબર-1 બેટ્સમેન બની ચુક્યા છે. આજ રોજ જાહેર કરવામાં આવેલા તાજા રેન્કિંગમાં જો રૂટ ટોચ પર છે.

ન્યૂઝીલેન્ડ અને ઈન્ગલેન્ડ વચ્ચે ચાલી રહેલી સીરિઝ શરૂ થઈ



તે પહેલા ઓસ્ટ્રેલિયાના માર્નસ લૈબુશેન નંબર-1 ટેસ્ટ બેટ્સમેન હતા પરંતુ જો રૂટે આ સીરિઝમાં તેમને પછાડી દીધા. હવે ઈંગ્લિશ બેટ્સમેન જો રૂટના 897 પોઈન્ટ થઈ ગયા છે જ્યારે માર્નસ લૈબુશેનના 892 પોઈન્ટ છે.

### ટોપ-10 બેટ્સમેન

1. જો રૂટ
2. માર્નસ લૈબુશેન
3. સ્ટીવ સ્મિથ
4. બાબર આઝમ
5. કેન વિલિયમસન
6. ડિમુથ કરૂણારત્ને
7. ઉસ્માન ખ્વાજા
8. રોહિત શર્મા
9. ટ્રેવિસ હેડ
10. વિરાટ કોહલી

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

# રઘુરામ રાજને આપ્યા સંકેત: મોંઘવારી હજૂ ચરમ પર નથી આવી, મંદીની આશંકાને અવગણી શકાય નહીં



ગુજરાત | વંદન

ભારતીય રિઝર્વ બેંકના પૂર્વ ગવર્નર રઘુરામ રાજને કહ્યું કે, મોંઘવારી હજૂ પણ વધશે. તેમનું કહેવુ છે કે, ફુગાવો હજૂ પોતાની ચરમ પર પહોંચ્યો નથી. રાજને આ વાત અમેરિકામાં ઈન્ફ્લેશનના આંકડા આવ્યા બાદ કહી હતી. યુએસમાં મેના ફુગાવાના ડેટા શુક્રવારે જાહેર કર્યા હતા. એપ્રિલમાં 8.3 ટકા હતો, જે મેમાં વધીને 8.6 ટકા થઈ ગયું. તેની સાથે જ યુએસમાં મોંઘવારી 4 દાયકાના ટોચ પર પહોંચી ગઈ છે.

રઘુરામ રાજને જણાવ્યું હતું કે, ચોક્કસપણે મંદીથી બચી શકાય છે, પણ આગામી એક સમયમાં એક હળવી મંદીને નકારી શકાય નહીં. તેમણે યુએસના સંદર્ભમાં કહ્યું કે, મંદીથી બચવા માટે ફેડરલ રિઝર્વ (યુએસની રિઝર્વ બેંક)એ મોટા પગલા ભરવા પડશે. સાથે જ તેમણે યુરોપિયન સેન્ટ્રલ બેંકને લઈને કહ્યું કે, તેમની પાસે બહુ વિકલ્પો બચ્યા નથી. યુરોમાં નબળાઈથી આયાતિત ફુગાવાનો ખતરો વધી ગયો છે અને સમય રહેતા ઈસીબીએ પગલા ઉઠાવવા પડશે.

રાજને કહ્યું કે, ક્રૂડ ઓયલની કિંમતોમાં ઉછાળાની કંઈક અસર થવાની હજૂ બાકી છે. તેમણે કહ્યું કે, નાણાકીય બજારમાં પછડાટ આવી છે અને આગળ પણ તેવું જ ચાલું રહેશે. રઘુરામ રાજન હાલમાં યુનિવર્સિટી ઓફ શિકાગોમાં બૂથ સ્કૂલ ઓફ બિઝનેસમાં ફાઈનાન્સ પ્રોફેસર છે. તેમણે 2008માં નાણાકીય સંકટ વિશે પહેલી વાર સંકેત આપ્યા હતા. ઉપરાંત ભારતમાં આરબીઆઈના ગવર્નર પદ પર રહેતા તેમણે બેંકોના ડૂબેલા દેવાની સમસ્યામાંથી ઉજાગર કરી હતી.

### ભારતમાં ફુગાવો


મેમાં જાહેર કરેલા આંકડા અનુસાર, ભારતમાં એપ્રિલમાં ગ્રાહક મૂલ્યા સૂચકાંક વધીને 7.79 ટકા થઈ ગયો, તેનાથી છુટક મોંઘવારી દર જાણી શકાય છે. મે 2014 બાદ તે સર્વોચ્ચ સીપીઆઈ નોંધાયો, આ તમામની વચ્ચે મેથી જૂન સુધી આરબીઆઈ મોંઘવારીને કાબૂ કરવા માટે 2 વાર રેપોરેટ વધારી ચુક્યુ છે. આરબીઆઈએ 4 મેથી 0.40 ટકા અને 8 જૂનના રોજ રેપોરેટમાં 0.50 ટકા વધારાની જાહેરાત કરી હતી. અર્થશાસ્ત્રીઓનું માનીએ તો, આવનારા સમયમાં આરબીઆઈ દરોમાં હજૂ પણ વધારો કરશે.

## શાર્પશૂટર સંતોષ જાધવની ગુજરાતથી ધરપકડ કરાઈ

# મૂસેવાલા હત્યાકાંડનો છેડો ગુજરાત સુધી પહોંચ્યો, એકની ધરપકડ

ગુજરાત | વંદન





પંજાબી સિદ્ધૂ મૂસેવાલાના હત્યાકાંડમાં ફરાર થયેલા શૂટર સંતોષ જાધવની પુણે પોલીસે ધરપકડ કરી લીધી છે. મીડિયા રિપોર્ટ્સ મુજબ આરોપીની ગુજરાતમાંથી ધરપકડ કરવામાં આવી હોવાની પ્રાથમિક વિગતો સામે આવી રહી છે. પુણે ગ્રામ્ય પોલીસે શૂટર સંતોષ જાધવની ગુજરાતમાંથી ધરપકડ કર્યા બાદ તેને મોડી રાત્રે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો અને તેના 20 જૂન સુધીના રિમાન્ડ મંજૂર થયા છે. પોલીસે સંતોષ જાધવની સાથે નવનાથ સૂર્યવંશીની પણ ધરપકડ કરી લીધી છે. સંતોષ જાધવ કોણ છે અને આ સિવાય કેટલા શૂટર્સને મૂસેવાલાની હત્યા માટે મોકલવામાં આવ્યા હતા તે તમામ વિગતો સામે આવી છે.

સંતોષ જાધવ અને સૌરભ મહાકાલ ફરાર થઈ ગયા હતા. બંને પંજાબમાં રહેતા હોવાની ગ્રામ્ય પોલીસને બાતમી મળી હતી. આ બંને લૉરેન્સ બિશ્નોઈની ગેંગના હોવાનું જાણવા મળે છે. પુણે ગ્રામીણ પોલીસે સીસીટીવી જોયા બાદ પંજાબ પોલીસને સંતોષ જાધવ વિશે જાણ કરી હતી. સચિન બિશ્નોઈ ગેંગે ગાયક સિદ્ધુ મૂસેવાલા પર હુમલો કરવા માટે મહારાષ્ટ્રમાંથી બે શાર્પ શૂટરને બોલાવ્યા હતા. સંતોષ જાધવ અને મહાકાલ બે શૂટર હતા. પંજાબ પોલીસે મૂસેવાલા પર ગોળીબાર કરનારાઓના નામ જાહેર કર્યા છે. મુસેવાલને મારવા કુલ ચાર રાજ્યોમાંથી શૂટરોને પંજાબ મોકલવામાં આવ્યા હતા. 3 શૂટર પંજાબના હતા. 2 મહારાષ્ટ્રના, 2 હરિયાણાના અને તેમાંથી એક રાજસ્થાનનો શાર્પશૂટર હતો.

આ કેસને કઈ રીતે અંજામ આપવામાં આવ્યો અને શાર્પશૂટર્સ કઈ રીતે પંજાબ પહોંચ્યા તે અંગે ચોંકાવનારી વિગતો સામે આવશે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. આ સિવાય ભૂતકાળમાં કે ભવિષ્ય માટે કોઈ પ્લાન બનાવ્યો હતો કે કેમ તે અંગે પણ પૂછપરછ કરવામાં આવશે.

## NCP પ્રમુખે કોંગ્રેસ અને 'આપ'ને આપ્યું સમર્થન

# હું વિપક્ષનો રાષ્ટ્રપતિ પદનો ઉમેદવાર નહીં બનું: પવાર

ગુજરાત | વંદન



રાષ્ટ્રપતિની ચૂંટણી 18મી જુલાઈના રોજ યોજાશે. આ પદ માટે કોણ ઉમેદવાર હશે તે હજુ નક્કી થયું નથી. NDA અને વિપક્ષ નામોને લઈને માથાપચ્ચી કરી રહ્યા છે. હવે આ દરમિયાન શિવસેનાના સાંસદ સંજય રાઉતે NCP પ્રમુખ શરદ પવારનું નામ આગળ કર્યું છે. તેમણે આગામી રાષ્ટ્રપતિ તરીકે શરદ પવારને પસંદ કરવા માટે દરેક પક્ષ પાસેથી સર્વસંમતિથી નિર્ણય લેવાની માંગ કરી હતી. જોકે શરદ પવાર ઉમેદવાર બનવાના પક્ષમાં નથી. NCP નેતાઓ સાથેની બેઠકમાં તેમણે કહ્યું કે તેઓ વિપક્ષી ઉમેદવાર તરીકે રાષ્ટ્રપતિની ચૂંટણી લડવાના પક્ષમાં નથી. શરદ પવારે કહ્યું કે હું રેસમાં નથી. હું વિપક્ષનો રાષ્ટ્રપતિ પદનો ઉમેદવાર નહીં બનું.

રાષ્ટ્રપતિ પદની ઉમેદવારી માટે શરદ પવારને આમ આદમી પાર્ટી અને કોંગ્રેસનું સમર્થન મળ્યું છે. મહારાષ્ટ્ર પ્રદેશ કોંગ્રેસ સમિતિના અધ્યક્ષ નાના પટોલેએ કહ્યું કે જો રાષ્ટ્રપતિની ચૂંટણી માટે શરદ પવારનું નામ સામે આવશે તો પાર્ટી તેમને સમર્થન આપશે. નાના પટોલેએ કહ્યું, 'જો શરદ પવારનું નામ રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર તરીકે સામે આવશે તો મહારાષ્ટ્ર કોંગ્રેસ તેમની સાથે છે અને સમર્થન કરશે.

રાષ્ટ્રપતિની ચૂંટણી 18 જુલાઈએ યોજાશે અને 21 જુલાઈએ પરિણામ જાહેર થશે. આ અંગેની અધિસૂચના 15 જૂને જાહેર કરવામાં આવશે. જ્યારે 29 જૂન સુધી ઉમેદવારી નોંધાવી શકાશે. અહીં મહત્ત્વપૂર્ણ છે કે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદનો કાર્યકાળ 24 જુલાઈએ પૂર્ણ થઈ રહ્યો છે.

## VIP કલ્ચર: કલેક્ટરની પાળેલી ગાયની સારવાર માટે 7 ડોક્ટરોની નિમણૂંક

ગુજરાત | વંદન

દેશના બ્યુરોક્રેટસને પણ ઘણી વખત વીઆઈપી ટ્રીટમેન્ટ મળે તે માટે તંત્ર પડાપડી કરતુ હોય છે. યુપીના ફતેપુરમાં



કલેક્ટર અપૂર્વા દુબેની પાળેલી ગાયની દેખરેખ રાખવા માટે સાત ડોકટરોની નિમણૂંક કરવામાં આવી છે અને આ આ આદેશ પશુ ચિકિત્સા અધિકારી ડો. તિવારીએ આપ્યો છે. મીડિયા રિપોર્ટમાં કહેવાયુ છે કે, ખુદ કલેકટરને આ બાબતની જાણ નથી.દરમિયાન આ ઓર્ડર સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.આદેશ પ્રમાણે સોમવારે એક વેટરનિટી ડોકટર તો મંગળવારે બીજા ડોકટરને ડ્યુટી સોંપવામાં આવી છે.આ રીતે અઠવાડિયાના સાતે દિવસ અલગ અલગ ડોકટર કલેકટરની પાળેલી ગાયની સારવાર કરવાના છે.

## ભારતીય વિદ્યાર્થીઓને રશિયન યુનિવર્સિટીઓમાં પ્રવેશ અપાશે

# યુક્રેનથી પરત આવેલા ભારતના વિદ્યાર્થીને ભણાવવા રશિયા તૈયાર

ગુજરાત | વંદન

રશિયા-યુક્રેન યુદ્ધને કારણે ત્યાં ભણતા ભારતીય વિદ્યાર્થીઓનું ભવિષ્ય સંકટના વાદળોથી ઘેરાયેલું છે, પરંતુ આ બધાની વચ્ચે એક સારા સમાચારા આવ્યા છે. હવે આવા વિદ્યાર્થીઓ રશિયન યુનિવર્સિટીમાં એડમિશન લઈને પોતાનો અભ્યાસ ચાલુ રાખી શકશે. નવી દિલ્હીમાં રશિયન દૂતાવાસના ડેપ્યુટી ચીફ ઓફ મિશન રોમન બાબુશકિને આ સમાચાર આપ્યા છે. તેમના મતે ભારતીય વિદ્યાર્થીઓને રશિયન યુનિવર્સિટીઓમાં પ્રવેશ આપવામાં આવશે. જ્યાં તેઓ તેમના સંબંધિત અભ્યાસક્રમો ચાલુ રાખી શકશે.રશિયા-યુક્રેન યુદ્ધને કારણે યુક્રેન છોડનારા ભારતીય વિદ્યાર્થીઓની કારકિર્દી ખોરવાઈ ગઈ હતી અને તેમનું ભવિષ્ય અંધકારમય બની ગયું હતું. આવી સ્થિતિમાં તેમના માટે રશિયન એમ્બેસી તરફથી સારા સમાચાર આવ્યા છે. રશિયન એમ્બેસીના ડેપ્યુટી હેડ રોમન બાબુશકિને જણાવ્યું કે આવા વિદ્યાર્થીઓ હવે રશિયન યુનિવર્સિટીઓમાં તેમણે જ્યાંથી અભ્યાસ અધૂરો છોડ્યો હતો ત્યાંથી પોતાનો અભ્યાસ ચાલુ રાખી શકશે. હવે તેમણે તેમનો અભ્યાસ અધવચ્ચે છોડી દેવાની જરૂર નહીં પડે અને તેમનું શૈક્ષણિક વર્ષ પણ બગડશે નહીં.

### રશિયન યુનિ.માં સ્કોલરશિપ લઈ શકશે

રશિયન ફેડરેશનના માનદ કોન્સ્યુલ અને તિરુવનંતપુરમમાં રશિયન હાઉસના ડિરેક્ટર રતિશ સી. નાયરના જણાવ્યા અનુસાર, જે વિદ્યાર્થીઓ સ્કોલરશીપ મેળવી રહ્યા હતા તેઓ રશિયન યુનિવર્સિટીઓમાં પણ સ્કોલરશીપ મેળવી શકે છે. જોકે તેમણે સ્પષ્ટતા કરી છે કે રશિયન યુનિવર્સિટીમાં એડમિશન લેવા માટે તેમણે ફી ભરવી પડશે. યુક્રેનમાં ચૂકવવામાં આવેલી ફી રશિયાની યુનિવર્સિટીઓ માટે માન્ય રહેશે નહીં.

# યુક્રેન યુધ્ધ: રશિયાએ પ્રતિબંધ વચ્ચે 100 અબજ ડોલરની કમાણી કરી

ગુજરાત | વંદન



રશિયાએ ફેબ્રુઆરીમાં યુક્રેન ઉપર યુધ્ધ શરૂ કર્યું એ પછી અમેરિકા, યુરોપ અને અન્ય દેશોએ એક પછી એક પ્રતિબંધ લાદી રશિયાને આર્થિક રીતે પાયમાલ કરવા માટેના પગલાંની જાહેરાત કરી હતી. ત્યાં સુધી કે તેને આંતરરાષ્ટ્રીય પેમેન્ટ સિસ્ટમથી કાઢી મૂક્યું હતું અને કમાણી માટેના સૌથી મોટા સ્ત્રોત એવા ક્રૂડ ઓઈલ નહિ ખરીદવાની જાહેરાત કરી હતી.

આમ છતાં, યુદ્ધના 100 દિવસ દરમિયાન રશિયાએ ક્રૂડ ઓઈલ વેંચી 100 અબજ ડોલરની કમાણી કરી હોવાનો દાવો એક અહેવાલ ખાનગી રિસર્ચ એજન્સીએ કરેલા રિસર્ચમાં થયો છે! સેન્ટર ફોર રિસર્ચ ઓન એનર્જી એન્ડ ક્લીન એર (ક્રિયા) નામની સંસ્થા જણાવે છે કે રશિયન ક્રૂડની નિકાસ ચોક્કસ ઘટી છે પણ તેનાથી રશિયા ઉપર આર્થિક બોજ વધ્યો નથી. યુક્રેન સામેના યુદ્ધમાં રશિયા દૈનિક 88 કરોડ ડોલરનો ખર્ચ કરી રહ્યું છે સામે દૈનિક એક અબજ ડોલરની કમાણી તેને ક્રૂડ નિકાસથી થઈ રહી છે.

ક્રિયા જણાવે છે કે નિકાસ ઉપર પ્રતિબંધ ચોક્કસ છે પણ તેમાં છીંડા છે. બ્રિટન અને યુરોપીયન સંઘ હજુ પણ રશિયા ઉપર એનર્જી માટે નિર્ભર છે. આ વર્ષના અંતે યુરોપ પૂર્ણ રીતે રશિયન ક્રૂડની આયાત બંધ કરશે પણ તેનો વિકલ્પ હજુ તૈયાર નથી.

બીજી તરફ રશિયાએ ભારત જેવા દેશને નિકાસ શરૂ કરી છે. યુક્રેન યુધ્ધ પહેલા ભારતની ક્રૂડની આયાતમાં રશિયાનો હિસ્સો ૧ ટકા હતો જે હવે વધી 18 ટકા થયો છે. ભારતમાં આ ક્રૂડ રિફાઈન થઈ ફરી અમેરિકા અને યુરોપમાં પેટ્રોલ, ડીઝલ તરીકે પ્રવેશે છે એટલે પ્રતિબંધની રશિયા ઉપર અસર નથી અને તેની આવકમાં કોઈ મોટો ઘટાડો જોવા મળ્યો નથી, એમ આ રિસર્ચ નોંધે છે.

## હેક્ટિવિસ્ટ ગ્રુપ 'ડ્રેગનફોર્સ'એ ઓડિયો ક્લિપ અને ટેકસ્ટ મેસેજ મોકલ્યા

# નૂપુર શર્મા વિવાદ : ભારતની 70 ખાનગી-સરકારી વેબસાઈટો પર સાયબર એટેક

ગુજરાત | વંદન

મોહમ્મદ પયગમ્બર સાહેબ પર ટીપ્પણીના વિવાદ બાદ ભારતની લગભગ 70 ખાનગી અને સરકારી વેબસાઈટો ઉપર આંતરરાષ્ટ્રીય સાયબર એટેક થયો છે. એકલા મહારાષ્ટ્રમાંથી જ 50થી વધુ વેબસાઈટ પ્રભાવિત થઈ છે. 'હેક્ટિવિસ્ટ' ગ્રુપ 'ડ્રેગનફોર્સ' મલેશિયા દ્વારા સંચાલિત સાયબર હુમલાઓમાં ઓનલાઈન પ્લેટફોર્મની સાથે જ ઈઝરાયલમાં ભારતીય દૂતાવાસ, રાષ્ટ્રીય કૃષિ વિસ્તાર મેનેજમેન્ટ સંસ્થાઓ અને ભારતીય કૃષિ અનુસંધાન પરિષદના ઈ-પોર્ટલને નિશાન બનાવ્યા છે.

હેકર્સના એક ગ્રુપે ઓડિયો ક્લિપ અને ટેકસ્ટ મેસેજના માધ્યમથી મેસેજ પણ મોકલ્યો છે જેમાં કહેવાયું છે કે "તમારા માટે તમારો ધર્મ છે અને મારા માટે મારો ધર્મ છે, અમને ભારતીય લોકો સાથે કો, સમસ્યા નથી. તેઓ પોતાનો ધર્મ પસંદ કરવા માટે સ્વતંત્ર છે પરંતુ અમે તેમને અમારા ધર્મ (ઈસ્લામ) પર હુમલો કરવા દેશું નહીં." અહેવાલો અનુસાર ભારત સરકારની સાઈટોની સાથે સાથે ખાનગી પોર્ટલોને 8 અને 12 જૂન વચ્ચે આંતરવામાં આવ્યા હતા. હેકર્સે ભારતની એક ટોચની બેન્કને પણ નિશાન બનાવવાનો પ્રયાસ કર્યો હતો. ત્યાં સુધી કે દિલ્હી પબ્લીક સ્કૂલ, ભવન અને દેશભરની કોલેજોને પણ નિશાન બનાવી હતી.

# રક્ષામંત્રીએ 'અગ્નિપથ યોજના' કરી લોન્ચ, અગ્નિવીરોને પગાર કેટલો મળશે?

ગુજરાત | વંદન

દેશના રક્ષામંત્રી રાજનાથ સિંહે આજે સેનાના ત્રણેય પાંખના વડાઓ સાથે પત્રકાર પરિષદ યોજી. આ દરમિયાન તેમણે કહ્યું કે કેન્દ્ર સરકાર અગ્નિપથ યોજના લાવશે. રાજનાથ સિંહે જણાવ્યું કે અગ્નિપથ ભરતી યોજના હેઠળ સેનામાં ચાર વર્ષ માટે યુવાઓની ભરતી કરાશે. આ સાથે જ તેમને નોકરી છોડતી વખતે સેવા નિધિ પેકેજ પણ મળશે. આ યોજના હેઠળ સેનામાં સામેલ થનારા યુવાઓને અગ્નિવીર કહેવામાં આવશે.

રક્ષામંત્રી રાજનાથ સિંહે કહ્યું કે ભારતીય સેનાઓને વિશ્વની શ્રેષ્ઠ સેનાઓ બનાવવા માટે આજે સુરક્ષા સંબંધિત કેબિનેટ કમિટીએ ઐતિહાસિક નિર્ણય લીધો છે. અમે અગ્નિપથ નામની એક યોજના લાવી રહ્યા છીએ જે આપણી સેનામાં પરિવર્તનકારી ફેરફાર લાવીને તેમને સંપૂર્ણ રીતે આધુનિક અને સુસજ્જિત બનાવશે. તેમણે કહ્યું કે અગ્નિપથ યોજનાથી રોજગારીની તકો વધશે. અગ્નિવીર સેવા દરમિયાન અર્જિત કૌશલ તથા અનુભવથી યુવાઓને વિભિન્ન ક્ષેત્રોમાં રોજગારી મળશે. તેનાથી અર્થવ્યવસ્થાને પણ ઉચ્ચ કુશળ કાર્યબળ ઉપલબ્ધ થશે. જે ઉત્પાદકતા લાભ અને જીડીપી વૃદ્ધિમાં મદદ કરશે.

### પેકેજ સાથે મળશે આ ભથ્થા

એન્યુઅલ પેકેજ સાથે કેટલાક ભથ્થા પણ મળશે. જેમાં રિસ્ક એન્ડ હાર્ડશીપ, રાશન, ડ્રેસ અને ટ્રાવેલ અલાઉન્સ પણ સામેલ હશે. સેવા દરમિયાન ડિસેબલ થવા પર નોન સર્વિસ પીરિયડનો ફૂલ પે અને ઈન્ટ્રેસ્ટ પણ મળશે. સેવા નીધિને આવકમાંથી છૂટ અપાશે. અગ્નિવીર ગ્રેજ્યુઈટી અને પેન્શન સંબંધિત લાભ માટે હકદાર નહીં ગણાય. અગ્નિવીરોને ભારતીય સશસ્ત્ર દળોમાં તેમની અવધી માટે 48 લાખ રૂપિયાનો non-contributory જીવન વીમા કવર આપવામાં આવશે.

### યોજનાની મહત્વની વાતો...

- આ યોજના હેઠળ સામેલ થનારા યુવાને 4 વર્ષ માટે સેનામાં ભરતી કરાશે.
- આ દરમિયાન અગ્નિવીરોને આકર્ષક પગાર મળશે.
- સેનાની ચાર વર્ષની નોકરી બાદ યુવાઓને ભવિષ્ય માટે વધુ તકો પણ પ્રદાન કરાશે.
- કોરોના મહામારીના કારણએ છેલ્લા 2 વર્ષથી સેનામાં ભરતી અટકેલી છે. પહેલા નવા સૈનિકોએ 9 મહિનાની ટ્રેનિંગ લેવી પડતી હતી જ્યારે અગ્નિવીરોની ટ્રેનિંગ 6 મહિનાની રહેશે.

## નવા રાષ્ટ્રપતિપદ માટે ચૂંટણી કે વરણી..? મહામહિમ રામનાથ જુલાઈમાં ભવનને કરશે રામ રામ..

# કૌન બનેગા રાષ્ટ્રપતિ-હિન્દુ...મુસ્લિમ...કે મહિલા..?


ગુજરાત | વંદન


ભારતના 15મા રાષ્ટ્રપતિની ચૂંટણી માટેનું સમયપત્રક ચૂંટણી પંચ દ્વારા જાહેર થયું અને તે સાથે જ કૌન બનેગા કરોડપતિ..ની જેમ કૌન બનેગા રાષ્ટ્રપતિ... માટેની રાજકિય અટકળોના વાયરા વહેતા થયા છે વર્તમાન મહામહિમ રાષ્ટ્રપતિ મહોદય રામનાથ કોવિંદની મુદત જુલાઈમાં પૂરી થશે અને તે પહેલાં નવા રાષ્ટ્રપતિ મહોદયની વરણી થઈ જશે. સર્વાનુમતે વરણી થશે કે ચૂંટણી થશે તેની ગણતરીઓ મૂકાઈ રહી છે. લોકસભા કે વિધાનસભાની જેમ આ ચૂંટણીમાં નાગરિકો મતદાર હોતા નથી પણ નાગરિકોએ જેમને ચૂંટ્યા છે એ સાંસદો અને ધારાસભ્યો તેના મતદાર હોય છે. દરેક મતનું સ્થાનિક વસ્તી અને સંખ્યાના આધારે મૂલ્ય નક્કી થાય છે.. અને તેનો કુલ સરવાળો કરીને પરિણામ જાહેર થાય. પણ ચૂંટણી થાય તો..!

સામાન્ય રીતે રાષ્ટ્રપતિપદની વરણી સર્વાનુમતે થાય છે. પણ વર્તમાન સરકારની વિરોધપક્ષ અને ખાસ કરીને કોંગ્રેસ સાથેની ખારાશને જોતાં કોંગ્રેસ અન્ય સાથીપક્ષોનો સાથ લઈને પોતાનો ઉમેદવાર ઉભો રાખી શકે અને ભાજપ કે એનડીએ સરકારના ઉમેદવારને સર્વાનુમતે ચૂંટાવા ન પણ દે. કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધીએ શરદ પવાર સહિતના નેતાઓનો સંપર્ક શરૂ કર્યો છે. અને જો તેઓ પોતાનો ઉમેદવાર નક્કી કરીને મેદાનમાં ઉતારશે તો 18 જુલાઈના રોડ ચૂંટણી યોજવી પડે.

કૌન બનેગા રાષ્ટ્રપતિ...ની દોડમાં આપ પાર્ટીના મનિષ સિસોદિયા (તેમની હજુ ધરપકડ થઈ નથી તે સારૂ જ છે, નહીંતર આપ પાર્ટીના એક પછી એક ધારાસભ્યો..) એ ટ્વીટ કરીને સૌને દોડતા કર્યા કે ભાજપ







મહામહિનના પદ માટે કેરળના રાજ્યપાલ આરિફ મોહમ્મદખાનને ઉમેદવાર બનાવે તેમ છે. આરિફ મો.ખાન મૂળ તો કોંગ્રેસી છે. કોંગ્રેસમાંથી ભાજપમાં જોડાયા અને ભાજપે તેમને રાજ્યપાલ બનાવ્યા. ખાનની પસંદગી માટે એવા તર્ક અપાયા કે નૂપુર શર્માની ધાર્મિક ટીપ્પણીના કારણે મુસ્લિમ દેશો વિફરેલા છે. તેથી તેમને એવો સંદેશો આપવા કે ભારત મુસ્લિમવિરોધી નથી, આ જુઓ અમે એક મુસ્લિમને સર્વોચ્ચપદ પર બિરાજમાન કર્યા છે...!

આરિફ મો. ખાનની ભાજપ વરણી કરશે કે કેમ તેનો હજુ ફોડ પડાયો નથી પણ તેમની પસંદગી નહીં થાય એવુ પણ સાવ નથી. બની શકે કે ભારતના અને વિદેશના મુસ્લિમ સમુદાયમાં ભાજપની મુસ્લિમવિરોધી છાપને કંઈક દૂર કરવાના પ્રયાસમાં આરિફખાનનો નંબર લાગી જાય તો તે માટે તેમણે ભાજપના પૂર્વ પ્રવકતા નુપૂર શર્મા અને નવીન જિન્દાલનો આભાર માનવો પડશે...!

અન્ય ઉમેદવારોમાં કોઈ મહિલાને આવા ઉંચા પદ માટે તક મળે તો યુપીના રાજ્યપાલ આનંદીબેન પટેલનો નંબર લાગી શકે. એક તો તેઓ ભાજપના એનડીએના પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ ગણાશે અને જેમ મુસ્લિમ સમુદાયની નારાજગીનો સવાલ છે તે ગુજરાતમાં પાટીદાર સમુદાયની નારાજગી પણ દૂર થઈ શકે. આમ તો તે તેઓ પણ ભાજપમાં નારાજ હોવાનું મનાતુ હતું. કેમ કે તેમની સરકારમાં હાર્દિક પટેલને છૂટો મૂકી દેવાયો અને 14 પાટીદારોના પોલીસ ગોળીબારમાં મોતનું કલંક પાટીદાર મુખ્યમંત્રી આનંદીબેન પટેલના માથે લાગી ગયું.. તેથી તેમને મહામહિમ બનાવીને રાજી કરવાનો પ્રયાસ થઈ શકે.

ભાજપને નજીકથી ઓળખનારા રાજકિય વિશ્લેષકો માને છે કે ભાજપનું કાંઈ કહેવાય નહીં. છેક છેલ્લી ઘડીએ એવુ નામ લાવીને મૂકી દે કે સૌ કોઈને એમ લાગે- હેં...આમનો નંબર લાગ્યો રાષ્ટ્રપતિપદ માટે...?! સમય જતાં ભાજપના પત્તા ખુલતા જશે અને આ તરફ વિપક્ષો એક થઈને કોને મૂકે છે તે પણ બહાર આવશે. યુપીની ચૂંટણીઓ બાદ ખબરિયા ચેનલોએ ચલાવ્યું કે ભાજપ માયાવતીને ઉપરાષ્ટ્રપતિ અથવા રાષ્ટ્રપતિ બનાવી શકે...!

...અનુસંધાન પેજ નં. 6 પર



## પૂજા હેગડેને ફ્લાઈટમાં માઠો અનુભવ, ઈન્ડિગોએ માફી માગી

ફિલ્મ અભિનેત્રી પૂજા હેગડેને મુંબઈથી ફલાઈટમાં જતી વખતે માઠો અનુભવ થયો હતો. તેની કોશ્ચ્યુમ આસિસ્ટન્ટ સાથે ઈન્ડિગો એરલાઈન્સના એક કર્મચારી દ્વારા તોછડાઈ અને ધાકધમકીથી વાત કરવામાં આવી હોવાનો આરોપ પૂજાએ લગાવ્યો હતો.પૂજાએ સોશિયલ મીડિયા પર આ મુદ્દો ઉઠાવ્યા બાદ ઈન્ડિગો વતી સમગ્ર ઘટના અંગે માફી માગવામાં આવી હતી.

પૂજાએ એક સોશિયલ મીડિયા પોસ્ટમાં ઈન્ડિગોના એક કર્મચારીનું નામ લઈને આક્ષેપ કર્યો હતો કે તેણે બહુ ઉદ્ધત અને ઘમંડી વર્તાવ કર્યો હતો અને ધમકી પણ આપી હતી. પૂજાએ કહ્યું હતું કે સામાન્ય રીતે પોતે આવા બનાવ અંગે સોશિયલ મીડિયા પર કશું લખતી નથી પરંતુ આ વખતે તેને ખરેખર આઘાત લાગ્યો છે.

એ પછી ઈન્ડિગો વતી પૂજાની માફી માગવામાં આવી હતી અને તેને કંપનીનો વ્યક્તિગત સંપર્ક સાધવા જણાવાયું હતું. પૂજાએ તેના જવાબમાં લખ્યું હતું કે માફી માગવી હોય તો મારા કોશ્ચ્યુમ આસિસ્ટન્સની માફી માગવી જોઈએ તેની સાથે ગેરવર્તન થયું છે. કોઈ ક્યાંથી આવે છે તેનો ખ્યાલ રાખ્યા વિના સૌ સાથે એકસમાન વ્યવહાર થવો જોઈએ. પૂજા અને કંપની વચ્ચેના કમ્યુનિકેશન પરથી એવો ખ્યાલ આવે છે કે પૂજાની સાથેના કોશ્ચ્યુમ આસિસ્ટન્ટનાં પર્સને ઈન કેબિન બૅગેજ ગણવા બાબતે કોઈ વિવાદ થયો હશે.



## ફિલ્મમાં ખાખી વર્દીમાં કેર વર્તાવનારી એક્ટ્રેસે બિકીની પહેરીને મચાવી ધમાલ, તસવીરો વાયરલ

'ધ ફેમિલી મેન' એક્ટ્રેસ શ્રેયા ધનવંતરીને ભલે સોશ્યલ મીડિયા પર વધારે લોકો ફોલો ના કરતા હોય, પરંતુ હાલના સમયે એક્ટ્રેસની કેટલીક તસવીરોએ સોશ્યલ મીડિયા પર આગ લગાવી દીધી છે. એક્ટ્રેસ આજકાલ વેકેશન એન્જૉય કરી રહી છે. દરિયાના બીચ પર બિકીનીમાં એક્ટ્રેસે પહેલીવાર હૉટ અદાઓ ફેન્સને બતાવી છે.


ધ ફેમિલી મેનમાં પોલીસવાળી બનીને દમદાર કેરેક્ટર પ્લે કરનારી એક્ટ્રેસને બિકીનીમાં જોઇને ફેન્સ પણ ચોંક્યા છે. શ્રેયા ધનવંતરીની આ બિકીની આ તસવીરો સોશ્યલ મીડિયા પર તાબડતોડ વાયરલ થઈ રહી છે. શ્રેયા ધનવંતરીની હૉટ તસવીરો અને પૉઝ જોઈને ફેન્સના હોશ ઉડી ગયા છે. આ તસવીરોમાં શ્રેયા ધનવંતરી બ્રાઉન કલર બિકીનીમાં કેર વર્તાવી રહી છે.



## સલમાન સાયકલિંગ કરવા નીકળે ત્યારે તેની હત્યા કરવાનું પ્લાનિંગ કરાયુ હતું

પંજાબી સિંગર સિધ્ધુ મૂસેવાલાના હત્યાકાંડની તપાસ કરી રહેલી એજન્સીઓના અધિકારીઓને કેટલીક વિસ્ફોટક જાણકારી મળી છે. મીડિયા રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે, મૂસેવાલા મર્ડર કેસમાં જેના પર શંકા છે તે ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈએ બોલીવૂડ સ્ટાર સલમાન ખાનની હત્યા માટે એક શાર્પ શૂટરને નાનકડી બંદુક સાથે મુંબઈ મોકલ્યો હતો. બંદુકને હોકી સ્ટિક મુકવા માટેના ખોખામાં છુપાવવામાં આવી હતી. આ પહેલા લોરેન્સે સલમાન ખાનના ઘરની રેકી કરી હતી.તેને ખબર હતી કે, સવારે સલમાન ખાન સાયકલ ચલાવવા માટે નિકળે છે ત્યારે તેની સાથે સિક્યુરિટી નથી હોતી અને તે દરમિયાન સલમાનની હત્યાનુ પ્લાનિંગ કરાયુ હતુ. જોકે જે દિવસે શાર્પ શૂટર સલમાન પર હુમલો કરવાનો હતો તે દિવસે મુંબઈ પોલીસની એક ટીમ સલમાનના ઘરની બહાર તૈનાત હતી અને સલમાનની સાથે જ રહી હતી. કારણકે સલમાનને એક પબ્લિક ઈવેન્ટમાં સામેલ થવાનુ હતુ.પોલીસની હાજરીના કારણે બિશ્નોઈએ મોકલેલો શાર્પ શૂટર સલમાન પર હુમલો કરી શક્યો નહોતો.

## સિદ્ધાર્થ અને કિયારા વચ્ચે કરણ જોહરે પેચ-અપ કરાવ્યું



સિદ્ધાર્થ મલ્હોત્રા અને કિયારા અડવાણી વચ્ચે કરણ જોહરે પેચઅપ કરાવ્યું છે. આ પ્રેમીપંખીડા વચ્ચેનો અણબનાવ તેને પસંદ આવ્યો નહોતો અને બન્નેને ફરી એક વખત સાથે કરવામાં તેના પ્રયાસ સફળ થયા હતા.

કરણ જોહર કિયારા અને સિદ્ધાર્થ બંનેની બહુ નજીક છે. આથી આ યુગલ અલગ થઈ રહ્યું હોવાની વાતથી તેને બહુ દુઃખ થયું હતું. તેણે બંનેને સમજાવ્યાં હતાં. ઉલ્લેખનીય છે કે કરણ જોહરની બર્થ ડે પાર્ટીમાં જ કિયારા અને સિદ્ધાર્થ અગાઉની જેમ હાથમાં હાથ મેળવીને દેખાયાં હતાં. એક બ્રેક બાદ હવે તેમનું બોન્ડિંગ વધારે મજબૂત થઈ ગયું છે. હાલ બન્ને જણા પોતપોતાના કમિટમેન્ટમાં વ્યસ્ત છે જે પૂરા થતાં જ બન્ને વેકેશન પર જવાના છે. હાલ બંને પોતપોતાની કેરિયરમાં વ્યસ્ત છે. પરંતુ તેમના ફેન્સ હવે તેઓ વહેલી તકે મેરેજ કરી લે તેવી આશા સેવી રહ્યા છે.


સિદ્ધાર્થ મલ્હોત્રા હાલ રોહિત શેટ્ટીની વેબ સીરીઝ પુલિસ ફોર્સનું શૂટિંગ કરી રહ્યો છે. આ પછી તે મિશન મજનૂ અને થેન્ક ગોડ નામની ફિલ્મમાં જોવા મળશે. જ્યારે કિયારા પોતાની આવનારી ફિલ્મ જુગ જુગ જિયોના પ્રમોશનમાં વ્યસ્ત છે. તેમજ તેની રીલિઝ થયેલી ફિલ્મ ભૂલ ભૂલૈયા ટુની સફળતાનો આનંદ માણી રહી છે.

## 'NCBએ મને ઈન્ટરનેશનલ ડ્રગી બનાવ્યો, શું હું આના લાયક હતો'?

સુપર સ્ટાર શાહરુખ ખાનના દિકરા આર્યન ખાન પર થયેલા ડ્રગ કેસ બાદ અને ક્લીન ચીટ મળ્યા બાદ તે સમગ્ર ઘટનાથી બહાર આવી ચુક્યો છે. જ્યારે 2 ઓક્ટોબર 2021 ના આર્યનને એન.સી.બીએ ડ્રગ્સના કેસમાં પકડ્યો ત્યારે ડ્રગ્સના મુદ્દે શાહરુખ ખાન અને તેના પરિવારે કોઈપણ વિવાદીત વાત મીડિયા સમક્ષ કરી ન હતી.

જોકે, આ મુદ્દે NCBના ડિપ્યુટી ડિરેક્ટર જનરલ સંજય સિંહે એક ઈન્ટરવ્યુમાં આર્યન ખાનના નિવેદન અંગે ખુલાસો કર્યો હતો. જેમાં સંજય સિંહે જણાવ્યુ હતુ કે, તેઓ ડ્રગ્સ કેસમાં આર્યન ખાન સાથે વાત કરવા ગયા ત્યારે સ્ટાર કિડે બેજીજક ડ્રગ્સ વિશે તેમની સાથે વાત કરી હતી અને કહ્યું હતુ કે, શુ તેઓ આ લાયક હતા?

આર્યને તેમને કહ્યું કે "સર તમે મને ઈન્ટરનેશનલ ડ્રગ્સ તસ્કર બનાવી દિધો છે. હું ડ્રગ્સમાં પૈસા લગાવુ છુ શુ તે આરોપો ખોટા નથી? તેમને મારી પાસેથી કોઈપણ ડ્રગ્સ મળ્યુ નથી. તે છતા પણ મને પકડવામાં આવ્યો. સર, તમે મારી સાથે ખૂબ ખોટુ કર્યુ છે. જેનાથી મારા માનને તેમજ પ્રતિષ્ઠાને હાની પહોંચી છે. મને આટલા સમય સુધી કેમ જેલમાં રહેવુ પડ્યું? શુ હું ખરેખર આની લાયક છુ?" સંજય સિંહે આ અંગે બતાવ્યું કે, શાહરુખ ખાને ભીની આંખે તેમને કહ્યું કે, લોકો તેમને રાક્ષસના રુપમાં ચીત્રીત કરી રહ્યાં છે. પરંતુ આ બધી બાબતોથીજ તેઓ મજબુત થઈ રહ્યાં છે તેવુ તેવુ જણાવ્યું હતુ.



ડ્રગ્સ કેસમાં શાહરુખનના દિકરા આર્યન ખાનને NCBએ ક્લીન ચીટ આપી છે. NCBએ તેની ચાર્જશીટમાં લખ્યુ કે, આર્યનના વિરુદ્ધ કોઈપણ પુરાવા મળ્યા નથી. એટલે કે ડ્રગ્સના મુદ્દે આર્યન પાસેથી એવા કોઈપણ પુરાવા જોવા મળ્યા નથી. જેથી તેને ક્લીન ચીટ આપવામાં આવી હતી.



## એક્ટિંગ ડેબ્યુ કરવા જઈ રહી છે રિતિકની બહેન પશ્મિના રોશન

રિતિક રોશનના કાકા રાજેશ રોશનની દીકરી પશ્મિના રોશન હવે બોલિવૂડમાં એક્ટિંગ ડેબ્યુ કરવા જઈ રહી છે. 'ઈશ્ક વિશ્ક રિબાઉન્ડ' ફિલ્મમાં સંગીતકાર રાજેશ રોશનની દીકરી પશ્મિના રોશન એક્ટિંગ ડેબ્યુ કરશે. એક્ટિંગમાં કરિયરની શરૂઆત કરતા પહેલા એક્ટ્રેસ પશ્મિના રોશન નાટકોમાં એક્ટિંગ કરી ચૂકી છે.

વર્ષ 2003માં આવેલી શાહિદ કપૂરની રોમેન્ટિક ફિલ્મ 'ઈશ્ક વિશ્ક'ના આગામી પાર્ટ 'ઈશ્ક વિશ્ક રિબાઉન્ડ'નું શૂટિંગ શરૂ થઈ ગયું છે. 'ઈશ્ક વિશ્ક રિબાઉન્ડ' ફિલ્મ આગામી વર્ષે રિલીઝ થશે.

પશ્મિના રોશનનો જન્મ તારીખ 10 નવેમ્બર, 1995ના રોજ થયો અને હવે તે 27 વર્ષની થશે. પશ્મિના રોશનના પિતા રાજેશ રોશન જાણીતા સંગીતકાર છે અને પશ્મિના રોશનના ભાઈનું નામ અહેસાન રોશન છે.


પશ્મિના રોશનના પિતા રાજેશ રોશન અને રિતિક રોશનના પિતા રાકેશ રોશન ભાઈઓ છે. તે જોતાં પશ્મિના રોશન અને રિતિક રોશન ભાઈ-બહેન છે.


પશ્મિના રોશનના પિતાએ ઘણી જાણીતી બોલિવૂડ ફિલ્મોમાં મ્યુઝિક આપ્યું છે જેમાં કોઈ મિલ ગયા, કહો ના પ્યાર હે, કોયલા, કરણ અર્જુન, ખૂન ભરી માગ, કાશ, યારાના, દો ઓર દો પાંચ, કાલા પથ્થર, મિ. નટવરલાલ, દેસ પરદેસ, સ્વામિ, જુલી વગેરે છે.

પશ્મિના રોશન સોશિયલ મીડિયા પર ખૂબ જ એક્ટિવ રહે છે. તે પોતાના ગ્લેમરસ ફોટો શેર કરતી રહે છે. તેના ઘણાં ફોલોઅર્સ છે.O

### આઇ એમ એ 'ડિસ્કો ડાન્સર'...નો આજે જન્મ દિવસ...

## 'ગરીબોના અમિતાભ'થી લઈ TMCના સાંસદ અને ભાજપના નેતા સુધીની સફર





બોલિવૂડમાં 'ડિસ્કો ડાન્સર'ના નામથી લોકપ્રિય મિથુન ચક્રવર્તી 69 વર્ષના થયા છે. 16 જૂન, 1950માં કોલકાતામાં જન્મેલા મિથુનનું સાચું નામ ગૌરાંગ ચક્રવર્તી છે. મિથુન ચક્રવર્તી ફિલ્મી બેકગ્રાઉન્ડમાં આવતા નથી અને બોલિવૂડમાં તેમના કોઈ ગોડફાધર પણ નથી પરંતુ તેમણે પોતાની મહેનતથી અલગ ઓળખ બનાવી છે. મૃણાલ સેનની ફિલ્મ 'મૃગયા'થી પોતાની ફિલ્મ કારકિર્દીની શરૂઆત કરનારા મિથુન ચક્રવર્તીએ 300થી વધુ ફિલ્મોમાં કામ કર્યું છે. મિથુન ચક્રવર્તીને આજે પણ તેમની ફિલ્મોમાં કરેલા ડાન્સને આધારે યાદ કરાય છે. મિથુન ચક્રવર્તીને ત્રણ વાર રાષ્ટ્રીય પુરસ્કાર પણ મળ્યા છે. ફિલ્મ 'મૃગયા' માટે તેમને નેશનલ એવોર્ડ મળ્યો હતો.

મિથુનની ફિલ્મ 'શુકનો લંકા' પહેલી એવી બાંગ્લા ફિલ્મ હતી જે આખા દેશમાં એકસાથે રિલીઝ થઈ હતી. 'ડિસ્કો ડાન્સર' અને 'ડાન્સ ડાન્સ' જેવી ફિલ્મોથી નવી ઊંચાઈ સિદ્ધ કરનારા મિથુને અનેક મુસીબતો અને મુશ્કેલીઓ વેઠી છે. મિથુન ચક્રવર્તીનું નામ અનેક એક્ટ્રેસ સાથે જોડાયું છે. જેમાં રણજીતા, યોગીતા બાલી, સારિકા તથા શ્રીદેવી. આ બધામાં શ્રીદેવી સાથેના સંબંધો ઘણાં જ ચર્ચામાં રહ્યાં હતાં. 1984માં આવેલી ફિલ્મ 'જાગ ઉઠા ઈન્સાન'માં મિથુન-શ્રીદેવીએ પહેલી જ વાર કામ કર્યું હતું. શૂટિંગ દરમિયાન બંને વચ્ચે અફેર હોવાની વાત થવા લાગી હતી. મિથુન ચક્રવર્તીએ એક ઈન્ટરવ્યૂમાં એ વાત કબૂલી હતી કે તેમણે શ્રીદેવી સાથે સિક્રેટલી લગ્ન કર્યાં હતાં.

કેમિસ્ટ્રી ગ્રેજ્યુએટ મિથુન ચક્રવર્તી એક સમયે નક્સલી હતાં. પરિવારના દબાણને કારણે નક્સલવાદ છોડીને બોલિવૂડમાં આવ્યા હતાં. મિથુન ચક્રવર્તી મમતા બેનરજીની પાર્ટી તૃણમૂલ કૉંગ્રેસ તરફથી રાજ્યસભાના સાંસદ પણ રહી ચૂક્યા છે. 2014ની એ રાજ્યસભા ચૂંટણીમાં કૉંગ્રેસ અને લેફ્ટ પાર્ટીમાં ક્રોસ વોટિંગ થયું હતું અને તૃણમૂલ કૉંગ્રેસના વધારાના ઉમેદવાર તરીકે મિથુન ચક્રવર્તી રાજ્યસભામાં પહોંચ્યા હતા.

ગુજરાત
સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

### સરકાર માટે માથાનો દુ:ખાવો બની અમદાવાદની આ ટીપી

# અમદાવાદની TP-204માં અદાણી સહિતના મોટા ઉદ્યોગપતિઓ દ્વારા ગેરકાયદે બાંધકામનો આક્ષેપ

ગુજરાત | વંદન

અમદાવાદ 1 અમદાવાદ પશ્ચિમની બહુ ચર્ચિત ટીપી ૨૦૪ માં મોટા ઉદ્યોગપતિ , બિલ્ડરો અને અનેક નામાંકિત વ્યકિતઓના ફાર્મહાઉસો , પ્લોટો છે . જેમાંથી અનેક લોકોએ વ્યાપક અને બિન્ધાસ્ત ગેરકાયદે બાંધકામો કરી દીધા છે . એટલે સુધી કે આ ટીપી અંતર્ગત ૧૨,૬૪૭ ચોરસવારનો પ્લોટ ગાર્ડન માટે અનામત રાખેલો તેના પર જ અદાણી ગ્રૂપના ગૌતમ અદાણીએ રહેણાંકનો બંગલો બાંધી દીધો છે . પરાકાષ્ઠા તો ત્યાં છે કે , સરકારે આખી ટીપી માટે નિષ્ણાતની સમિતિ બનાવી રિપોર્ટ મંગાવેલો તે સમિતિ અન્વયે સર્વે માટે એએમસીની ટીમ અહીં પહોંચેલી તો અદાણીના સિક્યુરિટી ગાર્ડે તેમને વિગતો લેવા અંદર જ ઘૂસવા દીધા નહીં અને તો પણ સરકાર હજુ સુધી કંઈ કરી શકી નથી . કોર્પોરેશનના સત્તાવાળાઓએ પોતાના બચાવ માટે આ મોટા માથાઓને માત્ર નોટિસો આપીને જ સંતોષ માન્યો છે પરંતુ કોઈ જ નક્કર કાર્યવાહી કરી નથી . આ સંબંધમાં સરકારે નિમેલી ટેકનિકલ કમિટીએ પોતાનો રિપોર્ટ CM ને સુપરત કર્યો છે. પરંતુ જે પ્રકારે મોટાં માથાંના ગેરકાયદે બાંધકામો છે તે પરિપ્રેક્ષ્યમાં આ ટીપી કઈ રીતે ફાઈનલ કરવી તેની સરકારની મૂંઝવણ વધી છે.




**ટીપી -204માં કયા ઉદ્યોગપતિ - મોટા માથાએ કેટલુ ગેરકાયદે બાંધકામ કર્યું**

| બાંધકામ કરનારનુ નામ | ક્ષેત્રફળ | ફાઈનલ પ્લોટ ન | બાંધકામનો પ્રકાર | મંજૂરીપાત્ર બાંધકામ | ગેરકાયદે બાંધકામ |
|---|---|---|---|---|---|
| ગૌતમ અદાણી | 12647 | ------ | રહેણાક બંગલો | ------ | ------ |
| ઝવેરી એન્ડ કંપની- ભરત માંડલિયા | 9510 | ------ | રહેણાક બંગલો | 2853 | 12267 |
| ગણેશ હાઉસિંગ - દીપક પટેલ | 9045 | 603-1 | રહેણાક બંગલો | 2714 | 5500 |
| ગોયલ એન્ડ કં.ના ભાગીદાર - પ્રમોદ પોદાર | 1080 | 631-4-4 | રહેણાક બંગલો | 324 | 1860 |
| ઈન્ટાસ ફાર્માસ્યુટિકલ- રીકીન મોદી | 3062 | ------ | રહેણાક બંગલો | 919 | 2028 |
| નીરજ ચોક્સી | 1634 | ------ | રહેણાક બંગલો | 490 | 400 |
| રોક રિજન્સી હોટેલ-લો ગાર્ડન-રાજુ ભાટિયા | 1000 | 165-5-1 | રહેણાક બંગલો | 300 | 800 |
| અવિનાશ ભંડારી | 1000 | 255-4 | રહેણાક બંગલો | 300 | 660 |
| સૌમિલ પટેલ | 1000 | 165-2 | રહેણાક બંગલો | 300 | 378 |
| બાલુભાઈ અગ્રવાલ | 1821 | 514-A-28 | રહેણાક બંગલો | 546 | 1192 |
| શરદ રોમ્તા | 1080 | 631-A-5 | રહેણાક બંગલો | 324 | 2250 |
| દેવેન શાહ | 5017 | 522 | રહેણાક બંગલો | 1505 | 2106 |
| જયંતિ ઝાલા | ------ | ------ | એક્ષ્ટેન્શન | 00 | 96 |
| જીતુભાઈ પટેલ | 12383 | 376 | પાર્ટી પ્લોટ | 3715 | 831 |

# ગુજરાતમાં ચાલુ વર્ષે શ્રીકાર વરસાદની આગાહી, ખેતીને લાભ

■ હવામાન વિભાગનો વર્તારો, 104% થશે ધોધમાર વરસાદ

ગુજરાત | વંદન



હવામાન વિભાગે ગુજરાતમાં વરસાદને લઈને મહત્વની જાહેરાત કરી છે. આજે ગાંધીનગર ખાતે રાહત નિયામક સી.સી. પટેલના અધ્યક્ષ સ્થાને વેધર વોચ ગૃપની મીટીંગ યોજાઈ હતી. જેમાં IMDના અધિકારી એમ. મોહન્તીએ ચોમાસાનું ગુજરાતમાં આગમન થઈ ગયું છે તેમ જણાવતા કહ્યું કે, આગામી પાંચ દિવસમાં સમગ્ર ગુજરાતમાં હળવાથી મધ્યમ વરસાદ પડવાની સંભાવના છે. જ્યારે સમગ્ર ચોમાસા

...અનુસંધાન પાના નં.06

### કુબેરનગર ITI ખાતે લક્ષસ્કીલ એક્ષ્પો 2022નું આયોજન

# સંસ્થાના તાલીમાર્થીઓએ સ્કીલના આધારે બનાવેલા પ્રોજેક્ટ પ્રદર્શિત

ગુજરાત | વંદન



ગુજરાત સરકારના રોજગાર અને તાલીમ ખાતા દ્વારા ચલાવવામાં આવતી ઔદ્યોગિક તાલીમ સંસ્થા (ITI), કુબેરનગર, અમદાવાદ એ વોકેશનલ બેઝ્ડ સ્કિલ તાલીમ આપતી સંસ્થા છે. તેનો ઉદ્દેશ કૌશલ્ય પ્રાપ્તિ દ્વારા યુવાનોને સ્વયંપૂર્ણ અને સ્વાવલંબન થકી નિર્વાહ ચલાવવા માટે શક્તિમાન બનાવી સામાજીક પરિવર્તન લાવવાનો છે.

સંસ્થાના તાલીમાર્થીઓએ પોતાના ઈનોવેટીવ આઈડીયા દ્વારા આધુનિક ટેકનોલોજીને અનુરૂપ પ્રોજેક્ટ/ ઈનોવેટીવ મોડેલ/ચાર્ટ બનાવેલ છે. જેનાથી અને તેમના

...અનુસંધાન પાના નં.06

**સુવિધા** કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા ધોલેરા ગ્રીનફિલ્ડ ઇન્ટરનેશનલ એરપોર્ટ તૈયાર કરવામાં આવશે

# ધોલેરા માટે પ્રથમ તબક્કામાં રૂ. 1300 કરોડથી વધુનો ખર્ચ થશે

ગુજરાત | વંદન

ગુજરાત માટે આજે એક ખુશખબર મળી રહ્યા છે. રાજ્યમાં ધોલેરા ગ્રીનફિલ્ડ એરપોર્ટના વિકાસ માટે કેબિનેટે મંજૂરી આપી દીધી છે. સૂચના અને પ્રસારણમંત્રી અનુરાગ ઠાકુરે જણાવ્યું હતું કે, આ એરપોર્ટને રેલ્વે અને હાઈવે જેવી મલ્ટી મોડલ કનેક્ટિવિટી દ્વારા જોડવામાં આવશે. પ્રથમ તબક્કામાં રૂ. 1300 કરોડથી વધુનો ખર્ચ થશે.

અમદાવાદ એરપોર્ટ પર પેસેન્જરોનું ટ્રાફિક સતત વધી રહ્યું છે. હાલમાં એરપોર્ટની ક્ષમતાથી વધુ પેસેન્જરોની અવરજવર કરી રહ્યા છે. ત્યારે અમદાવાદ એરપોર્ટની ચારે બાજુ હવે જગ્યા ન હોવાથી વધારાના રન-વે સહિત તેનું વિસ્તરણ થઈ શકે તેમ નથી. આ સ્થિતિમાં અમદાવાદ સહિત રાજ્યના પેસેન્જરોની સુવિધા માટે અમદાવાદથી 80 કિલોમીટર દૂર અને ધોલેરાથી 20 કિલોમીટર દૂર કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા ધોલેરા ગ્રીનફિલ્ડ ઈન્ટરનેશનલ એરપોર્ટ તૈયાર કરવામાં આવશે. આ એરપોર્ટને કેન્દ્ર અને રાજ્ય સરકારના પર્યાવરણ સહિત તમામ વિભાગોની મંજૂરી મળી ગઈ છે.

ધોલેરા સિટી નજીક આંતરરાષ્ટ્રીય ગ્રીન ફિલ્ડ એરપોર્ટનું બાંધકામ જાન્યુઆરી 2022માં શરૂ કરવામાં આવશે અને તેનો પહેલો તબક્કો ડિસેમ્બર 2024માં પૂર્ણ કરાશે. પ્રથમ તબક્કામાં રન-વે 3200 મીટરનો બનશે જે બીજા તબક્કામાં 3800 મીટર સુધી લઈ જવાશે.

ડીઆઈએસીએલમાં એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાનો 51 ટકા, ગુજરાત સરકારનો 33 ટકા અને નેશનલ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર ડેવલપમેન્ટ એન્ડ ઈમ્પ્લિમેન્ટ ટ્રસ્ટનો 16 ટકા હિસ્સો છે. આ કંપનીને રાજ્ય સરકારે 3000 એકર જમીન લીઝ પર આપી છે.

જાણવા મળી રહ્યું છે કે ધોલેરા ઈન્ટરનેશન એરપોર્ટ પરથી 4ઈ એરક્રાફ્ટ ઉડી શકે તે માટે યોગ્ય એવો 3200 મીટર લાંબો રન-વે વિકસાવવામાં આવશે. પ્રોજેક્ટના ત્રીજા તબક્કામાં બીજો રન-વે બનાવવામાં આવશે. જ્યારે ત્રણેય તબક્કા પૂર્ણ થશે ત્યારે આ એરપોર્ટ પરથી 100 મિલિયન જેટલા મુસાફરો પ્રતિવર્ષ આવન-જાવન કરી શકશે. વિમાન પાર્કિંગ માટે 12 એપ્રોન બનાવવામાં આવશે અને 20,000 ચોરસમીટર જમીનમાં પેસેન્જર ટર્મિનલ બનશે. 3000 ચોરસમીટરથી વધુના અલગ અલગ એટીસી ટાવર સાથે કાર્ગો ટર્મિનલ પણ આ એરપોર્ટમાં બનાવવામાં આવશે.

કેન્દ્ર સરકાર દ્વારા 100 કરોડ રૂપિયાની ગ્રાન્ટનો પ્રથમ હપ્તો પણ ફાળવી દેવામાં આવ્યો છે. જેના પગલે એરપોર્ટની જગ્યાએ માટી પૂરાણ સહિતની કામગીરી શરૂ કરવામાં આવી છે. જ્યારે માટી પૂરાણ થયાના એક વર્ષ બાદ એરપોર્ટના નિર્માણની કામગીરી શરૂ કરવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત વિધાનસભામાં પણ અમદાવાદ નજીક ધોલેરા પાસે બની રહેલા ઈન્ટરનેશનલ એરપોર્ટનું કામ ચાર વર્ષે પૂર્ણ થશે તેવું સરકારે જણાવ્યું હતું. આ પ્રોજેક્ટનો સુધારેલો અંદાજીત ખર્ચ 1305 કરોડ નક્કી કરવામાં આવ્યો હતો. જો કે હજી પ્રોજેક્ટનું કામ શરૂ થઈ શક્યું નહોતું. પ્રથમ તબક્કાના ડેવલપમેન્ટના ભાગ-1 માટેની ટેન્ડરીંગ પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી.

**સમાજની 18 સંસ્થાએ એકજૂટ થઈ અનામતનો રાગ આલાપ્યો**

# પાટીદોરોની ‘પ્રમુખ’ બેઠક, સમાજના વિવિધ પ્રશ્નો અંગે ચર્ચા

ગુજરાત | વંદન


અમદાવાદના જાસપુર ખાતેના વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન પાટીદારોની મુખ્ય સંસ્થાઓના પ્રમુખોની અમદાવાદમાં બેઠક મળી હતી. જેમાં બિનઅનામત આયોગ અને નિગમમાં સમાજના પેન્ડિંગ રહેલા પ્રશ્નોના નિકાલ અંગે તાજેતરમાં પીએસઆઈની ભરતીમાં બિનઅનામત વર્ગને થયેલા અન્યાય મુદ્દે, પાટીદારો સહિત બિનઅનામત સમાજને થઈ રહેલા અન્યાય અંગે તથા સમાજની યુવતીઓના મરજી મુજબનાં લગ્નોમાં માતાપિતાની સંમતિ બાબતે ચર્ચા કરવામાં આવી હતી. ગુજરાતમાં પાટીદાર મુખ્યમંત્રી હોવા છતાં પાટીદારોના પ્રશ્નોનો નિકાલ નહીં આવતાં પાટીદારો નારાજ થયા છે.

આ ઉપરાંત પાટીદારોને 18 સંસ્થાએ એકજૂટ થઈને ફરી અનામતનો રાગ આલાપ્યો છે. જેમાં કહ્યું છે કે, પાટીદાર સમાજની અનામતની માંગણીના અનુસંધાને પાટીદાર સમાજનો સરવે કરાવવાની દિશામાં ઘટતું કરવા અમારી નમ્ર રજૂઆત છે. તેમજ પાટીદાર અનામત આંદોલન સમયે થયેલા કેસો પાછા ખેંચવા તેમજ આંદોલનના શહીદોના પરિવારજનોને નોકરી આપવાની માંગ કરી છે.




**થોડી ઈધર કી / થોડી ઉધર કી**

## અક્ષયકુમાર અને કંગના, હાથના કર્યાં હૈયે નહીં, પણ ફિલ્મે વાગે..! પૃથ્વીરાજ ધડામ.. ધાકડ ધડામ..!



**બિચારો** અક્ષય અને બિચારી ધાકડ સોરી કંગના...! આમ તો કંગના રનૌતને પંગા ગર્લ તરીકે પણ ઓળખવામાં આવે છે અને અક્ષયને ખતરોં કા ખિલાડી. પમ બન્નેની ફિલ્મો સાથે દર્શકો-પ્રેક્ષકો-ચાહકોએ એવુ કર્યું કે અક્ષય તો કદાજ ફરીથી સમ્રાટ બનવાનું પસંદ ના પણ કરે. અલબત કોઇ 50-100 કરોડ આપે તો બાલા..બાલા.. કહીને ઓફર સ્વીકારી પણ લે...

કંગનાએ બડે અરમાન સે રખા હૈ સનમ પહલા કદમ પ્યાર કી દુનિયા મેં યે પહલા કદમની જેમ ઉત્સાહિત થઈને ધાકડ ફિલ્મને માથે લઈને ફરતી હતી. વિવાદમાં રહેવા તોલ મોલ કે બોલ ના બદલે, તોડ ફોડ કે બોલની જેમ હમે આઝાદી ભીખ મેં મીલી થી, કરીના કી ફિલ્મ ફ્લોપ હો જાયેગી..સહિત ઘણુ બોલ્યું અને તે સાંભળીને લોકોએ પણ નક્કી કર્યું હોય કે પંગા ગર્લની ફિલ્મ આવવા દો એવો પાઠ ભણાવીશું કે ફરીથી આઝાદીનો ઈતિહાસના પાઠ ભણવા બેસે...અને ધાકડ થઈ ધડામ...!



સમ્રાટ પૃથ્વીરાજનો કેવો ઈતિહાસ, કોઈ ચારણ ગઢવી તેનું વર્ણન કરે તો આપણાં શરીરના રૂવાંડા ઉભા થઈ જાય અને એ ય ઘણી ખમ્મા મારા વ્હાલા શૂરવીર રાજાને..એવા ઉદગારો સરી પડે. એવા રાજાના જીવનપરથી બનેલી ફિલ્મ પણ ધાકડની ધડામ..!યે હો ક્યા રહા હૈ..આવુ કેમ...એમ કોઈ કહે તો કોઈ એમ જ કહે કે હાથના કર્યા હૈયે વાગે..બન્ને વિચારતા તો હશે જ કે યે ક્યા હુવા...કબ હુવા..ક્યોં હુવા....કૈસે હુવા..!

### મમતાદીદીએ બહતી ગંગામેં હાથ ધો ડાલે..લગે હાથ નુપૂરની સામે કેસ નોંધી નાંખ્યો..ફરી બબાલ..!

ગંગા બહ રહી હૈ...ચલો હમ ભી હાથ ધો લે..યા ઈસ બહાને દો દો હાથ હો જાય..ની અદામાં સીએમ મમતાદીદીના બંગાળમાં, ભાજપના પૂર્વ નેતા નુપૂર શર્માની સામે આઈપીસીની કલમો 153-એ, 295-એ, 298 અને 34 હેઠળ ગુનો નોંધાયો છે. તેમને 20મીએ હાજર થવા સમન્સ પણ મોકલવામાં આવ્યો.

આ અગાઉ મહારાષ્ટ્રમાં કે જ્યાં. ભાજપની સરકાર નથી ત્યાં નુપૂરની સામે ધાર્મિક ટીપ્પણી મામલે કેસ નોંધાયો. હજુ વધારે કેસો નહીં થાય એવે માની લેવાની જરૂર નથી. કેમ કે આખો મામલો રાજકારણનો મુદ્દો બની ગયો છો.નુપૂરની સામે ઉપરાઉપરી કેસો થયાં પણ હજુ તેમની ધરપકડ થઈ નથી. તેમને સુરક્ષિત સ્થાને રાખવામાં આવી હશે. તેમની સાથે જે બીજા પ્રવકતા નવીન જિન્દાલનું નામ આવ્યું તેઓ કહે છે કે પરિવાર સાથે દિલ્હીથી અન્ય સ્થળે સરુક્ષિત સ્થળે પહોંચી ગયો અથવા પહોંચાડી દેવામાં આવ્યો હશે. આ બન્ને હવે હાઈપ્રોફાઈલ મહાનુભાવ થઈ ગયા છે અને તેમને ખરોંચ પણ આવશે તો બાબા બવાલ મચ શકતા હૈ..

નૂપુરની ધરપકડ માટે ઔવેસી બુમો પાડે છે તો બીજી તરફ એક આવાજ ઐસી ભી આઇ- ઈસ્લામ કે મુતાબિક નુપૂર કો માફી દે દો. એક આવાજ ઐસી આઇ- ઉસકા સર કલમ કર દો...! સરકાર નુપૂરનો વાળ પણ વાંકો નહીં થવા દે, પછી ભલે તેમને ભાજપમાંથી હાલ દૂર કરાયા હો. પણ બંગાળમાં અને મહારાષ્ટ્રમાં તેમની સામેના કેસો તો ભાજપને ક્લીયકટ રાજકીય જ લાગે તે સ્વાભાવિક છે.ભાજપ બંગાળમાં હવે નૂપુરના મામલે દીદીને ઘેરવાનો પ્રયાસ કરશે...અને ફરીથી બંગાળની ધરતી પર ભાજપ અને ટીએમસી-દીદી વચ્ચે ટસલની ઘટનાઓ દૂર નથી.. મહારાષ્ટ્રમાં પણ આ જ મામલે ભાજપ અને શિવસેના વચ્ચે ઘર્ષણની ઘટનાઓ અખબારોના

...અનુસંધાન પાના નં.06